ISSN 2454-7697 RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

Vol No. 9 • ISSUE : 07 • Mumbai • October 2021 • PAGES 52 • PRICE : 30/-
ગુજરાતી અંગ્રેજી વર્ષ ૯ (કુલ વર્ષ ૯૩) • અંક ૦૭ • ઑક્ટોબર ૨૦૨૧ • પાનાં : ૫૨ • કિંમત રૂ. ૩૦/-



## પ્રબુદ્ધ જીવનની ગંગોત્રી


૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકાઃ ૧૯૨૯થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈનઃ ૧૯૩૨ થી ૧૯૩૩ બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈનઃ ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશનઃ ૧૯૩૯ ૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન': ૧૯૫૩

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં.



- 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે, તેમ માનવું નહીં.

વિશેષ નોંધઃ

- પ્રબુદ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ, તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનર્મુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે.
- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવાતાં લેખો શક્ય હોય તો ઓપન અને પીડીએફ બન્ને ફાઈલમાં તંત્રીના ઈમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમની વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે. જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામા સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરનાં સરનામા પર જ કરવો.


## તંત્રી મહાશયો


| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |
| ડૉ. સેજલ એમ. શાહ | (એપ્રિલ ૨૦૧૬...) |


## રજિસ્ટર્ડ ઑફિસ


શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
(પ્રબુદ્ધ જીવન)
ફોન : ૨૩૮૨૦૨૯૬
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
email: shrimjys@gmail.com


## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | શિક્ષકની નોંધપોથીમાંથી ... હું વર્ગમાં કેમ જાઉં છું ? | સેજલ શાહ | ૩ |
| ૨. | અજબ નેતા, ગજબ આદમી | કુમારપાળ દેસાઈ | ૬ |
| ૩. | ગાંધી વિચારની આજે પ્રસ્તુતતા | નરેશ વેદ | ૯ |
| ૪. | ગાંધી - નામનો તો આપણે કાયમ ઉપયોગ જ કર્યો છે ને ? | ભદ્રાયુ વછરાજાની | ૧૪ |
| ૫. | ગાંધીજીની સવિનય કાનૂન ભંગની લડત | તત્વચિંતક વી. પટેલ | ૧૫ |
| ૬. | અન ટુ ધીસ લાસ્ટ અને ગાંધીજી | મહેબૂબ દેસાઈ | ૧૭ |
| ૭. | સાહિત્યકાર ચુનીલાલ મડિયા | દીપક મહેતા | ૧૯ |
| ૮. | મહાદેવી – મા શક્તિનું પર્વ | પ્રવીણ દરજી | ૨૧ |
| ૯. | એક મહાન જૈનાચાર્યના સ્મરણનો રૂડો અવસર | આચાર્ય શ્રી વિજયશીલચન્દ્રસૂરિશ્વરજી મહારાજ | ૨૩ |
| ૧૦. | વિદ્રોહી, ક્રાંતિકારી પ્રયોગોનો પ્રખર વૃત્તાંત ગેઈલ ઓમવેટનું કાર્ય - (૧૯૪૧-૨૦૨૧) | કલ્પના કન્નબિરાન | ૨૫ |
| ૧૧. | સોનલ શુક્લ : શ્રદ્ધાંજલિ (૧૨-૭-૧૯૪૧ - ૯-૯-૨૦૨૧) | વિભૂતિ પટેલ | ૨૯ |
| ૧૨. | જ્ઞાન-સંવાદ | સુબોધી મસાલિયા | ૩૧ |
| ૧૩. | જ્ઞાન-સંવાદ - ૧૦ | પાર્વતી નેણશી ખીરાણી | ૩૨ |
| ૧૪. | શ્રી ભક્તામર સ્તોત્ર આસ્વાદ | રતન ખીમજી છાડવા | ૩૪ |
| 15. | Acharya Haribhadra | Kamini Gogri | 36 |
| ૧૬. | સર્જન સ્વાગત | સંધ્યા શાહ અને રશ્મી ભેદા | ૪૦ |
| ૧૭. | એ તો કેવો ગુજરાતી જે હો કેવળ ગુજરાતી | ઉત્કર્ષ મઝુમદાર | ૪૨ |
| 18. | Ashrav Bhavna - Inflow of Karma | Prachi Dhanvant Shah | 48 |
| ૧૯. | જો હોય મારો અંતિમ પત્ર તો... | રાધેશ્યામ શર્મા | ૫૨ |

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

દ્વારા પ્રકાશિત

# પ્રબુદ્ધ જીવન

(પ્રારંભ ઈ.સ. ૧૯૨૯થી) : માનવીય જીવનનો સંવાદ

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/- વિક્રમ સંવત ૨૦૭૭ • વીર સંવત ૨૫૪૭ • આસો સુદ-૧૧

**માનદ્ તંત્રી : ડૉ. સેજલ શાહ**

**તંત્રી સ્થાનેથી...**

## શિક્ષકની નોંધપોથીમાંથી ...

### હું વર્ગમાં કેમ જાઉં છું?

વર્ગ એ શિક્ષણ, શિક્ષક અને વિદ્યાર્થી જગતની અનોખી દુનિયા છે. એવા એક વર્ગની કલ્પના કરો જ્યાં બારીની બહાર કદંબનું વૃક્ષ દેખાતું હોય, તડકો ઋતુ પ્રમાણે પોતાનો તોર બદલી બારી વાટે પ્રવેશતો હોય અને વર્ગમાં એક આકૃતિ પ્રવેશે, તેમના પ્રવેશતા પહેલા જે કોલાહલ, શોરબકોર થતો હતો તે શાંત થઇ જાય, બધા યંત્રવત ઉભા થઇ જાય અને એ આકૃતિ સહુને બેસવાનો ઈશારો કરે અને પછી ૪૦/૪૫ મિનીટ સુધી લગાતાર બોલ્યે જાય, વચ્ચે-વચ્ચે બોર્ડ પર લખવા માટે ફરે અને ત્યારે પાછળ કેટલીક બેન્ચોમાં ચેતના જન્મે, ક્ષણ પુરતી! આ જગતમાં ભાગ્યે જ કોઈ ઘટના સંદેશની લેવડદેવડ આટલી ઝડપથી થતી હશે. છેલ્લે એક બેલની રાહ હોય ત્યારે અચાનક એ આકૃતિ બધા જ ચોપડા બંધ કરી બારીની બહાર નજર કરે, આકાશમાં ઉપરથી જતા વિમાનને આંગળી કરીને દેખાડે અને અનેક નજરો પોતપોતાના ગમતા દેશની વાટ પકડે, ત્યારે અચાનક સમગ્ર પૃથ્વીનો નકશો વર્ગમાં સમાઈ જાય અને રંગ ઉભરાતી આંખોમાં કેટલા બધા અજાણ્યા પ્રદેશો! ઘંટ વાગે છે અને શિક્ષક સહુને આવજો કહી વર્ગની બહાર નીકળે છે પણ દરેક નોટબુકમાં, દરેકના માનસપટ પર કોઈ એક આકાર અંકિત થયો હોય છે, જેના બીજ તે શિક્ષકે રોપેલા હોય છે, વર્ગની દીવાલો પર પણ કેટલા બધી કુંપળો ફૂટી હોય છે. આ રચનાકાર કોઈ જગ્યા એ સહી કર્યા વગર રોજેરોજ કેટલાયે નકશા આંકે છે અને તેને છુટ્ટા હાથે કેટલાયે બીજ વેર્યા છે આખી પૃથ્વી પર. જે અનેક વિસ્તારમાં છવાયેલા હોય છે, શિક્ષક જ્યારે પણ બહાર જાય ત્યારે તેને કોઈનેકોઈ પરિચિત ચહેરાનું સ્મિત મળતું હોય છે. બસ, આ સ્મિતને પોતાના હૃદયવાલ્વમાં ભરી જીવતો શિક્ષક, આ સ્મિત થી ગજવું ભરવા જ વર્ગમાં જાય છે.

**આ અંકના સૌજન્યદાતા**

**સ્વ. સંપતબેન દીપચંદ શાહ**

**પરિવાર હસ્તે**

**કલ્પા-હસમુખ, પુષ્પા-ભરત, આશા-દિલીપ**

**સોનલ નરેન્દ્ર**

શિક્ષક હોવું એટલે જીવવું. ઉત્તમ અધ્યાત્મની યોગિક પ્રાપ્તિ. શિક્ષક, જેને વિદ્યાર્થી બેજીજક અનુસરી શકે અનુસરવા માંગે તો. તેને ખબર હોય કે મારા શિક્ષક જે કરે છે, તે હું કરીશ તો

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૧૦૫, રૂપરાજ બિલ્ડીંગ, પહેલો માળ, ૪૯૭, એસ. વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોનઃ ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯૩
• શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. 0039201 000 20260, બેન્ક ઓફ ઈન્ડિયા FSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

કદી ખોટો નહી પડું. શિક્ષકનું ચારિત્ર્ય એટલે વાત્સલ્યસભર, શિસ્તબદ્ધ, પ્રબુદ્ધ વ્યક્તિત્વ. જેની પાસે દરેક સવાલનો જવાબ ભલે ન હોય પણ તેને જવાબ ક્યાં પથ પર મળશે તેની ખબર હોય, જેને પૃથ્વીના વૈજ્ઞાનિક અને સંવેદનાત્મક બન્ને સત્યમાં રસ હોય. જેને આપવાની મોજ ખબર હોય, જેને રોજેરોજ એક નવી વાત કરવા માટે વર્ષોના વર્ષો સંશોધન કરતા થાક ન લાગે. જે પોતે જીવતા પહેલા વિદ્યાર્થીના ચેતનને જાગૃત કરી, તેમાં જ જીવનની પ્રાપ્તિ સમજતા હોય છે.

શિક્ષક માટે વર્ગખંડ માહિતી પહોંચાડવાની જગ્યા નથી, એ તો વાવેતરની જગ્યા છે, જ્યાં રોજેરોજ વાવણી થાય. અને એ માટે શિક્ષકે પોતાને સક્ષમ તૈયાર કરવા પડે. મોટાભાગનો સમય ગ્રંથાલયમાં વિતાવ્યા પછી લાયબ્રેરીયન પણ તમારા અસ્તિત્વથી થાકી જાય. તમારી જીજ્ઞાસા અને કુતુહલતા, તેમના ગોઠવાયેલા વિશ્વમાં ખળભળાટ મચવી દે છે, મને યાદ છે જ્યારે હું પીએચ.ડી. કરતી હતી અને મારા માર્ગદર્શક- મારા સરનું અચાનક અવસાન થયું. મારા માટે મારું સમગ્ર વિશ્વ થંભી ગયું હતું. ગુરુને સાવ કિનારે આવીને ગુમાવવા એટલે કે કિનારે પહોંચેલી મારી નૌકા, હજી કિનારાનો સ્વાદ માણે એ પહેલા જ નૌકા તૂટી ગઈ. એ દિવસે સમગ્ર વિશ્વ થંભી ગયું હતું. થોડો સમય વીતતા હિન્દી ભાષાના ખૂબ જાણીતા પ્રોફેસર અને અનુવાદક ડો. પ્રજ્ઞા શુક્લના ફોને મને મારા અધૂરા કાર્યમાં જોડી. તેમને મને જીવનમાં પ્રથમ વખત કડકાઈ અને પ્રેમનો અનુભવ સાથે કરાવ્યો. એ અવાજ અને એમના શબ્દોએ મને સંશોધનના કાર્યને પૂર્ણ કરવાની તાકાત આપી. ખૂબ મોટી બાબત એ છે કે આજ સુધી તેમને મારા પર કરેલા એ ઋણનો અહેસાસ, મને કદી કરાવ્યો નથી, શિક્ષક માત્ર પોતાના વિદ્યાર્થી માટે શિક્ષક નથી હોતા, પણ સમગ્ર સંસારના ભલા માટે શિક્ષક હોય છે. પાછા લાયબ્રેરીના ચક્કર શરુ થયા, કોલેજ પછી સીધી મુંબઈ યુનિવર્સીટીની લાયબ્રેરીમાં પહોંચી જતી અને રાતના આઠ વાગે બંધ થાય ત્યાં સુધી બેંચ ન છોડું. ઘણીવાર આખા હોલમાં એકલી હોઉં, સ્ટાફ આટા મારીને જવાનો સંકેત કરે પણ મનની ગાંઠ એવી મજબૂત કે કદી પુસ્તક કે બેંચ ન છૂટતા. કલીનાનું કેમ્પસ ખૂબ વિશાળ અને રાતના મુખ્ય દરવાજા સુધી જતા ડર પણ લાગે, જાતજાતના રાત્રિ પંખીઓના અવાજ આવે, હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થી ગઈકાલે સાપ જોયો હતો, તેવી વાત કરે અને તે દિવસે ખૂબ ડર લાગ્યો હતો, ત્યારે જેમને મેં પુસ્તક માટે સૌથી વધુ કનડ્યા હતા, તે જ ભાઈ પોતાનું બધું કામ બાજુ પર મૂકી, મોડું થતું હતું તો પણ મને ગેટ સુધી મૂકવા આવ્યા હતા, શિક્ષણ સંસ્થામાં કાર્ય કરતા સભ્યોના મૂલ્યો આથી વધુ ઓછા હોતા જ નથી. મારી કોલેજમાં શાંતારામ નામે ગ્રંથાલય-કર્મચારી હતા, જેમને પુસ્તક શોધતા કદી થાક ન લાગતો. અઢળક વિદ્યાર્થીની વચ્ચે તે પોતાના લંચ સમય દરમ્યાન મારા પુસ્તકો કાઢી રાખતા અને હું પુસ્તક મળે ત્યારે હસતી, એ જોઇને એમને હંમેશ સંતોષ થતો. આ યાત્રા શિક્ષકને સભર કરે છે અને વિદ્યાર્થી સાથે વર્ગમાં આ યાત્રાની ઉપલબ્ધિને ઉજવે છે, ત્યારે એ માત્ર એક શિક્ષકની ઉપલબ્ધિ નથી હોતી. એમની પાછળના અનેકોનેક આધારની પણ ઉપલબ્ધિ હોય છે.

શિક્ષક હોવું એટલે પોતાનામાં એક જાગૃત ચેતનાનો છોડ સદાને માટે જીવંત રાખવો. ખરેખર તો શિક્ષક શીખવતો નથી પણ તેનો વ્યવહાર શીખવે છે, શિક્ષકની એક આભા હોય છે, શિક્ષક વર્ગમાં પોતાને પામવા અને વિદ્યાર્થીને પમાડવા જાય છે. મારી આટલી વાત પરથી તમને જરૂર લાગશે કે આ ખૂબ નોબલ કહેવાતો વ્યવસાય કેમ સમાજમાં પૂરતો આદર નથી પામ્યો ! કારણ શિક્ષણના વ્યવસાયને આપણે નોકરી સાથે જોડી દીધો. એ ભલે નોકરી કહેવાય પણ એ નિષ્ઠા અને પ્રમાણિકતાનું નિરંતર કાર્ય છે. એમાં મૂલ્ય અને તર્કનું મહત્વ હોય છે, એક વ્યક્તિ એને જો માત્ર વ્યવસાયનો ભાગ સમજે તો તે શિક્ષક નથી, મારા બી.એડ.ના ટીચર સરલાબેન કહેતા આ કાર્ય બુધ્ધિ અને હૃદયની સમતુલતા સાથે નિરંતર કરવાનું હોય છે. તમે સુવો ત્યારે પણ તમારા મનમાં વર્ગમાં આવતીકાલે વિષયમાં નાવીન્ય કઈ રીતે લાવશો, તે ચાલવું જોઈએ. શિક્ષકે બે બાબત સતત ચાલુ રાખવી જોઈએ, એક સ્વ-વિકાસ અને બીજું વિદ્યાર્થી વિકાસ. ક્ષિતિજનું વિસ્તરણ નહીં થાય તો વર્ગ સંકોચિત થઇ જશે. વિષયસંતોષ અધ્યાપકને ન જ પાલવે, માત્ર સ્વ-હિત તેના જીવનમાં ન હોય. શિક્ષકનું મર્યાદિત વિશ્વ-એક પેઢી, એક યુગની શક્યતાઓને સંકોચિત કરે છે. શિક્ષકની બેજવાબદારી સમય પર ડાઘ પાડે છે, જેની અસર આવનારા સમય પર પડે છે. હું વર્ગમાં સમયના પટ પર પગલા અંકિત કરવા નથી જતી, પણ આવનારો સમય વધુ ઉપલબ્ધિવાળો બને, જેના પર કોરીપાટીના વિચારો લઈને આવેલા વિદ્યાર્થી પોતાના વિચારો, પોતાના શબ્દો અંકિત કરવાની હિમ્મત કરી શકે, આત્મ-બળ કેળવી શકે. હું વર્ગમાં બૌદ્ધિકોને વધુ બૌદ્ધિક બનાવવા કે નબળાઓને બૌદ્ધિક બનાવવા નથી જતી, એ તો મારો ભ્રમ છે. કારણ હું મારી શક્તિઓના સ્તોત્રને ચકાસવા માંગું છું, શિક્ષક જ્યાં સુધી દરેકે દરેક વિદ્યાર્થી સાથે સંવાદ નથી સાધી શકતો ત્યાં સુધી તેનો મોક્ષ નથી થતો. વર્ગમાં હું બારી

બહાર ઉગેલા ગુલમહોરના રંગો સ્વપ્ન જોતી આંખોમાં ભરવા ઈચ્છું છું. હું મને બાદ કરીને મારા વિદ્યાર્થીના અસ્તિત્વનો ભાગ બનવા ઈચ્છું છું, હું મારા વિદ્યાર્થીનો અંશ બની અન્યાય સામે તેમને લડતા શીખવું, તેમને સામાજિક જવાબદારી પ્રત્યે જાગૃત બનાવું. શિક્ષક હોવું એટલે માત્ર પોતે હોવું નહી પણ સમગ્રસંદર્ભમાં સહુ પ્રત્યે જાગૃત હોવું અને છતાં પોતાને બાદ કરતા આવડવું.

આજે પોતાના વ્હાલા સંતાનોને સ્કૂલમાં મૂકવા આવતા માતા-પિતા અભ્યાસ દ્વારા ઉચ્ચતર પ્રાપ્તિની અપેક્ષા રાખે છે. આ સંસ્થા તમને માર્કનું ગણિત આપે છે પણ તેથી વધુ આ મકાનમાં કેડી તૈયાર થાય છે, ભવિષ્યની. જેના માળી, શિક્ષકો હોય છે ત્યારે અહી બેજવાબદારી કે કપટ કે નથી ચાલતું. એક શિક્ષકની ભૂલ જ્યારે વિદ્યાર્થીને ફેલ કરે છે ત્યારે એ શિક્ષક સમાજનો ગુનેગાર બને છે અને જો તેને તે ન સમજાય, તો તેને શિક્ષક કહી ન શકાય! શિક્ષક સત્તાને તાબે નથી થતો, જેની પાસે તેજ હોય તેને શરણાગતિ નથી આવડતી, જેને લોભ હોય તેને અંતઃસત્વ સાથે લેવાદેવા નથી. શિક્ષક તેજપુંજ છે, તે મલિન થશે તો સમાજમાં ગાંઠ પડશે.

નવી શિક્ષણનીતિ આવી છે તેને સમજવાની, તેના અર્થ જાણવાની જરૂર માત્ર શિક્ષણ સંસ્થાની પૂરતી નથી, આપણે સહુએ એ જોવું, સમજવું પડશે. ભલે એનું અનુસરણ એ સંસ્થા પુરતું રહ્યું પણ એની અસર બહુ મોટા વર્ગ પર પડવાની છે. આ એક સામુહિક બદલાવની ઘટના બનશે.

શિક્ષણ પધ્ધતિને વ્યાખ્યાન અને એ પણ એકપક્ષી સંવાદ બનાવીને જે ભવિષ્યના નાગરિકોને તૈયાર કરાય છે તે પણ મોટો ગુનો છે, રીતિ-નીતિ વિચારવાનો સમય આવી ગયો છે. વિશ્લેષણ, તુલના, આંતર-વિદ્યાકીય વલણો, બહુલક્ષી દૃષ્ટિકોણ, પ્રાયોગિક પધ્ધતિ, દેશ, પ્રદેશ પ્રમાણે વિવિધ અભિગમ આ બધું જ આમેજ થશે. સ્વાવલંબી કાર્યપધ્ધતિ આવશ્યક છે. કોઈ પણ સમાજ કે રાષ્ટ્ર માટે તેની શિક્ષણપધ્ધતિ અને તેના શિક્ષકોનું ઘડતર અત્યંત મહત્વનું બળ હોય છે. શિક્ષણનું કાર્ય એ માત્ર નોકરીનો ભાગ ન જ હોઈ શકે, એ તો માત્ર નક્કી કરેલ અભ્યાસક્રમ અનુસારની માહિતી પહોચાડતા વચેટિયા બની જાય. શિક્ષણ એટલે કલા-કૌશલ-વૈચારિક સ્વાયત્તા-સર્જનાત્મક શક્તિ-વિવરણ-સંશોધન-જીજ્ઞાસા-આત્મબળ-મૂલ્યની ઓળખ-માનવતા અને એવું કઈકેટલુંયે...વર્ગમાં ભણાવા જવું એમ નહી પણ વર્ગમાં વિદ્યાર્થી સાથે ભણવા જવું, તેમને માર્ગ દેખાડતા દેખાડતા પોતે પણ રોજેરોજ નવી ચેલેન્જનો સામનો કરવો, એ શિક્ષણ.

છેલ્લા ૨૪ વર્ષથી વર્ગમાં જાઉં છું અને દરેક વખતે નક્કી કરીને જ આવું કે આજે છેલ્લી પાટલી પર બેઠેલા, વર્ગના સૌથી એકાકી વિદ્યાર્થીને મિત્ર બનાવીને જ બહાર આવીશ. વર્ગમાં જેટલું સ્વચ્છ અને પારદર્શી બની શકાય છે એવી બીજી એક પણ જગ્યા નથી.

દેશની સંકલ્પના માટે શિક્ષણની સંકલ્પનાને બને તેટલી સ્પષ્ટ કરીશું ત્યારે આ ભૂમિ ખરા અર્થમાં પવિત્ર થશે.

અસ્તુ

**ડૉ. સેજલ શાહ**
સંપર્ક : +૯૧ ૯૮૨૧૫૩૩૭૦૨
sejalshah702@gmail.com
સંપર્ક સમય : સાંજે ૪ થી ૭

**પ્રબુદ્ધ વાચકો,**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘે દાન માટે કરેલ અપીલને તમે સહુએ ખૂબ જ ઉત્તમ પ્રતિસાદ આપ્યો છે, સંઘ વતી તમારા સહુનો આભાર માનું છું. કેટલાક વાચકોએ ફોન કરીને જ્યારે જરૂર પડે ત્યારે મદદ માટે ઉભા રહેશે, એવી બાંયધારી આપે છે, તેમનો પણ આભાર. સંઘનું કાર્ય તમારા અનુદાન પર નિર્ભર છે. અને તમે સહુએ જે વિશ્વાસ દાખવ્યો છે, તે માટે તમારા સહુની ભૂરી ભૂરી અનુમોદના.

આપ સર્વને એક નમ્ર વિનંતી છે કે જ્યારે પણ આપ બેંકમાં પૈસા જમા કરાવો ત્યારે તમારા એકાઉન્ટની વિગત, તમારું સભ્ય તરીકે રજીસ્ટર નામ અને તમારી ટ્રાન્જકશનની વિગત અને તમારું સરનામું અમને મેલ અથવા વોટ્સઅપ કરો, જેથી તમને રસીદ મોકલવામાં અને તમારી વિગત બેંકની વિગત સાથે અમે મેળવી શકીએ.

ફરી એકવાર સહુનો આભાર

મેલ : shrimjys@gmail.com

ફોન નંબર : ૯૮૨૧૫૩૩૭૦૨, ૭૫૦૬૩૫૫૨૨૦

પ્રબુદ્ધ જીવન ન મળ્યું હોય તો તુરંત સંપર્ક કરોઃ
(૧) sejalshah702@gmail.com
(૨) પ્રવીણભાઈ દરજીઃ ૯૮૬૯૫૦૩૦૭૨
મેલમાં તમારો ગ્રાહક નંબર અને સરનામું જરૂર લખશો.
પ્રબુદ્ધ જીવન સામાયિકનું કાર્ય તંત્રીના નિવાસસ્થાનેથી થતું હોવાને કારણે પત્રવ્યવહાર, લેખ નીચેના સરનામે જ મોકલવા.
સરનામુંઃ ૧૦/બી, ૭૦૨, અલીકા નગર, લોખંડવાલા કોમ્પલેક્સ, આકુર્લી રોડ, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૧

# મારો અસબાબ -૬

# અજબ નેતા, ગજબ આદમી

**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

**બા**ળપણથી જ આઝાદી માટે પ્રાણની આહુતિ આપનારા શહીદોની કથાઓ જ મનમાં ગુંજતી હોય, એમાં વળી પારિવારિક વાતાવરણ અને પુસ્તકોમાંથી વાંચેલી મહાત્મા ગાંધીજીના જીવનની ઘટનાઓ ચિત્તમાં તરવરતી હતી અને એ સમયે ૧૯ વર્ષની ઉંમરે લાલબહાદુર શાસ્ત્રીને મળવાનું બન્યું. એમને જોઈને એમ લાગ્યું કે જો મહાત્મા ગાંધીજી જીવતા હોત તો જરૂર એમના આ અનુયાયીની સાદાઈ, સચ્ચાઈ અને દેશભક્તિ જોઈને પ્રસન્ન થયા હોત. કારમી ગરીબી અને અવિરત પુરુષાર્થ ખેડીને આવતો દેશનેતા જ દેશની પ્રજાની નાડ પૂરેપૂરી પારખી શકે. જનતાનો એ માનવી જનતાની વચ્ચે બેસી શકે અને હળીભળી શકે.

લાલબહાદુર શાસ્ત્રીનાં સ્મરણોની તો સતત વણઝાર ચાલે છે. કેટકેટલા પ્રસંગો અને અંગતજીવનની ઘટનામાંથી પસાર થવાનું બન્યું. એક વાર લાલબહાદુર શાસ્ત્રી નૈનીતાલના પ્રવાસમાં જુદી જુદી ફૅક્ટરીઓ જોવા ગયા હતા. એ પછી એમને એક ફૅક્ટરીની અગાશી પર લઈ જવામાં આવ્યા અને ત્યાં એક નાનકડી સભાનું આયોજન થયું હતું. એમને માટે અને એમના સાથીઓને બેસવા માટે ખુરશીઓ રાખવામાં આવી હતી અને ફૅક્ટરીના મજૂરોને માટે નીચે જાજમ પાથરી હતી. લાલબહાદુર શાસ્ત્રી ઊંચી ખુરશી પર બેસવાને બદલે મજૂરોની સાથે નીચે જાજમ પર બેસી ગયા. એમને ઊંચે ચઢીને મંચ પર બેસવાનું ક્યારેય પસંદ નહોતું. બધાની વચ્ચે બધાની સાથે જ બેસવાનું ગમતું.

**મારો 'અસબાબ'ના લેખ દ્વારા પદ્મશ્રી કુમારપાળ દેસાઈના સ્મરણોના ખજાનામાંથી અનેક રોચક પ્રસંગો મળી રહ્યા છે. લેખકના જીવનનો વિસ્તૃત પટ અને અનેક રંગોનું મેઘધનુષ છવાઈ રહ્યું છે. ચારેકોરથી વાચકોના પ્રતિભાવો ઉભરાઈ રહ્યાં છે. વાચક મિત્રો, આપના પ્રતિભાવ એ જ અમારું બળ. સર્જક અને વાચકો વચ્ચે રચાતો આ સંવાદસૂર નિરંતર વ્યક્ત થયા કરે, એ જ ભાવના. આભાર. - તંત્રીશ્રી**

બિહારના સારણ જિલ્લાના મહારાજગંજ નામના ગામના રામધન નામના ગરીબે લાલબહાદુર શાસ્ત્રી સમક્ષ પોતાની મુશ્કેલી પ્રગટ કરી. આઝાદીનો આશક રામધન બે વાર તો અંગ્રેજ શાસન દરમિયાન કારાવાસ ભોગવી ચૂક્યા હતો. એ પછી આપણા દેશની સરકારે દર મહિને સ્વાતંત્ર્યસેનાનીને સહાય કરવાની જાહેરાત કરી હતી. આ સ્વાતંત્ર્યસેનાનીને એક વાર બસો રૂપિયા મળ્યા, પરંતુ આ બસો રૂપિયા મેળવવા માટે એને સરકારી તુમારશાહીમાં ૭૫ રૂપિયાનો ખર્ચ કરવો પડતો! શાસ્ત્રીજીને આ હકીકત બનારસીદાસ ચતુર્વેદીએ એક પત્ર જણાવી, તો લાલબહાદુર શાસ્ત્રીએ તેમને તત્કાળ ઉત્તર આપ્યો કે હું બિહારના મુખ્યપ્રધાનને રામધન અંગે યોગ્ય કાર્યવાહી કરવા જાણ કરું છું. એમણે જાણ પણ કરી, પણ એક વર્ષ વીતી ગયું છતાં કશું બન્યું નહીં. આથી બનારસીદાસ ચતુર્વેદીએ શાસ્ત્રીજીને પરિસ્થિતિની જાણ કરતાં એમણે તરત જ ત્રણસો રૂપિયા રામધનને મોકલી આપ્યા અને એ પછી બિહારના મુખ્ય પ્રધાનને તાકીદ કરી કે તમે કેમ રામધનને મદદ કરતા નથી, તમારે જાણવું જોઈએ કે ખરેખર રામધને તમને મદદ કરી છે. આજે તમે આઝાદ દેશમાં જે સત્તાસ્થાને બેઠા છો, તેનું કારણ રામધન જેવા સ્વાતંત્ર્યસેનાનીઓ છે.

ક્યારેક મહિનાના છેલ્લા દિવસોમાં લાલબહાદુરને આર્થિક ભીડ પણ અનુભવવી પડતી હતી. તેઓ ભારતના ગૃહપ્રધાન હતા એ સમયે એમના પૌત્રએ સ્લેટની માગણી કરી, ત્યારે ભારતના ગૃહપ્રધાને જવાબ આપ્યો, 'બે દિવસ તું ગમે તે રીતે ચલાવી લે. પહેલી તારીખે પગાર આવતાં લાવી આપીશ.' આજે આવા પ્રધાનની કલ્પના થાય છે ખરી? અરે! એવું સ્વપ્નમાં પણ જોવા મળતું નથી! આવી જ રીતે ક્યારેક લાલબહાદુર શાસ્ત્રી લલિતાદેવીને કહેતા કે હવે બે શાકને બદલે એક શાક બનાવો, કારણ કે બે શાક પરવડે તેમ નથી.

લાલબહાદુર પર વિશાળ કુટુંબના ભરણપોષણની જવાબદારી હતી, છતાં એમની ખુમારી કે ગરિમા ક્યારેય ઓછાં થયાં નહીં. એક વાર લાલબહાદુર પોતાનું કામ પતાવીને ઘેર આવ્યા. આવતાંની સાથે જ બાળકોને ખુશખુશાલ જોયાં. બાળકો લાલબહાદુરને વીંટળાઈ વળ્યાં. એમણે સમાચાર આપ્યા કે એમના બંગલાના આગળના ભાગમાં કૂલર મૂકવાની વ્યવસ્થા થઈ રહી છે. લાલબહાદુરે

જોયું તો સરકારના જાહેર બાંધકામ ખાતાના માણસો આ કામ કરી રહ્યા હતા.

બાળકોનો આનંદ અપાર હતો, પણ લાલબહાદુર ગંભીર બની ગયા. એમણે કહ્યું, 'આપણે ત્યાં કૂલર ન હોય. આવતી કાલે સ્થાન બદલાતાં આપણે અલ્લાહાબાદના કોઈ જૂના મકાનમાં જઈને રહેવું પણ પડે. આવી આદત ખોટી. આપણા દેશમાં લાખો લોકો ધૂપ-તાપ સહન કરે ને આપણે આમ રહીએ એ સારું ન કહેવાય.' એમણે તરત જ અધિકારીને ફોન કરીને જણાવી દીધું કે એમના ઘરમાં કૂલરની કોઈ આવશ્યકતા નથી.

લાલબહાદુર ભારત સરકારના પ્રધાનપદ ધરાવતા હોવા છતાં એમની સચ્ચાઈ સંનિષ્ઠાને કારણે દિલ્હીમાં થોડો સમય ઘર વિના વસવું પડ્યું. આથી એમણે પંડિત જવાહરલાલ નહેરુના નિવાસસ્થાન 'તીનમૂર્તિ'માં જ પોતાના ડેરાતંબુ નાખ્યા. ન ખાવાનું નક્કી, ન સૂવાનું નક્કી, આથી 'તીનમૂર્તિ'ના નોકરો શાસ્ત્રીના ઓરડામાં ભોજન ઢાંકી જાય. લાલબહાદુરને પોતાને સમય મળે ત્યારે જમે. ઘણી વાર નોકરો બીજે દિવસે એમ ને એમ ઢાંકેલી થાળી જુએ. કામને આડે લાલબહાદુર જમવાનું પણ ભૂલી જાય! લાલબહાદુર સૂએ પણ આ ઓરડામાં જ. ચાર પાંચ હાથા વિનાની ખુરશીઓ એ એમની પથારી. લાઈનમાં ગોઠવીને ઉપર લંબાવે, વહેલી પડે સવાર! ચૂંટણીના દિવસો નજીક આવવા લાગ્યા, જમવા માટે આવવા-જવામાં કાર્યકરોનો સમય બગડતો, હોવાથી બધાની જમવાની વ્યવસ્થા 'તીનમૂર્તિ' બંગલામાં જ કરવામાં આવી.

એક વાર લાલબહાદુરને ભોજનમાં માખણ અને ઘી આપવામાં આવ્યાં. લાલબહાદુરે પૂછ્યું, ''શું માણખ અને ઘી બધા કાર્યકર્તાઓને આપવામાં આવ્યાં છે?''

સંચાલકે કહ્યું, ''ના, આ તો ખાસ આપના માટે વ્યવસ્થા કરવામાં આવી છે.''

લાલબહાદુરે માખણ અને ઘીનો અસ્વીકાર કરતાં કહ્યું, ''આ બરોબર નથી. કાર્યકારો અને મારી વચ્ચે કોઈ ભેદભાવ હોવો જોઈએ નહીં.''

કૉંગ્રેસને આ ચૂંટણીમાં ભવ્ય વિજય મળ્યો. આ વિજયમાં લાલબહાદુરનો મોટો હિસ્સો હતો.

ખેડૂતો ને મજૂરોના તો શાસ્ત્રીજી પ્યારા નેતા હતા. નિખાલસ હૃદય, સરળ વાણી ને સાદા પોશાકથી સહુ કોઈ શાસ્ત્રીજીને પોતાના માનતા હતા. એમણે અલ્લાહાબાદ જિલ્લાની કૉંગ્રેસ સમિતિના કાર્યકર, મંત્રી અને અધ્યક્ષ તરીકે લાંબા વખત સુધી ખેડૂતોને મજૂરોની સેવા કરી, તેમનાં સંગઠનો રચ્યાં અને તેમનામાં સ્વાતંત્ર્ય અને સેવાની ભાવના જાગૃત કરી.

૧૯૩૪-૩૫ની કૉંગ્રેસની સ્થિતિ જુદી હતી. એ સમયે કૉંગ્રેસ સમિતિ પાસે નહોતું ધન કે નહોતું વાહન. મોટેભાગે બધા ભાંગેલા-તૂટેલા એક્કા કે ઘોડાગાડીઓમાં મુસાફરી કરે. એવા સ્થળે જવાનું હોય કે જ્યાંના ખાડા, ટેકરા ને કોતરોમાં એક્કો પણ ન ચાલી શકે, આવે સમયે પગપાળા ચાલીને જવું પડતું.

શાસ્ત્રીજી અલ્લાહાબાદ જિલ્લાના કૉંગ્રેસ સમિતિના અધ્યક્ષ હતા. ખેડૂતોમાં જાગૃતિ પેદા કરવાનું કામ એમના માથે આવ્યું. શાસ્ત્રીજી વહેલી સવારે ઘેરથી નીકળી પડે, પછી ભલે ગરમીનો દિવસ હોય કે વરસતો વરસાદ હોય! ઘણી વાર તો ગોળ ને ચણા ખાઈને દિવસ પસાર કરવો પડે. ક્યારેક કોઈકની ઝૂંપડીમાં તો ક્યારેક તૂટેલી ખાટ પર રાત વિતાવવી પડે. ખાવા-પીવાની કોઈ સગવડ નહીં. એમાં વળી ધૂળિયા રસ્તા પર પગપાળા ચાલવાનું! આમ છતાં શાસ્ત્રીજીના મોં પર ક્યારેય થાક ન કળાય. ઘણી વાર એમના સાથીઓ થાકી જાય, પણ શાસ્ત્રીજીના દેશપ્રેમની અને સેવાની ભાવનાને આવી કોઈ મુશ્કેલી રોકી શકતી નહીં.

૧૯૪૬માં શાસ્ત્રીજી ઉત્તરપ્રદેશના સંસદીય મંત્રી બન્યા. આ પછી તેઓ ગઢવાલના પ્રવાસે ગયા. આ પ્રદેશ એવો કે જ્યાં ભાગ્યે જ કોઈ ઉચ્ચ અધિકારી પ્રવાસે આવે. એની મુસાફરી જ ભલભલાને થકવી દે તેવી. પણ ગઢવાલના લોકો તો શાસ્ત્રીજીના આગમનના સમાચાર સાંભળી હર્ષોન્માદ અનુભવી રહ્યા.

આ પ્રદેશમાં પહેલી જ વાર કોઈ મંત્રી આવતો હતો, અને એમાંય વળી જનતાનો પ્યારો માનવી આવતો હતો! બધા એમને સત્કારવા થનગની રહ્યા.

ઘણે સ્થળે સ્થાનિક નેતાઓ અને જનતાએ એમને માટે ભરચક કાર્યક્રમો રાખ્યા. ઘણી જગ્યાએ બેકાબૂ ભીડને લીધે કાર્યક્રમ સમયસર શરૂ ન થયા. આ સમયે ઘણો શ્રમ આપે તેવા અથવા ગુસ્સો કરાવે તેવા પ્રસંગો પણ ઉપસ્થિત થયા, પણ શાસ્ત્રીજીના ચહેરા પર અણગમાની સહેજે અસર નહીં! એ તો હંમેશાં હસતા ને હસતા. લોકોને મળતાં સઘળી અંગત ભૂલી જાય ને આગળ વધે જાય.

એક વાર જસરા શહેરથી આગળ ગામડાંઓ તરફ જીપમાં શાસ્ત્રીજી જઈ રહ્યા હતા. બંને બાજુ હર્યાંભર્યાં ખેતરોમાં ચણાના છોડ ઝૂમી રહ્યા હતા. બધાને ચણા ખાવાની ઇચ્છા થઈ. શાસ્ત્રીજીને પણ ચણા ખૂબ ભાવે. એવામાં ખેતરનો માલિક દેખાયો. બધાએ

જીપ ઊભી રાખીને એને પાસે બોલાવ્યો ને થોડા ચણા આપવા માગણી કરી.

ખેડૂત પોતાના નાનકડા નેતાને ઓળખી ગયો. એ તો ઉમંગથી ચણાનો છોડ ખેંચવા જતો હતો, એવામાં એના નાનકડા નેતા શાસ્ત્રીજીએ બૂમ પાડી, 'અરે છોડ ન તોડશો, ડાળીય ન તોડશો, માત્ર ચણાના પોપટા જ ચૂંટી આપો.'

પેલા માલિકને તો પોતાના ખેતરમાં પોતે ચોર હોય એવું લાગ્યું ! એણે સાચવીને ચણાના પોપટા ચૂંટ્યા. એના નાનકડા નેતાએ એ ભાવથી ખાધા.

લાલબહાદુર શાસ્ત્રીમાં અનોખી હાસ્યવૃત્તિ હતી. પોતાની ઓછી ઊંચાઈને કારણે એ સ્વયં ઘણી વાર પોતાની મજાક કરતા. લાલબહાદુરના જીવનની એક સૌથી મોટી ઘટના ૧૯૫૬ના નવેમ્બરમાં બની. એ સમયે લાલબહાદુર શાસ્ત્રી ભારત સરકારના રેલવે અને વાહનવ્યવહાર ખાતાના મંત્રી કાર્યરત હતા. એમને ઘણી કપરી જવાબદારીઓ હતી. રેલવેમાં બાર લાખ કર્મચારીઓ કાર્ય કરતા હતા અને રેલવે એ દેશના વાહનવ્યવહારનું એક અગત્યનું સાધન હતું. યોજનાઓ, ઉદ્યોગો અને અર્થકારણ માટે પણ રેલવેની ઘણી જરૂર હતી. આવે સમય રેલવેપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ રેલવેમાંથી ફર્સ્ટક્લાસ કાઢી નાખ્યો, સેકન્ડ ક્લાસને ફર્સ્ટક્લાસમાં ફેરવી નાખ્યો. એ સમયે રેલવેમાં ચાર 'ક્લાસ' હતા એના બદલે એમણે ફર્સ્ટ, સેકન્ડઅને થર્ડ – એમ ત્રણ ક્લાસ કર્યા. એમની ઇચ્છા તો માત્ર બે જ વર્ગ કરવાની હતી! વળી ત્રીજા વર્ગના મુસાફરો માટે રિઝર્વ બેઠકોની વ્યવસ્થા કરી. ત્રીજા વર્ગના ડબ્બામાં પંખા નખાવ્યા. રાત્રિ મુસાફરી દરમિયાન સૂવા માટેની સીટ આપી. ટ્રેનની ડાઈનિંગ કારમાં જમવાની સગવડ આપી.

ભારતના રેલવે પ્રધાન તરીકેનો કાંટાળો તાજ એમને શિરે પહેરાવવામાં આવ્યો. એ સમયે રેલવે પ્રધાન પ્રવાસે નીકળે ત્યારે સઘળી સલૂન સાથેનું પૂરેપૂરી સાહ્યબીવાળો ખાસ ડબ્બો હોય. વાઇસરૉયના સલૂનથી થોડું જ ઊતરતું હોય ! પણ લાલબહાદુરે આવું ઠાઠમાઠવાળું સલૂન છોડી દીધું. તેઓ હંમેશાં બીજા વર્ગના ડબ્બામાં થોડો ફેરફાર કરીને એમાં જ મુસાફરી કરતા.

વળી અગાઉના રેલવેપ્રધાનો પ્રવાસ દરમિયાન સરકીટ હાઉસમાં ઉતરે. આમાં માટે બધી વ્યવસ્થા હોય, પણ લાલબહાદુર રેલવેના ડબ્બામાં જ રહેવું પસંદ કરતા. ત્યાં જ આરામ કરતા, ત્યાં જ મળતા ને ત્યાં જ કામ કરતા. રેલવેપ્રધાન તો રેલવેના ડબ્બામાં જ હોય ને ! એમની આવી સાદાઈ જોઈ સહુને લાલબહાદુર પોતિકા સ્વજન જેવા લાગતા. દેશના વિભાજન બાદ રેલવેનું વિશાળ તંત્ર ધીરે ધીરે વ્યવસ્થિત થતું હતું. એન્જિનો, વેગનો, પાટાઓ વગેરે ઘણાં જૂનાં થઈ ગયાં હોવાથી એને બદલવાં જરૂરી હતાં. બીજી બાજુ ઘણી નવી માગણીઓ સામે પહોંચી વળવું રેલવેવિભાગ માટે મુશ્કેલ હતું. અછતગ્રસ્ત વિસ્તારોમાં અન્ન મોકલવાનું અને ઉદ્યોગો માટે કોલસો લાવવાનું તો કોઈ પણ સંજોગોમાં અનિવાર્ય હતું.

આવી પરિસ્થિતિમાં રેલવેના અકસ્માતો ખૂબ વધી ગયા. ટ્રેનો અનિયમિત રીતે ચાલવા લાગી. માલને લઈ જવા માટેનાં વેગનો મળવાં મુશ્કેલ બન્યાં, આથી રેલવે અકસ્માતોની પરંપરા વધી. ૧૯૫૬ના ઑગસ્ટ માસમાં મહેબૂબનગર પાસે ગમખ્વાર અકસ્માતમાં એકસો ને બાર માણસો મરી ગયા. લાલબહાદુરને આનાથી ભારે આંચકો લાગ્યો. એમણે કોઈ કર્મચારીનો દોષ ન જોતાં પોતાનો દોષ જોયો. બીજા ઉપર આળ ન ઓઢાડતાં પોતે ઓઢી લેવા તૈયાર થયા. કોઈ તપાસ સમિતિ નીમીને વાતને વિલંબમાં ન નાખી. ન કોઈ કમિશન રચ્યું. એમણે તો તરત રેલવે વિભાગના પ્રધાનપદેથી પોતાનું રાજીનામું આપ્યું, પણ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ તે સ્વીકાર્યું નહીં.

ફરી ત્રણ મહિના બાદ વળી એક કારમો અકસ્માત થયો. દક્ષિણ ભારતના અરિયાલુર ખાતે એકસો ચૌદ માણસોએ પોતાના જાન ગુમાવ્યા. લાલબહાદુરે ફરી રાજીનામું ધર્યું. વધારામાં વડાપ્રધાનને એ પણ જણાવ્યું કે હવે તેઓ વધુ સમય આ પદ પર રહેવા તૈયાર નથી. લાલબહાદુરનું રાજીનામું સ્વીકારાયું. આવા પ્રધાન એ પછી આપણા દેશે દીઠા નથી, જે બીજાની ભૂલ માટે પોતાને દોષિત માનીને સ્વયં સજા ભોગવે.

એકવાર એમના મિત્રે લાલબહાદુરને પૂછ્યું, ''એ બતાવો કે ભૂલ કોઈ કર્મચારીની હતી અને એનો અપરાધ તમે શા માટે પોતાના માથે લઈ લીધો? તમે તો જાતે જ તમારી જાતને 'ડીસમિસ'કરી.''

લાલબહાદુર હસ્યા અને જવાબ આપ્યો, ''હા, આ 'ડીસમિસ'શબ્દ સાચો છે. ખરેખર મેં મારી જાતને ડીસમિસ કરી. મને એવું લાગે છે કે મારા કાર્યમાં કોઈ ખામી હોય તો જ આવું બને અને મને મહાત્મા ગાંધીજીની એક વાત યાદ આવે છે.''

એમના મિત્રે પૂછ્યું, ''કઈ?''

''ગાંધીજીએ એકવાર કહ્યું હતું કે પ્રધાનોએ ખુરશીને જકડીને

નહીં બેસવું જોઈએ. પરંતુ એવી હળવાશથી બેસવું ઘટે કે એના પરથી ઊઠતાં સહેજે અચકાવું ન પડે. વળી ભૂલ કોઈ કરતું અને દંડ ગાંધી બાપુ પોતે ભોગવતા હતા. તો તમે જ કહો, મેં નવું શું કર્યું છે ? આ તો એ રાહબરે બતાવેલા માર્ગ પર જ હું ચાલ્યો છું.''

લાલબહાદુરની નિઃસ્વાર્થ વૃત્તિ જોઈ એમના મિત્રનું મસ્તક માનથી ઝૂકી ગયું.

પં. જવાહરલાલ નહેરુ પર આ સમયે લાલબહાદુરનું રાજીનામું નહીં સ્વીકારવા માટે એટલા બધા પત્રો ને તાર આવ્યા કે તેઓ બોલી ઊઠ્યા, ''લાલબહાદુર કેટલા બધા લોકપ્રિય છે !''

નહેરુએ લોકસભામાં લાલબહાદુર શાસ્ત્રીના રાજીનામાની જાહેરાત કરી. પં. નહેરુએ લાલબહાદુરના કાર્યને ભવ્ય અંજલિ આપી. તેમણે કહ્યું, ''મારું સદ્‌ભાગ્ય છે કે માત્ર સરકારમાં જ નહીં, પણ કૉંગ્રેસમાં મને એમના જેવો સાથી ને મિત્ર મળ્યો છે. તેઓ ઉચ્ચ વ્યક્તિવાળા, વફાદાર, ધ્યેયને વરેલા, જાગૃત આત્માવાળા અને સખત પરિશ્રમી છે. કોઈ પણ કાર્યમાં આનાથી વધારે સારો સાથી કે મિત્ર મેળવવાની કોઈ ઇચ્છા ન રાખે. અને તેઓ જાગૃત આત્મા હોવાથી જ એમને સોંપાયેલા કાર્યમાં સહેજ પણ ખામી આવતાં તેઓ અત્યંત દુઃખ અનુભવે છે. મને એમના માટે અત્યંત આદર છે. ભવિષ્યમાં એમને એક યા બીજી રીતે આપણા સાથી બનાવીશું અને તેમની સાથે મળીને કામ કરીશું.''

રાજીનામું આપ્યા પછી લાલબહાદુર શાસ્ત્રી લોકસભામાંથી બહાર નીકળ્યા, ત્યારે રેલવેપ્રધાનની મોટર હાજર હતી, પરંતુ એમણે એમાં બેસવાનો ઈન્કાર કર્યો અને બસમાં બેસીને ઘેર પહોંચ્યા. આવા તો અનેક પ્રસંગો એમના સ્વજનો, મિત્રો, રાજકીય અગ્રણીઓ અને પરિચિતો પાસેથી મળવા માંડ્યા અને પછી ૧૯૬૧ના જાન્યુઆરીથી શરૂ થયેલી લાલબહાદુર શાસ્ત્રીના જીવન વિશેની મારી જિજ્ઞાસામાંથી એટલી સામગ્રી એકઠી થઈ કે ઈ.સ. ૧૯૬૫માં એમનું એક ચરિત્ર લખવા વિચાર્યું. સ્મરણોની વણઝારને લઈને લેખનની સફર ખેડવાનું નક્કી કર્યું. (ક્રમશઃ)

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૪૦ ૧૯૯૨૫

# ગાંધી વિચારની આજે પ્રસ્તુતતા



**ડૉ. નરેશ વેદ**

**ગાં**ધીજીના જીવન અને વ્યક્તિત્વ વિશેની એક વાત ખાસ ચર્ચામાં આવી નથી. તે વાત એ છે કે ગાંધીજી કેવળ આદર્શો અને ઠાલાં સ્વપ્નાઓમાં રાચનારા ન હતા, પરંતુ down to earth રહી વિચારો અને યોજનાઓ કરનારા વ્યવહારુ વિચારક અને આયોજક હતા. આ વાતનો ખયાલ એમણે સમાજના શોધક, સેવક અને સાધકને માટે રોજિંદા જીવનના વ્યાકરણની જે વાત, યથાયોગ્ય નિર્ણય લેવા માટે તાવીજની જે વાત, અગિયાર વ્રતની જે વાત, રચનાત્મક કાર્યક્રમોની જે વાતની વિચારણા કરી એમનો અમલ કર્યો હતો, એ ઉપરથી આવે છે. એ જ રીતે એમણે સાત સામાજિક અપરાધની જે વાત કરી છે, એના ઉપરથી પણ એ જ તારણ ઉપર પહોંચાય છે કે ગાંધીજી જીવનના બધા વિષયો વિશે સમગ્ર દૃષ્ટિથી વિચાર કરતા હતા, અને એ પણ ધરતી સાથેનો નાભિનાળ સંબંધ જાળવીને વાસ્તવવાદી ધોરણે કરતા હતા.

આ લેખમાં આપણે એ બધા મુદ્દાઓનો વિચાર તો એક સાથે નહીં કરી શકીએ, પરંતુ એમાંથી એક મુદ્દાની વાત કરીશું. એ મુદ્દો છેઃ સાત સામાજિક અપરાધ વિશેનો એમનો ખ્યાલ. ગાંધીજીને મતે સમાજમા ંરહેતા આપણે સૌએ સાત સામાજિક અપરાધો ક્યા છે એ જાણીને એમનાથી દૂર રહેવું જોઈએ. એ સાત સામાજિક અપરાધો એટલે

(૧) સિધ્ધાંતહીન રાજકારણ (૨) પરિશ્રમહીન ધનોપાર્જન (૩) વિવેકહીન સુખ (૪) ચારિત્ર્યહીન શિક્ષણ (૫) સદાચારહીન વ્યવહાર (૬) સંવેદનહીન વિજ્ઞાન અને (૭) વૈરાગ્યહીન ઉપાસના.

ઝીણી નજરે જોઈએ તો આ સાત મુદ્દાઓમાં એમણે સામાજિક, આર્થિક, રાજકીય, શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને નૈતિકનાં ક્ષેત્રોમાં મનુષ્યો દ્વારા થતાં અપરાધોની વાત કરી છે. આવી વાત જીવનને જે સમગ્રલક્ષી દૃષ્ટિએ જોતાં હોય એ જ વ્યક્તિ કરી શકે, તે સમજાય તેવું છે. વળી એ પણ સમજાય છે કે આ મુદ્દાઓની છણાવટ કરીને એમણે આપણે મનુષ્ય તરીકેનો આપણો વ્યવહાર, આપણી વર્તણૂક, આપણું આચરણ કેવાં હોવા જોઈએ, તેની જ વાત કરી છે. આપણે એમના આ વિચારોને ક્રમશઃ આજના સંદર્ભમાં સમજવા પ્રયત્ન કરીએ.

**(૧) સિધ્ધાંતહીન રાજકારણ**

દુનિયાના કોઈપણ સમાજને રાજસત્તા વિના ચાલ્યું જ નથી. રાજસત્તાનું મુખ્ય કાર્ય પ્રજાના જાનમાલ, હક્કહિતોનું રક્ષણ કરવાનું અને પ્રજાકલ્યાણની પ્રવૃત્તિઓ કરવાનું છે. આ માટે રાજસત્તાની જરૂર જણાતાં સૌ પ્રથમ રાજાશાહી ઉદ્‌ભવી, પછી સરમુખ્યત્યારશાહી ઉદ્‌ભવી. પછી પ્રજાકલ્યાણ કઈ પદ્ધતિ વડે સારી રીતે થઈ શકે એ વિચારે સામ્યવાદી, સમાજવાદી, મૂડીવાદી, પ્રજાતાંત્રિક વિચારધાઓ દ્વારા રાજસત્તાઓ અમલમાં આવવા લાગી. સત્તાપ્રાપ્તિ અર્થે વિવિધ વિચારસરણીઓ ધરાવતા પક્ષો ઊભા થયા. ચૂંટણીઓ આવી અને કોઈપણ પ્રકારે સત્તા પ્રાપ્ત કરવા માટે રાજકારણ ખેલાવાનું શરૂ થયું. યેનકેન પ્રકારે રાજસત્તા પ્રાપ્ત કરવી અને એ ટકાવી રાખવા માટે ખટપટ, કાવાદાવા, તડજોડ અને પ્રપંચો શરૂ થયાં. પરિણામે રાજકારણમાં સંઘર્ષ કલહ, હત્યા, પક્ષપલટા, ઉંદડતા, અધમતા, અપરાધીકરણ વગેરે દૂષણો દાખલ થતાં ગયાં અને વધતાં ગયાં. નૈતિકતા, નૈષ્ઠિકતા, પ્રામાણિકતા, વફાદારી, સેવાવૃત્તિ જેવાં આદર્શોનો, આચારોનો, મૂલ્યોનો અને પરંપરાઓનો ધ્વંસ થતો ગયો.

ખરેખર તો રાજકારણ સિદ્ધાન્તનિષ્ઠ હોવું જોઈએ. એમાં પ્રજાની સુખાકારી અને કલ્યાણની બાબતમાં ચોક્કસ સૈદ્ધાંન્તિક ખ્યાલો, ધાર-ધોરણો હોવા જોઈએ અને એમનું પાલન પણ થતું રહેવું જોઈએ. એ સચવાતા નથી. પરિણામે હાલનું રાજકારણ વિચાર, વાણી, વર્તન વગેરે બધી બાબતોમાં હીન (અધમ) કોટિએ ઊતરતું જતું દેખાય છે. પક્ષોના ચૂંટણી ઢંઢેરાઓમાં જુઠાં વચનો વડે પ્રજાને છેતરવામાં આવે છે. ચૂંટણી પ્રચારમાં બેફામ વાણીવિલાસ કરવામાં આવે છે. રાજકારણમાં મનીપાવર અને મસલ્સપાવરનું જોર વધતું જાય છે. એમાં અનેક અપરાધોને કારણે પોલીસતંત્ર અને ન્યાયતંત્રના ચોપડે ચઢી ચૂકેલા હિસ્ટ્રીસિટરો, બુટલેગરો, ક્રિમિનલ્સ અને આઉટલોકનું વર્ચસ્વ વધતું ગયું છે. રાજકારણ સિધ્ધાંતિક મત ઉપર લડાવવું અને ચલાવવું જોઈએ, એને બદલે કોઈ પક્ષ પાસે પોતાના કોઈ સિદ્ધાન્તો જ નથી! કેવળ સ્વાર્થ અને સત્તાલાલસાના ધોરણે રાજકારણ ખેલાઈ રહ્યું છે. એના કારણે પ્રજામાં અસહાયતા, લાચારી, વિવશતા અને અવસાદનો ભાવ દિનપ્રતિદિન ઘેરો થતો જાય છે.

જ્યાં સિદ્ધાન્ત નથી ત્યાં પ્રજાકલ્યાણનો કોઈ પ્રોજેક્ટ કે રૉડમેપ નથી. છે કેવળ વૉટ, લોટ અને નોટનું ગંદુ ગોબરું રાજકારણ! આવું રાજકારણ એ મોટો સામાજિક અપરાધ છે, એમ ગાંધીજીનું કહેવું છે, એ સો ટકા સાચું છે. પ્રજાકલ્યાણ અને રાજકારણ એ સાધ્ય અને સાધન છે. સાધ્યની જેમ સાધનની પણ શુદ્ધિ હોવી જોઈએ, પણ એ નથી. જેમ હરેક વિષય ક્ષેત્રને કોઈ પાળ (limit) હોય છે, તેમ રાજકારણને પણ સિદ્ધાન્તની પાળ હોવી જોઈએ. જો એ ન હોય તો રાજકારણ કેટલી અધમ કોટિએ પતન પામતું જાય, એ હવે ક્યાં કોઈને કહેવા કે સમજાવાની જરૂર રહી છે!

**(૨) પરિશ્રમહીન ધનોપાર્જન**

માણસે પોતાના જીવનનિર્વાહ માટે ધનોપાર્જનની પ્રવૃત્તિ તો કરવી પડે. પણ એ ક્યા રસ્તે, કઈ મતિ, ગતિ અને પદ્ધતિએ વાત વધારે અગત્યની છે. જો માણસ જાત મહેનત કરી ધન કમાય તો એ સારી, સાચી રીત છે, પણ જો માણસ અન્યની સાથે બનાવટ કે છેતરપીંડી કરીને અથવા એની ઉપર સિતમ ગુજારીને કે એનું શોષણ કરીને ધનોપાર્જન કરે તો એ રીત બરાબર નથી. મુખી, તલાટી, સરપંચ કે જમીનદારો જો ખેડૂતોનું શોષણ કરીને, ધીરધાર કરનારા શાહુકારો આવા જરૂરિયાતમંદ ખેડૂતો એ શ્રમિકોને તોતીંગ વ્યાજ દર સાથે નાણાનું ધીરાણ કરે અને એમ કરીને વિના પરિશ્રમે હરામીવૃત્તિથી એ લોકો પર સિતમો ગુજારી, પોતાની આવકવૃદ્ધિ કરતા રહે, એ અપરાધ લેખાવો જોઈએ. જાત પરિશ્રમ દ્વારા આજીવિકા રળવાનો અધિકાર સૌને હોય, પણ વગર પરિશ્રમ, બીજા ઉપર જોરજુલમ કરી, શોષણ અને બળજબરી કરીને આજીવિકા રળવાનો અધિકાર કોઈને હોઈ શકે નહીં.

આપણા દેશમાં સ્થાનિક, પ્રાદેશિક અને રાષ્ટ્રીય કક્ષાએ રાજકારણના ક્ષેત્રમાં રહેલા લોકો કોઈપણ પ્રકારના નોકરી ધંધા કે ઉદ્યોગ કર્યા વિના પણ દિવસે દિવસે માલેતુજાર થતા જાય છે. એમની પાસે એ બધી ધનદોલત જાત મહેનતથી નથી આવતી બલકે ગેરકાનૂની રીતે બે નંબરી આવકથી થાય છે. જેમની પાસે ખૂટે નહીં એટલી ધનદોલત હોય એવા સંપન્નો અને જેમને બે ટંક ખાવાના પણ સાંસા હોય એવા વંચિતો-એવા બે વર્ગમાં પ્રજામાં વહેંચાતી જાય છે. હાલ દેશમાં ગરીબ વધારે ગરીબ બનતો જાય છે અને ધનિકો વધારે ધનિક બનતા જાય છે. આવી ગરીબી અને બેકારીને કારણે અસંતુષ્ટ લોકો દ્વારા મારધાડ, તોડફોડની અપરાધની પ્રવૃત્તિઓ વધતી જાય છે.

નૈતિકતાનાં ધોરણો સાચવી, શારીરિક કે બૌદ્ધિક શ્રમ કરીને

કરેલું અર્થોપાર્જન એ સાચું અને ન્યાયી છે, પણ એવા પરિશ્રમ વિના કરેલું અર્થોપાર્જન અનૈતિક, ગેરકાનૂની અને અપરાધપૂર્ણ છે, એ ગાંધીજીની વાત પૂર્ણપણે સાચી છે.

**(૩) વિવેકહીન સુખ**

સૌ સુખી થવા ઈચ્છે છે અને એવું ઈચ્છે એ સ્વાભાવિક છે. પરંતુ સુખ બે માર્ગે મેળવી શકાય છે, ભૌતિક માર્ગે અને નૈતિક માર્ગે વળી, લોકો સુખ કઈ બાબતને સમજે છે એની ઉપર પણ સુખનો આધાર રહે છે. એક સમય હતો જ્યારે લોકો પાસે ઘરનું ઘર હોય, સંયુક્ત કુટુંબમાં સૌ હેતપ્રીતીથી જોડે રહેતા હોય, ભાણેજ-ભત્રીજા એક ભાણે જમતા હોય, ઘરે ગાયનાં દૂઝાણાં હોય, ઘરે અતિથિ અભ્યાગતની આવનજાવન હોય, વારેતહેવારે ઘરમાં પર્વો ઉત્સવો આનંદથી ઉજવાતા હોય, ઘરનો સ્ત્રીવર્ગ એ નિમિત્તે ઉત્તમ વસ્ત્રાભૂષણો ધારણ કરીને મહાલતો હોય, કહ્યાગરાં સંતાનો અને શાણી વહુવારો હોય, જીવનનિર્વાહમાં કોઈ ઊણપ ન રહે એવી આવક હોય, પરિશ્રમી જીવનને કારણે શરીર નિરામય રહેતું હોય અને ગાઢ નિદ્રા મળતી હોય - આ બધી બાબતોનો સુખ માનવામાં આવતું હતું. હવે પોતાની પાસે વધુમાં વધુ ધનસંપત્તિ હોય, સુખસગવડનાં સાધનો હોય, બિમાર વડીલોના બોજ વગરનો પોતાનો નિજી નાનો પરિવાર હોય, દેશવિદેશના પ્રવાસો થઈ શકતા હોય, દુનિયાભરની વસ્તુઓ ખરીદી શકાતી હોય, તન-મનની લાલસાઓ સંતોષી શકાતી હોય, ઈચ્છા મુજબના ભોગવિલાસ ભોગવી શકાતા હોય, પાર્ટી-પર્યટનો યોજી શકાતાં હોય - એને સુખ માનવામાં આવી રહ્યું છે.

પોતે માની લીધેલી પોતાની સ્વતંત્રતા છીનવાય નહીં, પોતાની ઈચ્છા મુજબનું મનસ્વી સ્વૈરાચારી જીવન જીવી શકાય એ માટે પતિપત્ની અને એમનાં સંતાનો વચ્ચે અંટસો અને કલહો થતાં રહે છે. એક જ પરિવારના લોકો સત્તાસંપત્તિનો મોટો હિસ્સો અંકે કરવા માટે, કાં તો છૂટાછેડા માટે કોર્ટના દરવાજે દોડે છે. પોતે માની લીધેલું સુખ માનવા ભોગવવા માટે વિનય વિવેક જેવા સદ્‌ગુણો તથા સામાજિક-નૈતિક ધોરણોને નેવે મૂકવામાં આવી રહ્યાં છે.

કુટુંબ, સમાજ, ધર્મ અને રાજ્ય જેવી સંસ્થાઓ સાથેના વ્યવહારમાં જો સુખી થઈને રહેવું હોય તો વિવેકબુદ્ધિ સક્રિય રાખીને જીવવું જોઈએ. જે રીતે આજે લોકો અસંતુષ્ટ અને અકરાંતિયા થઈને વધુને વધુ ધનસંપત્તિ એકઠી કરતા રહે છે, અનિવાર્ય અને આવશ્યક ન હોય છતાં સુખસુવિધાના નામે વસ્તુઓનો સરંજામ વસવતા રહે છે, મૃગજળ સમા સુખની પાછળ આંધળી દોટ મૂકી તનમનથી બરબાદ થઈ રહ્યા છે, એનું મુખ્ય કારણ વિવેકહીન સુખપ્રાપ્તિનો ધખારો છે. સાચું સુખ ખપ પૂરતી સંપત્તિ અને સાધનસામગ્રી સાથે સાદું સરળ અને સંતોષી જીવન જીવવામાં છે, એ વાત ગાંધીજીના આ વિચારથી સમજાય છે.

**(૪) ચારિત્ર્યહીન શિક્ષણ**

જીવનમાં વ્યાવહારિક રીતે સફળ થવા માટે શિક્ષણની મનુષ્યને આવશ્યકતા રહે છે. શિક્ષણનો મૂળભૂત આદર્શ વ્યક્તિને જ્ઞાન-શીલ-વિદ્યા સંપન્ન કરવાનો હોય છે. વ્યક્તિની ખુદની અંદર રહેલી સજ્જતા, સર્જકતા એ પૂર્ણતા પ્રગટ કરવાનું ધ્યેય હોય છે. વ્યક્તિની શારીરિક, માનસિક અને વૈચારિક શક્તિઓ ખીલે તેવો તેની પાછળનો હેતુ છે. વ્યક્તિ પોતાના ઉરઅંતરની લોલુપતાઓમાંથી મુક્ત થાય, મનબુદ્ધિની નબળાઈઓમાંથી બહાર આવે, એ પોતે જીવનની ઘટનાઓ વિશે યથાયોગ્ય નિર્ણયો લઈ શકતો થાય, એવા હેતુઓ તો શિક્ષણના છે જ, પરંતુ એ બધાં કરતાં મહત્ત્વની વાત એ છે કે શિક્ષણ દ્વારા વ્યક્તિના વ્યક્તિત્વ અને ચારિત્ર્યનું ઘડતર થાય.

પરંતુ આજે આ ક્ષેત્રનાં, અન્ય જીવનક્ષેત્રોની માફક, હેતુઓ અને પ્રયોજને, મૂલ્યો અને માનદંડો બદલાઈ ચૂક્યાં છે. વ્યક્તિનું વિચારવાન, ચારિત્ર્યવાન, મનુષ્યપ્રેમી, દેશભક્ત નાગરિક તરીકેનું ઘડતર કરતાં શિક્ષણની વાત વિસરાઈ ગઈ છે. હાલ નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યલક્ષી શિક્ષણ અપાતું નથી. શિક્ષણ દ્વારા વ્યક્તિનાં મન, બુદ્ધિ અને ચિત્તની કેળવણી થાય, એ વ્યવહારુ આદર્શવાદી બને એવા શિક્ષણની અનિવાર્યતા ઊભી થઈ છે. વારેવારે નીતિશિક્ષણ અને મૂલ્યલક્ષી શિક્ષણની હિમાયતો થાય છે, ચારિત્ર્ય વિનાનું ભણતર અધૂરી કેળવણીની નિશાની છે, એવું પણ કહેવાય છે. પરંતુ વ્યક્તિના સુગ્રથિત ચારિત્ર્યનું નિર્માણ કરે એવી શિક્ષણવ્યવસ્થા ગોઠવી શકાઈ નથી.

આજે સમાજના જુદાજુદા સ્તર અને ઉંમરના લોકોમાં વિચાર, વાણી અને વર્તનમાં જે ઉદંડતા, અશિસ્ત, અનૈતિકતા, આક્રમકતા અસભ્યતાનો અનુભવ થાય છે તેનું મૂળ કારણ ચારિત્ર્યહીન શિક્ષણમાં પડેલું છે. આપણા રાષ્ટ્રીય ચારિત્ર્યમાં લાપરવાહી, બેજબાબદારીપણું તથા નિખાલસતા, પ્રામાણિકતા અને સાલસતાનો જે અભાવ દેખાય છે, તેનું કારણ પણ એ જ છે કે આપણે અન્ય રાષ્ટ્રોની માફક રાષ્ટ્રીય ચારિત્ર્યનું નિર્માણ કરે

એવી શિક્ષણ પ્રણાલી અને એવા અભ્યાસક્રમો અપનાવ્યાં નથી. આખરે રાષ્ટ્રીય ચારિત્ર્ય પ્રજાના ચારિત્ર્ય પ્રજાના ચારિત્ર્ય દ્વારા જ નિર્મિત થાય છે, એ વાત આપણે ભૂલી ગયા છીએ. અફસોસની વાત એ છે કે વ્યક્તિનું સંગીન નૈતિક ચારિત્ર્ય નિર્માણ થાય એવી શિક્ષણનીતિ, પ્રણાલી અને પાઠ્યક્રમો આપણે ઘડી શક્યાં નથી. આજે દેશમાં એને કારણે જ સુમતિની જગ્યાએ કુમતિ, નીતિની જગ્યાએ અનીતિ અને સદાચારની જગ્યાએ ભ્રષ્ટાચારની બોલબાલા દેખાય છે. ચારિત્ર્ય ઘડતર વિનાનું શિક્ષણ આપવું એ પણ સામાજિક અપરાધ છે, એ ગાંધીજીની વાતનું સત્ય આજે આપણને બરાબર સમજાય છે.

**(૫) સદાચારહીન વ્યવહાર**

જીવન એ સંબંધો અને વ્યવહારોનું જાળું છે. માણસ સમાજમાં સંબંધ બાંધ્યા, વિકસાવ્યા અને નિભાવ્યા વિના, એને વિકસાવવા અને નિભાવવા માટે પારસ્પરિક વ્યવહાર કર્યા વિના જીવી શકતો નથી. વ્યવહાર નહીં, તો જીવન નહીં, એ વાત નિશ્ચિત છે.

લોકો આપસમાં ધર્મ, અર્થ અને કામનો વ્યવહાર તો કરે છે. પણ એ વ્યવહારનો આધાર શો છે, એ વાત મહત્ત્વની છે. જો એ વ્યવહાર સ્વાર્થમૂલક ઉપયોગીતાવાદી, ચોક્કસ લાભ કે ફાયદો પ્રાપ્ત કરવા માટે ગણતરીપૂર્વકનો કામચલાઉ, ઉભડક અને ઉપરછલ્લો હોય તો જીવનમાં કેટલીય સમસ્યાઓ ઊભી થાય છે.

આજે આપણે માનવવ્યવહાર ઉપર દૃષ્ટિ કરીએ છીએ ત્યારે ખ્યાલમાં આવે છે કે એ મતલબીપણાનો ઉપરછલ્લો અને છીછરો થઈ ગયો છે. માણસ પોતાના વ્યવહારમાં સદાચારીને બદલે દુરાચારી કે ભ્રષ્ટાચારી થતો જાય છે. લાયસન્સ અને પરમિટ મેળવવા માટે લોકો લાંચ-રુશ્વત આપી કામ કઢાવતા થયા છે. જે કામ નીતિનિયમોનુસાર વ્યાજબી હોય, જે કોઈપણ પ્રકારની બક્ષિસ કે બદલાની અપેક્ષા વિના સહજતાપૂર્વક (ગ્રેસફુલ્લી) થવાં જોઈએ, એ તે રીતે થતાં નથી. ઊલટાનું સદાચારને નેવે મૂકીને વ્યવહારો થવા માંડ્યા છે. એ કારણે હાલ વ્યવહારમાં મીઠાશ, મધુરતા અને આત્મીયતા રહ્યાં નથી.

સરકારી અને વહીવટી, જાતિગત અને કોમગત, પ્રશાસનિક અને વ્યવસાયગત વ્યવહારોમાં ન્યાયધર્મને નેવે મૂકવામાં આવી રહ્યા છે. આ બધા વ્યવહારોમાં ગેરરીતીઓ અને કૌભાંડો આચરવામાં આવી રહ્યાં છે. ભ્રષ્ટાચાર વ્યવહારનો નિત્યાધાર બની રહ્યો છે. જો કે એમાં અપવાદો છે, પણ એથી સમગ્ર ચિત્ર સુધરતું નથી.

જ્યાં સુધી સદાચારયુક્ત સદવ્યવહાર હતો ત્યાં સુધી છળ કપટો ન હતાં. વસ્તુ એ વ્યવહારનો વિનિમય પ્રામાણિકતાથી થતો હતો. આજે ઊભી થઈ છે તેવી વિશ્વાસની કટોકટી ત્યારે ઊભી થઈ ન હતી. આજકાલના વ્યવહારોના અવલોકન અને અધ્યયન પછી આપણને ગાંધીજીની આ વાત-સદાચારહીન વ્યવહાર પણ એક સામાજિક અપરાધ છે તે પૂર્ણપણે યથાર્થ જણાય છે.

(૬) સંવેદનહીન વિજ્ઞાન

આપણો જમાનો વિજ્ઞાનનો છે. આ જગત અને જીવનની કોઈ બાબત આપણાથી અકળ, અગમ અને અજ્ઞેય ન રહે એ માટે વૈજ્ઞાનિકો રાતદિવસ જોયા વગર મહેનત કરી રહ્યા છે. આપણા ભૌતિક વ્યાવહારિક અને વ્યાવસાયિક જીવનની અનેક જરૂરિયાતો એણે પૂરી કરી છે. જ્યારેજ્યારે જીવનમાં કોઈ સમસ્યા ઊભી થાય છે ત્યારે ત્યારે તેને ઉકેલવાના રસ્તાઓ વિજ્ઞાને ઘણુંખરું શોધી આપ્યા છે. અનનવી અનેક શોધમોળો કરી વિજ્ઞાને આપણા જીવનમાં સુવિધા ઊભી કરનારાં એક સાધનોનો ગંજ ખડકી દીધો છે. વિજ્ઞાને ભૂમિ, જળ, અગ્નિ, વાયુ અને અવકાશના, જીવજંતુ વનસ્પતિ ઔષધિ પશુઓ, પંખીઓના સંબંધી તેમ જ મનુષ્યના શરીર ઈન્દ્રિયો મન બુદ્ધિ ચિત્ત અને અહંકાર સંબંધી, ઊર્જા-ઉદ્યોગ ધંધા ખેતી પશુપાલન, વેપારવણજ, ઈલેક્ટ્રીક, ઈલેક્ટ્રોનિક્સ સંબંઘી અનેક ક્ષેત્રોની અનેક શાખાઓમાં સંશોધનો કરી, જે તે ક્ષેત્રની અનેક સમસ્યાઓ હલ કરી આપી છે. એ બધાં ક્ષેત્રોનાં ગૂઢ રહસ્યો અને સત્યો પ્રગટ કરી આપ્યાં છે. વહેમો અને અંધશ્રદ્ધાઓમાંથી આપણને મુક્ત કર્યા છે.

પરંતુ સાથોસાથ વિજ્ઞાને જે રીતે જિવાણુ અને વિષાણુઓ પેદા કર્યાં છે. એમને મારવા માટે ઝેરી દવાઓ અને રસીઓ બનાવી છે, પશુપંખીની અનેક પ્રજાતિઓને ખતમ કરી નાખતાં રાસાયણિક ખાતરો અને પળવારમાં હરીભરી માનવસૃષ્ટિનો ખાત્મો બોલાવી શકે, એવાં ખતરનાક અણુશસ્ત્રો બનાવ્યાં છે. મનુષ્ય અને પશુઓનાં બીજનું સંકરીકરણ કરી એક નવી જાતિ પેદા કરતી જિનેટિક એન્જિનીયરીંગની શાખા વિકસાવી છે. ઉપગ્રહો, ડ્રોન અને કૅમેરાની મદદથી મનુષ્યજીવનની અંગતતા અને ખાનગીપણાને ખતમ કરી નાખ્યું છે. વિજ્ઞાનની આ પ્રગતિ બ્રેક વગરની વેગપૂર્વક દોડતી કાર જેવી થઈ ગઈ છે. એમાં ગમે ત્યારે ગંભીર અકસ્માત થવાની ભીતિ રહ્યાં કરે છે.

આ બધું એ માનવજાતની સુખાકારી અને સલામતી ખાતર કરી રહ્યું છે, એવી પ્રલોભક વાત વિસ્તારીને સંહાર અને પ્રલયની

સામગ્રી પેદા કરી રહ્યું છે. ત્યારે એમાંથી સૌ જીવો તરફની હમદર્દી અને દિલચસ્પિની વાત બાકાત થઈ ગઈ છે. વિજ્ઞાને વસ્તુલક્ષી ધોરણોને નિમિત્તે આત્મલક્ષી દૃષ્ટિ અને ભાવસંવેદનને દેશવટો આપ્યો છે. આ બધી વાત ઘણી જોખમકારક અને ભયાનક છે. જો વિજ્ઞાન સંવેદનવિહોણું હશે તો એ માનવહિત અને કલ્યાણની વાતને કેટલી સાચવી શકશે, એ પ્રશ્ન ઊઠતો રહે છે.

વિજ્ઞાન અને ટેકનોલોજીના Hyperને કારણે આજે માણસ ઈશ્વર ધર્મ, પ્રકૃતિ સમાજ અને પરિવારથી કપાઈને અળગો અને વેગળો થતો જાય છે. એ આજકાલ ઘણુંબધું કરે છે પણ છતાં એને પોતાના પ્રયત્નો અને અસ્તિત્વની વિફળતાનો અનુભવ થતો જાય છે. માણસનું નિર્માણીકરણ થતું જાય છે. વિજ્ઞાને વિરાટ યંત્રો સર્જ્યાં અને એ યંત્રોએ માણસના જીવનમાંથી પરિશ્રમ છીનવી લીધો, માણસને સંવેદનહીન, ભાવનહીન લાગણીહીન યંત્ર જેવો બનાવી દીધો છે. માણસ હતાશા અને નિરાશાની ગર્તામાં ધકેલાઈ નિરાલંબ શૂન્યતાની અનુભૂતિમાં ગળકાં ખાતો થયો છે. સાધન જ સાધ્યને ભરખી જાય એવો ખેલ મંડાણો છે.

આ બધું વૈજ્ઞાનિક વિકાસ અને માનવકલ્યાણની વાત દ્વારા થઈ રહ્યું છે, ત્યારે વિજ્ઞાન સેવક છે કે શેતાન, એ વિકાસને માર્ગે આપણને લઈ જઈ રહ્યું છે કે વિનાશને માર્ગે એવા પ્રશ્નો આજે આપણા મનમાં ઊડવા લાગ્યા છે. આવું સંવેદનહીન વિજ્ઞાન વિકસાવવું એ પણ સામાજિક અપરાધ છે, એ ગાંધીજીની વાત પૂરેપૂરી ગળે ઊતરે એવી છે. વિજ્ઞાન અને તેનો વિકાસ તો જોઈશે, પણ એનાં મૂળ કેન્દ્રમાં માનવીય સંવેદનાઓ સાચવવી પડશે, એ વાત આજ આપણને બરાબર સમજાઈ રહી છે.

**(૭) વૈરાગ્યહીન ઉપાસના**

માણસ પોતાના માનેલા ઈષ્ટ દેવ કે દેવીની ઉપાસના કરે એ સહજ સ્વાભાવિક છે. જેને આપણે આપણા જીવનમાં ઉતારવા ઈચ્છતા હોઈએ, જેનો આપણે બીજો અવતાર થઈને રહેવા ઈચ્છતા હોઈએ, એ માટે એના સાનિધ્યમાં રહીને, એમનો સહવાસ કેળવીને, એમના જેવા થવા મથવું તેને ઉપાસના કહે છે. આવા ઈષ્ટ કે ઉપાસ્ય દેવ કે દેવી મનુષી કે દૈવી, હકીકતરૂપ કે કલ્પનારૂપ, ભૂત, વર્તમાન કે ભવિષ્યકાલીન કોઈ વ્યક્તિ ગુણ કે વિચાર હોઈ શકે. એનું સતત મનન અને ચિંતન કરવું, તેની તહેનાતમાં રહેવું, તેની સેવાચાકરી કે ખિદમતમાં રહેવું, તેને ઉપાસના કહે છે.

આજે મનુષ્ય કોઈ ઈશ્વર, તેના કોઈ અવતારનો ઉપાસક થવાને બદલે રાજકારણી નેતાઓ કે નાટક સિનેમાનાં નટનટીઓનો ઉપાસક થયો છે. સ્વ-ભાવ અને સ્વ-કર્મના ઉપાસકને બદલે સત્તા એ સંપત્તિનો ઉપાસક બન્યો છે. મનુષ્યનો સ્વ-ભાવ આનંદ છે, સ્વ-ધર્મ શાંતિ છે અને સ્વ-કર્મ સ્વઉન્નયન છે, એ વાત એ વિસરી ચૂક્યા છે એટલે આત્મોદ્ધાર એનું લક્ષ્ય રહ્યું નથી. એનું લક્ષ્ય છે  સાંસારિક સુખોપભોગ, સંતતિ, સંપત્તિ, સત્તા અને પ્રતિષ્ઠા એટલે વિનય, વિવેક અને વૈરાગ્યના ભાવોને બદલે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ એ મત્સરના ભાવો મુખ્ય બન્યા છે. મુમુક્ષુતા નહીં, પણ બુભુક્ષતા એનો સ્થાયી ભાવ બન્યો છે. એટલે તે આ વિશ્વની રૂપ, સૌંદર્ય, ભોગ, વિલાસ, વૈભવની ભૌતિક ઝાકઝમાળમાં ચકાચૌંધથી જીવી રહ્યો છે. એની શોધ સુખ, શાંતિ અને આનંદની નથી, પરંતુ ભોગવિલાસમાં મહાલતા રહો એની છે. માટે એ રાગી બન્યો છે, વૈરાગી નથી. એની ઉપાસના, આમ, મૂળ તત્ત્વોને બદલે કૃતક, છદ્મવેશી, નશ્વર રંગરાગ અને મોજમસ્તીની છે.

એના પરિણામે એને એની ઉપાસનાનું અસલી ફળ પ્રાપ્ત થતું નથી. એ પોતાની કકડીને લાગતી ભૂખ અને નિરાંતની ઊંઘ ખોઈ બેઠો છે, એનું આયુષ્ય રોગગ્રસ્ત અને ટૂંકું થયું છે. કેફી નશીલા પદાર્થો અને ઉચ્છવાસથી ભરેલી સ્વચ્છંદી સેવાચારી પાર્ટીઓમાં એ ખુવાર થતો જાય છે. ઉપાસના જીવનદેવતાની હોય, અખંડ ચૈતન્યની હોય. એને બદલે એના ઈષ્ટ અને આરાધ્ય દેવો-દેવીઓ જ બદલાઈ ગયાં છે.

સાચી ઉપાસના વૈરાગ્યહીન હોઈ શકે નહીં, આ જગત અને આ જીવન તો વિકારશીલ, સ્ખલનશીલ, પતન અને પરિવર્તનોન્મુખ તેમ નશ્વર છે. નિત્ય, મુક્ત તો અંતરાત્મા છે. ઉપાસના એનામય થવાની હોય અને એ માટે વિતરાગીતા કેળવી હોય એ જરૂરી છે. બાકી વૈરાગ્યહીન ઉપાસના તો વંધ્ય છે, નિંદ્ય છે. ગાંધીજીની આ વાત પણ આજે આપણને એકદમ યથાર્થ જણાય છે.

**ઉપસંહાર**

આમ, સાત સામાજિક અપરાધનો ગાંધીજીનો ખ્યાલ મૂળગામી, બુનિયાદી છે. એમણે જ્યારે એની વાત કરી ત્યારે એ જેટલો પ્રસ્તુત હતો એટલો, બલકે એથીય વધારે આજે પ્રસ્તુત છે.

✦ ✦ ✦

સંપર્ક: ૯૮૨૧૮૭૭૩૨૭

# ગાંધી – નામનો તો આપણે કાયમ ઉપયોગ જ કર્યો છે ને?

ડૉ. ભદ્રાયુ વછરાજાની



**મ**હાત્મા ગાંધીનો વધુ એક જન્મદિવસ ગયો. ગાંધીજી નામનું એક વ્યક્તિત્વ બધી દૃષ્ટિએ બહુ આશ્ચર્ય પમાડે તેવું છે. એ હતા ત્યારે પણ અને એ નથી ત્યારે પણ ગાંધી નામનું એટલું જ મહત્ત્વ છે. તેઓ હતા ત્યારે, જે કોઈ સાથે હતા તેમણે ગાંધી-બોલનો ભરપૂર આદર કર્યો, પણ તેઓ નથી ત્યારે ગાંધી-નામનો બની શકે તેટલો લાભ ઉઠાવવાની સ્પર્ધા બરાબર ચાલી રહી છે. કૃષ્ણ અને ગાંધીજી એ બંનેને આપણે એટલી બધી ગેરસમજોના ભોગ બનાવ્યા છે કે હવે સદીઓ સુધી આવી ગેરસમજ કોઈ વિભૂતિ તત્ત્વોએ સહન નહીં કરવી પડે!!

વાત નીકળી છે અમદાવાદના સાબરમતી આશ્રમના રિનોવેશની, ફેસ લિફ્ટિંગની બ્યુટિફિકેશનની. ગાંધીનાં બોખાં દાંત વગરનાં મુખ પરનું સ્મિત એ એની સાદગી હતી. કદાચ અંગ્રેજોને જો કોઈએ વધુ અસર કરી હોય તો એ બોખા ચહેરાના સ્મિતે કરી છે. ચર્ચીલે તો કહ્યું પણ હતું કે, 'હું એમની સાથે બહુ દલીલ નહીં કરું કારણ કે મને ખાતરી છે કે એમનું બોખલું સ્મિત મને હરાવી દેશે.' એ સમય સાદગીનો સમય હતો એટલે ત્યારે જે કંઈ મળ્યું તે ગાંધીની સાદગીથી મળ્યું. ગાંધીની સાદગીની ચાડી ખાઈ રહ્યું છે, સાબરમતી આશ્રમ! ત્યાં હૃદયકુંજની જે જગ્યા છે એમાં ગાંધીજીએ નિવાસ કર્યો હતો. એના જેટલું સાદું કોઈ મહાત્માનું નિવાસસ્થાન હોય એવું જોઈને કોઈ વિદેશીઓ માનવા તૈયાર નથી.

પણ એ સમય હતો સાદગીથી બધું મેળવવાનો. એ સમય હતો સત્ય, સાદગી, સરળતા, સ્વસ્થતા જેવા શબ્દોના અછોવાના કરવાનો. હવે સમય બદલાયો છે. જગતમાં હવેનો સમય તાશીરો કરવાનો છે. એવો તાશીરો કરો, દેખાવ કરો, દંભ કરો કે એના રાજીપાથી લોકો તાળીઓ પાડે, વાહ... વાહ... કરે અને તમને માઈલેજ મળે. કદાચ આજના આ સમયને માન આપીને જ ગાંધી આશ્રમનો ફેસ લિફ્ટ કરવાનું નક્કી થયું હશે. કહે છે ગાંધી આશ્રમ હવે ફાઈવસ્ટાર બની જશે!! જોકે, હજી તો 'ભેંસ ભાગોળે ને છાળ છાગોળે' જેવું છે, પણ એનો વિરોધ શરૂ થઈ ગયો છે. જેમ કેટલાક ધાર્યું કરવા ઘડાયેલ હોય છે, તેમ કેટલાક વિરોધ કરવા જ જન્મ્યા હોય છે. સરકાર જે કરે તેનો વિરોધ કરવાનું આમ તો આપણા લોહીમાં છે. એટલે આ આખા પ્રોજેક્ટનો વિરોધ થાય તે બહુ નવું નથી અને એમાં કશું જ ખોટુય નથી, જો જાણી-સમજીને-સંવાદ કરીને પછી કરવો પડે તો વિરોધ કરવો જ જોઈએ.

પ્રશ્ન એ આવીને ઊભો રહે કે આ વિરોધ કરનારમાંથી ઘણાએ, શું ગાંધીના નામનો ઉપયોગ કરીને પોતાનાં કેટલાંય કામ પાર નથી પાડ્યા? એમણે પણ કેટલીયે વાર ગાંધીમૂલ્યોને એક બાજુ મૂકી દઈને પોતાના વિશેષ લાભો નથી મેળવ્યા શું? હવે આવા કેટલાક લોકો વિરોધ-પત્રમાં મત્તું મારે ત્યારે સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય કે, ગાંધીનો તો હંમેશાં આપણે પણ ઉપયોગ જ કર્યો છે ને? ગાંધીના ગયા પછી ગાંધીજનોએ ગાંધીના નામનો ઉપયોગ કર્યો એ અત્યારે આજના લોકો ગાંધીનો વિરોધ કરીને પોતાની પ્રખ્યાતિને દુરસ્ત કરવા માટે પણ ગાંધીનો ઉપયોગ જ કરી રહ્યા છે ને? ભેદ શું આ બંનેમાં? પહેલાંના ગાંધી સપોર્ટર્સ અને આજના કહેવાતા ગાંધી વિરોધીઓ બંનેએ ગાંધીના મૂળગત મૂલ્યોને સાચવ્યા છે એવું કોણ કહી શકશે?

એક જ વાત લો ને કે, લાંબી મોટી વયોવૃદ્ધ ઉંમર સુધી ગાંધી - નામની સંસ્થાઓમાં કે ગાંધીએ સ્થાપેલી સંસ્થાઓમાં હોદ્દા ઉપર ચીપકી રહેવું. ચોંટી રહેવું! ન પોતે કશું કરવું કે ન કોઈને કશું કરવા દેવું! સંસ્થા બંધ થાય તો કબૂલ પણ 'ગાંધી-ગાંધી' બોલીને ગાંધીના નામે આપણે જ્યાં સુધી સિધાવીએ નહીં ત્યાં સુધી ત્યાં ચોંટી રહેવાની મનોવૃત્તિવાળા ગાંધીજીના અંતે-વાસીઓ પણ ગાંધીજીનો સગવડિયો ઉપયોગ જ કરે છે ને?! હવે એ સૌ ગાંધી આશ્રમના પુનરોદ્ધાર અથવા નવીનીકરણનો વિરોધ કરે ત્યારે હસવું આવે છે. 'કથરોટ ક્યાં મોઢે કુંડાને કહે કે તારું મોં પહોળું? એ કહેવત યાદ આવી જાય છે.

માની લોકે, આજે ગાંધીજી આવીને, હાલ કાર્યરત હોય તેવી ગાંધી-સંસ્થાઓના વહીવટ અને પડતર અસ્કયામતોનો ઉપરછલ્લો કયાસ કાઢે તો?? ખરેખર બાપુ તો રડી જ પડે! સાબરમતી આશ્રમ રાષ્ટ્રના સ્વાતંત્ર-સંગ્રામનું હૃદયકુંજ છે તે બેશક એ નિર્વિવાદ પણ જ્યાં ગાંધી-મૂલ્યોનું વાવેતર કરવામાં આવ્યું હતું તે સ્થાનકોનું પાવિત્ર્ય જળવાઈ રહે તેની ચિંતા કોણ કરશે?

✦ ✦ ✦

સંપર્ક : bhadrayu2@gmail.com

# ગાંધીજીની સવિનય કાનૂન ભંગની લડત

**તત્વચિંતક વી. પટેલ**



**ગાં**ધીજીએ કહ્યું કે સવિનય સાથે કાનૂન ભંગ અથવા સવિનય સાથેનો સત્યાગ્રહ વિષે નિશ્ચિત મારો મત છે, કે એક પવિત્ર, શુદ્ધ, સાત્વિક પ્રકારની બંધારણીય ચળવળ છે, તેમાં કોઈ જાતનો અંગત સ્વાર્થ નથી, અને હોઈ શકે પણ નહીં, તેમ જ કોઈના પણ પ્રત્યે જરા પણ દ્વેષનો ભાવ પણ છૂપો કે જાહેર હોવો જોઈએ નહીં અને કોઈ પણ જાતની વેરવૃત્તિ પણ હોઈ શકે જ નહીં તો જ તે સત્ય સ્વરૂપ સત્યગ્રહ છે અથવા સવિનય કાનૂનભંગની ચળવળ છે એટલે સવિનય કાનૂનભંગ કે સત્યાગ્રહ ટોટલી અહિંસક અને પાછું પૂરેપૂરું સત્ય સ્વરૂપ જ બંને રાખવાના છે. આ મારી પાયાની શરત છે.

આમ પંચ તત્ત્વ સત્યાગ્રહમાં અને સવિનય કાનૂન ભંગમાં હોવા જ જોઈએ. એક. તે અંગત હેતુ માટે ન હોય, બે. કોઈના પ્રત્યે દ્વેષ કે વેર લેવા માટે ન હોય ત્રણ. તેમાં પૂરેપૂરું અહિંસાયુક્ત હોય. ચાર. તે પૂરેપૂરું સત્ય સ્વરૂપ જ હોવું જ જોઈએ અને પાંચ સત્યાગ્રહમાં હઠાગ્રહ, પૂર્વગ્રહ કે આત્મશ્લાધાનું બીજ હોવા જ જોઈએ જ નહીં. આ પંચ તત્ત્વ જો સત્યાગ્રહમાં અંગીકાર હોય, તો જ તે સત્યાગ્રહ છે. સવિનય કાનૂન ભંગ છે. આટલી વાત તેઓએ કરી છે.

એટલે કે સત્યાગ્રહ માત્ર ને માત્ર સમાજના હિતાર્થે જ થવો જોઈએ, તેનો સમાજના હેતુ માટે જ ઉપયોગ કરવાનો છે. જે કાનૂન દ્વારા આખા સમાજને અન્યાય થતો હોય તેવા અન્યાયના પ્રતિકાર માટે જ સત્યાગ્રહનો ઉપયોગ કરવાનો છે.

સત્યાગ્રહ કે સવિનય કાનૂન ભંગના ઉપયોગ વખતે જેની સામે સત્યાગ્રહ થતો હોય કે કાનૂન ભંગ કરવમાં આવતો હોય તેના પ્રત્યે જરા પણ સહેજપણ સત્યાગ્રહીના ચિત્તમાં દ્વેષનો અંતરનો ભાવ પણ હોવો જ જોઈએ નહીં અને તેના પ્રત્યે અંતરમાં પ્રેમ જ નીતરતો હોવો જોઈએ અને નમ્રતા નીતરતી હોવી જોઈએ અને અહંકાર નામનો પણ ન હોવો જોઈએ. આ સત્યાગ્રહની મારી શરત છે, આને જ હું અહિંસક સત્યાગ્રહ કહું છું. જ્યાં મનમાં દ્વેષ, અહંકાર, હઠાગ્રહ આવ્યો કે આગ્રહ આવ્યો ત્યાં સત્યાગ્રહ રહેવા પામતો નથી.

કોઈપણ પરિસ્થિતિમાં પોતાના અંગત સ્વાર્થ માટે કે વ્યક્તિગત પાર પાડવા અથવા આવા કોઈપણ પ્રકારનું નિમ્ન પ્રકારના કોઈપણ હેતુ માટે આવા કાનૂન ભંગની લડાઈ કે સત્યાગ્રહ કરવાનો જ નથી. એ વાતની બહુ જ સ્પષ્ટ શબ્દોમાં તેઓએ કહ્યું છે.

આમ અસહકાર સવિનયરૂપ હોવા માટે સહૃદયીમાનપૂર્વકનો સંયમશીલ તેમ જ સિદ્ધાંત આધારિત હોવો જ જોઈએ અને કદીયે તોછડાય ભર્યો કે અસ્પષ્ટ હોવો જોઈએ નહીં અને સવિનય અસહકારમાં કદીયે ધિક્કાર કે નુકસાનની ભાવના પણ થવી જોઈએ જ નહીં. સવિનય અહકાર સત્યાગ્રહ સંપૂર્ણ પણે અહિંસક જ હોવો જોઈએ. કારણ કે એનો ચાલક પોતે સખત દુઃખ ભોગવીને તેમ જ પ્રેમપૂર્વક પોતાના વિરોધીને જીતવામાં જ તેની સફળતા સમાયેલ છે.

માનવજીવનમાં સામાન્ય સહકાર અને સામાન્ય અસહકાર એ તો સામાન્ય વ્યવહારની નીતિ છે. સાચા અને ન્યાયીને સામાન્ય સહકાર જરૂર પ્રાપ્ત થાય અને અન્યાયીને સામાન્ય અસહકાર જ પ્રાપ્ત થાય એ તો સહજ છે. સમજી શકાય તેવી હકીકત છે. આમ સામાન્ય અસહકાર એ તો પુરાણી રીત છે, યુદ્ધ એ એક પ્રકારનો સામાન્ય અસહકાર જ છે, પરંતુ યુદ્ધ એ તો આસૂરી સામાન્ય અસહકાર છે. એ ભૂલવા જેવી હકીકત નથી.

ગાંધીજી સ્પષ્ટ કહે છે કે સવિનય કાનૂન ભંગ અને સત્યાગ્રહની મે જે લોકો સમક્ષ વાત રજૂ કરેલ છે, તે અસહકાર જ છે, પણ તે દૈવી સ્વરૂપનો સત્ય સ્વરૂપ અસહકાર છે સત્યાગ્રહ છે. તેમાં સત્ય અને અહિંસા બંને સામેલ છે. એમ કહેવામાં મને જરાયે સંકોચ થતો નથી, પણ પરમ આનંદની અનુભૂતિ થાય છે.

જ્યારે સામાન્ય અસહકારમાં હિંસા છે, તેમાં હાર અને જીતનો ભાવ રહેલો છે, જ્યારે અસહકાર સત્યાગ્રહમાં માત્ર ને માત્ર કુરબાની છે. ખપી જવાની અંતરની ભાવના છે અને સાથે અહિંસા છે. અને સાથે સાથે આત્મત્યાગ છે અને આત્મસમર્પણ છે. તેમાં જીત સિવાય બીજું કાંઈ જ ભાવ નથી. આ પ્રકારના મારા આવા સત્ય સ્વરૂપ અસહકારનો સત્યાગ્રહનો કોઈ વિરોધ કરી શકે તેમ

હું માનતો જ નથી. મારે કહેવું જ જોઈએ કે સત્ય સ્વરૂપ આત્મીય અહિંસામાંથી જ સત્ય નિષ્પન્ન થતું હોય છે. આમ સત્ય અને અહિંસા એક સિક્કાની બે બાજુઓ જ છે. એટલી અહિંસા અને એકલું સત્ય રહી શકે જ નહીં બંને જોડકા જ છે.

ગાંધીજી પોતાના જીવનમાં સત્ય અને અહિંસા આગ્રહ માટે સતત જાગૃત પુરુષ હતા તે સદાયે પોતાની પરમ ચેતનામાં જાગૃતતાપૂર્વક સ્થિર પુરુષ હતા. તેઓ માનતા કે માણસનું ગૌરવ આત્માની શક્તિ પ્રાપ્ત કરીને તેને આધીન રહીને જ વર્તન વ્યવહાર કરવામાં જ રહેલું છે.

તેઓએ કહ્યું કે કેટલીક વખત આત્મશક્તિને સત્યાગ્રહથી ભિન્ન ગણીને સત્યાગ્રહના વિચારને ખોટી રીતે અને બેહૂદી રીતે રજૂ કરવામાં આવે છે, આ વિષે વધુ સ્પષ્ટતા કરતાં પોતે કહે છે, કે ઘણી વખતે સત્યાગ્રહનો અર્થ ખૂબ જ ખોટી રીતે કરવામાં આવે છે અને છૂપી હિંસા એમાં સમાવિષ્ટ છે, એવું ખોટી રીતે સૂચવાય છે.

જ્યાં પણ સત્ય નથી. જ્યાં હિંસા અને અસત્ય છે. ત્યાં સમાજનું હિત નથી અને ત્યાં સત્યાગ્રહ નથી. આ વાત સમજી લેવા જેવી છે.

સત્યાગ્રહના શબ્દમાં જ ફલિત થાય છે, કે જેમાં પૂરેપૂરો સત્યનો આગ્રહ હોય તે જ સત્યાગ્રહ છે અને જ્યાં સત્ય હોય ત્યાં અહિંસા હોવાની જ કારણ કે સત્ય અને અહિંસા એક જ સિક્કાની બે બાજુઓ જ છે. એકલું સત્ય અને એકલી અહિંસા રહી શકે જ નહીં. જગતમાં હિંસા પછી તે સ્પષ્ટ સ્વરૂપની હોય કે અસ્પષ્ટ સ્વરૂપની હોય, છુપી હોય કે જાહેર હોય પછી તે વિચારમાં કે કોઈ કાર્યની હોય એ સત્યાગ્રહમાં સમાવિષ્ટ નથી અને નથી તેને ને સત્યાગ્રહને કાંઈ લાગતું જ નથી, જ્યાં હિંસા અને અસત્ય ત્યાં સત્યાગ્રહ નથી.

સત્યાગ્રહમાં પોતાના વિરોધીને પોતાએ કે એને કોઇપણ પ્રકારની કટુવાણી સત્યાગ્રહીએ કાઢવી અથવા તો સત્યાગ્રહી એ એને કોઈપણ જાતની શારીરિક કે માનસિક ઈજા પહોંચાડવી તેના મનને ઉદ્વેગમાં સ્થિર કરવું એનું બૂરું ઇચ્છવું એ સત્યગ્રહનો ભંગ છે, ત્યાં જ સત્યાગ્રહ રહેવા પામતો જ નથી, એ સત્ય સ્વરૂપ સત્યાગ્રહ નથી.

સત્યાગ્રહ હંમેશા સૌમ્ય છે. અનાક્રમક છે. આમ સત્યાગ્રહી કદી પણ કોઈપણ પરિસ્થિતિમાં કોઈની ઉપર ક્રોધ કે મલીનતા વાળી વાણી પણ ઉચ્ચારે જ નહીં. કે મલીન વૃત્તિમાંથી કાંઈ પણ તેનાથી નીપજી શકે જ નહીં. તેનું નામ સત્યાગ્રહ છે. તેની સ્પષ્ટતા ગાંધીજી પોતે જ કરી છે. જ્યાં મલીન વિચાર વાત મલીન શબ્દ સત્યાગ્રહીના ચિત્તમાંથી નીકળ્યો ત્યાં સત્યાગ્રહ નથી.

ગાંધીજી સત્યાગ્રહની વધુ સમજણ આપતા કહે છે, કે સત્યાગ્રહી પોતે સીધા સત્યાગ્રહના પગલાં લેતા પહેલાં જ બીજા બધા જ માર્ગો અજમાવી લેશે. સીધો સત્યાગ્રહમાં સત્યાગ્રહી ઊતરતો નથી. આમ તે પોતે જ અધિકારીને સતત અંતરના પ્રેમ સાથે જરા પણ તિરસ્કારના ભાવ વિના મળતો રહે છે અને જનસમુદાયને એ નિરંતર અપીલ કરતો જ રહેશે કે સંપૂર્ણ શાંતિ અને ધૈર્ય જાળવવાનું છે. આ કામ ઉતાવળે થાય તેમ નથી વિકટ છે, જરા ધીરજ રાખો.

આવી રીતે નિરંતર જનસમુદાયના વિચાર ઘડતરમાં પોતાનો અમૂલ્ય ફાળો આપતો જ રહેશે અને બધાની સમક્ષ એ શાંતિથી સ્વસ્થતાથી પ્રેમથી સત્યના આધારે પોતાના વિચારે નિરંતર રજૂ કરશે. અને આ બધું કર્યા પછી જો પ્રશ્ન ન જ ઉકેલાતો જ તે સત્યાગ્રહનો આશરો લેશે. અને તેમાં પણ જરા પણ કટુતાનો ભાવ મનમાં રાખશે જ નહીં. આનું નામ જ સત્યાગ્રહ છે. આ બાબતે ગાંધીજી વધુમાં કહે છે કે સત્યાગ્રહ અને અસહયોગ તથા સવિનય અવજ્ઞા જે સત્યાગ્રહની જ શાખાઓ સમાન છે. કષ્ટ સહેવાના તેમ જ આત્મ બલિદાનના નવા નામો જ છે.

આજના પૂર્ણ હિંસાના વાતારણમાં જે આપણા મહાન ઋષિઓ પરમસત્યનો, પરમ અહિંસાનો, પરમ પ્રેમનો માર્ગ, શોધી આંતરિક સાધના કરી જે શોધી કાઢ્યો છે. તેને જ આપણે નવા રૂપે અને નવા નામે અમલ કરવાનો છેં. તેમણે આપણને સૌને શીખવ્યું કે મુક્તિનો માર્ગ હિંસા નહીં, પણ અહિંસા છે.

અસત્ય નહીં પણ પરમ સત્યમાં છે, તિરસ્કારમાં નહીં પણ પરમ પ્રેમમાં છે, તે જ આપણે નવા નામે સત્યાગ્રહ રૂપે અમલ કરવાનો છે. આનું નામ સત્યાગ્રહ છે.

✦ ✦ ✦

સંપર્ક : sarujivan39@gmail.com,

અમેરિકા

# અન ટુ ધીસ લાસ્ટ અને ગાંધીજી

**પ્રોફેસર મહેબૂબ દેસાઈ**

**યુ**નાઈટેડ નેશનએ ગાંધીજીના જન્મ દિવસ ૨ ઓક્ટોબરને ''અહિંસા દિન'' તરીકે ઉજવવાની જાહેરાત કરી છે. ભારત માટે એ ગર્વની બાબત છે. જાન્યુઆરી ૨૦૦૪માં ઈરાની નોબેલ વિજેતા શિરીન અબ્દીએ મુંબઈના એક હિન્દી શિક્ષક પાસેથી ''અહિંસા દિવસ'' માટે દરખાસ્ત લીધી હતી. એ વિચારમાં ભારતીય કોંગ્રેસના કેટલાક નેતાઓને રસ પડ્યો. સોનિયા ગાંધી અને આર્કબિશપ ટુટુ દ્વારા જાન્યુઆરી ૨૦૦૭ના આરંભમાં નવી દિલ્હીમાં મળેલ એક કોન્ફરન્સમાં તે અંગેનો ઠરાવ પસાર થયો. એ ઠરાવ યુનાઇટેડ નેશન્સને મોકલવામાં આવ્યો. જેમાં ૨ ઓક્ટોબરને વિશ્વ અહિંસા દિવસ તરીકે સ્વીકારવા યુનાઇટેડ નેશન્સને અપીલ કરવામાં આવી. ૧૫ જૂન ૨૦૦૭ના રોજ યુનાઇટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ ૨ ઓક્ટોબરને ''અહિંસા આંતરરાષ્ટ્રીય દિવસ'' તરીકે ઉજવવા માટે જનરલ એસેમ્બલીમાં એ વિચાર ચર્ચા માટે મુકાયો. અને સર્વ સંમતથી તે સ્વીકારવામાં આવ્યો. અને આમ ગાંધીના જન્મ દિવસને ''અહિંસા દિવસ'' તરીકે ઉજવવાની યુનાઇટેડ નેશન્સએ જાહેરાત કરી. આજે વિશ્વમાં અહિંસાના પુજારી ગાંધીજીને સૌ માને છે, જાણે છે. પણ તેમના સત્ય અને અહિંસાના વિચારોના મૂળમાં જે કેટલાક અદ્‌ભૂત પુસ્તકોનો પ્રભાવ હતો, તેનાથી આમ માનવી ખાસ પરિચિત નથી. એ યુગમાં ગાંધીજી જે પુસ્તકથી ખુબ પ્રભાવિત થયા હતા, તે હતું જોહન રસ્કિનનું ''અન ટુ ધીસ લાસ્ટ''. આ નાનકડી પુસ્તિકાએ ગાંધીજીનામાનસમાં હલચલ મચાવી મૂકી હતી. ગાંધીજીએ પોતાની આત્મકથામાં તેનો ઉલ્લેખ કરતા લખ્યું છે,

'પોલક મને મુકવા સ્ટેશને આવેલા, ને ''આ પુસ્તક રસ્તામાં વાંચી શકાય તેવું છે. તે વાંચી જજો. તમને ગમશે'' એમ કહી તેમણે રસ્કિનનું ''અન ટુ ધીસ લાસ્ટ'' મારા હાથમાં મુક્યું. આ પુસ્તકને લીધા પછી હું છોડી જ ન શક્યો તેણે મને પકડી લીધો. જોહનિસબર્ગથી નાતાલ ચોવીસ કલાક જેટલો રસ્તો હતો. ટ્રેન સાંજે ડરબન પહોંચી હતી. પહોંચ્યા પછી આખી રાત ઊંઘ ન આવી. પુસ્તકમાં સૂચવેલ વિચારો અમલમાં મુકવાનો મેં ઈરાદો કર્યો...

જે થોડા પુસ્તકો મેં વાંચ્યા છે તેને હું ઠીક પચાવી શક્યો છું એમ કહી શકાય. એવા પુસ્તકોમાં જેણે મારા જીવનમાં તત્કાળ મહત્વનો રચનાત્મક ફેરફાર કરાવ્યો, એવું તો આ એક જ પુસ્તક કહી શકાય. તેનો મેં પાછળથી તરજુમો કર્યો, ને તે ''સર્વોદય'' ને નામે છપાયોછે...

મારી એવી માન્યતા છે કે જે વસ્તુ મારામાં ઊંડે ભરેલી હતી, તેનું સ્પષ્ટ પ્રતિબિંબ મેં રસ્કિનના આ ગ્રંથરત્નમાં જોયું, ને તેથી તેણે મારી ઉપર સામ્રાજ્ય જમાવ્યું. ને તેમાંના વિચારોનો અમલ મારી પાસે કરાવ્યો.''

ઈ.સ. ૧૮૬૦મા પ્રસિદ્ધ થયેલ જોહનરસ્કીનના ''અન ટુ ધીસ લાસ્ટ'' પુસ્તકના સંપર્કમાં ગાંધીજી ઈ.સ.૧૯૦૪ના માર્ચમાં આવ્યા હતા. ઈંગ્લેન્ડના ડોવર ગામે જન્મેલ હેન્રી સોલોમન પોલક ૧૯૦૩માં દક્ષિણ આફ્રિકામાં આવી વસ્યા હતા. ૧૯૦૪માં ગાંધીજીના પરિચયમાં આવ્યા પછી તેઓ ફિનીક્સ આશ્રમમાં જોડાયાહતા. તેમણે જ ગાંધીજીને ''અન ટુ ધીસ લાસ્ટ'' વાંચવા આપ્યું હતું. જેનો ઉલ્લેખ આપણે આગળ ગાંધીજીના અવતરણમાં જોયો. ''અન ટુ ધીસ લાસ્ટ'' પુસ્તકે ગાંધીજીના સમગ્ર જીવનને બદલી નાખ્યું હતું. એ પુસ્તકના વાંચન પછી ગાંધીજી બેરિસ્ટરમાંથી ખેડૂત બન્યા.ગૃહસ્થમાંથી આશ્રમવાસી બન્યા. ડરબનથી દૂર અગિયાર માઈલના અંતરે ફિનીક્સ સ્ટેશનથી અઢી માઈલ પર ૧૦૦ એકર જમીન ખરીદી અને અખબાર ''ઇન્ડિયન ઓપીનીયન''ને ડરબનથી ફિનીક્સ લઈ ગયા.અને તેમાં કાર્ય કરનાર પહેલા માત્ર પોતાની રોજીરોટી કમાતા હતા.પણ હવે તેઓ સમુહજીવન જીવતા આશ્રમવાસીઓ બન્યા. આવી જબરજસ્ત અસર જે પુસ્તકની ગાંધીજી પર થઇ તે ''અન ટુ ધીસ લાસ્ટ'' અંગે ગાંધીજી લખે છે,

'આપણમાં જે સારી ભાવનાઓ સુતેલી હોય તેને જાગ્રત કરવાની શક્તિ જે ધરાવે તે કવિ છે. બધા કવિની બધા ઉપર સરખી અસર નથી થતી, કેમ કે બધામાં સારી ભાવનાઓ એકસરખા પ્રમાણમાં હોતી નથી.

''સર્વોદય'' ના સિદ્ધાંતો હુ આમ સમજ્યો :

૧. બધાના ભલામાં આપણું ભલું રહેલું છે.

૨.વકીલ તેમજ વાણંદ બંનેના કામની કિંમત એક સરખી હોવી જોઈએ, કેમ કે આજીવિકાનો હક બધાને એક સરખો છે.

૩. સાદું મજૂરીનું, ખેડૂતનું જીવન જ ખરું જીવન છે.

પહેલી વસ્તુ હું જાણતો હતો. બીજી હું ઝાંખી જોતો

હતો.ત્રીજીનો મેં વિચાર જ નહોતો કર્યો. પહેલીમાં બીજી બંને સમાયેલી છે એ મને ''સર્વોદય'' દીવા જેવું દેખાડયું. સવાર થયું ને હું તેનો અમલ કરવાના પ્રયત્નોમાં પડયો'

જોહન રસ્કિન ઈંગ્લેન્ડમાં વિક્ટોરિયન અને એડવર્ડડીયન યુગમાં કલા વિવેચક તરીકે ખાસ્સા જાણીતા હતા. લગભગ ૨૫૦ પુસ્તકો તેમના એ વિષય પરના પ્રસિદ્ધ થયા હતા. આજે તો તેમના એ ગ્રંથો ઉપલબ્ધ નથી. પણ તેમનું પુસ્તક ''અન ટુ ધીસ લાસ્ટ'' આજે પણ ઉપલબ્ધ છે. તે કોઈ કલા વિવેચનનું પુસ્તક નથી. પણ રસ્કીનના આર્થિક અને રાજકીય વિષય પરના ચાર લેખોનો સંગ્રહ છે. રસ્કીને આ પુસ્તકનું મથાળું ''અન ટુ ધીસ લાસ્ટ''બાઈબલની એક આખ્યાયિકા (મેથ્યુ ૨૦.૧૪) પરથી લીધું છે. જેમાં એક માણસ પોતાના ખેતરમાં કામ કરવા આવનાર સૌ મજુરોને સમાન વેતન આપે છે. એમાં કેટલાક વહેલા આવેલા મજુરો હોય છે. અને કેટલાક કામ શોધતા શોધતા ખેતર સુધી મોડા પહોંચ્યા હોય છે. ખેતરનો માલિક સૌમજુરોને સરખી મજુરી આપે છે. એટલે વહેલો આવનાર મજુર પૂછે છે,

'મોડા આવનાર મજુરને પણ સરખી મજુરી કેમ આપવામાં આવી ?'

ત્યારે ખેતરનો માલિક જવાબ આપતા કહે છે,

'મેં તમને સૌને જેટલું વેતન આપવાનું વચન આપ્યું હતું, તેટલું વેતન આપ્યું છે. પણ પહેલા આવ્યા તે ફાવ્યા અને મોડા આવ્યા તે નુકશાનમાં રહે, એ ક્યાંનો ન્યાય ?'

આ નાનકડા પુસ્તકમાં રસ્કિન સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર સબંધી જીવન કલાનો એક નવો જ અભિગમ રજુ કરે છે. રસ્કિન કહે છે,

'ઈશ્વરની રચનામાં માનવીના કાર્યો ઉપયોગિતાના સંદર્ભમાં જ મુલવાયા તે યોગ્ય નથી. પણ તેનું મૂલ્યાંકન માનવીય ન્યાયના માપદંડથી થાય તે જરૂરી છે.'

'રાષ્ટ્રની સંપતિ માત્ર શ્રેષ્ઠ આર્થિક રીતે સંપન્ન માનવીઓ જ નથી. પણ સામુદાયિક હિતો અને ન્યાયને પોષનારા માનવીઓ રાષ્ટ્રની સાચી સંપતિ છે.'

'અસલ સ્વરૂપ માનવતા સ્વયંમ છે, પૈસો એ તો પડછાયા પાછળની દોડ છે.'

'માનવજીવન કરતા અધિક એવી કોઈ સંપતિ નથી'

'અનટુ ધીસ લાસ્ટ'ના લેખક રસ્કિન માનવ જાતિના વિકાસમાં બે મોટા અંતરાયો જોવે છે. પ્રેમ અને હિમતનો અભાવ. બીજાને માટે ન્યાયનો આગ્રહ પ્રેમ હોય તો જ સંભવી શકે.અને પોતાને હાથે બીજાને અન્યાય ન થાય માટે ત્યાગપૂર્વક, સ્વેચ્છાએ સાદું જીવન જીવવાની નૈતિક હિંમત માનવીમાં અનિવાર્ય છે. 'હિન્દ સ્વરાજ'માં ગાંધીજીએ આ સિદ્ધાંતોને વિસ્તૃત સ્વરૂપે આલેખ્યા છે.સ્વરાજની વ્યાખ્યા આપતા ગાંધીજી લખે છે,

'સૌએ સૌ માટે મેળવવાનું રાજ એટલે સ્વરાજ'

રસ્કિન આગળ લખે છે,

'જગતમાં પર્યાવરણ કે આર્થિક વિષમતાના દરેક પ્રશ્નના કેન્દ્રમાં માનવીનું માનસિક વલણ છે. તૃષ્ણાને સ્થાને સંતોષ એજ અંતે તો સુખમય માનવ સમાજ માટે પ્રથમ શરત છે. સંતોષ એ વ્યક્તિગત જીવન પરિવર્તન માટેની પણ મુખ્ય શરત છે.'

'ખરેખર તો પોતાની પાસે જેટલું હોય તેટલાથી સંતોષ માનીને જીવવું જોઈએ. ઈશ્વરે જે કઈ આપ્યું છે તેમાં સંતોષ માનનાર સુખી છે'

'માનવસમાજના વિકાસ માટે આવા સુખની પ્રાપ્તિ વ્યક્તિગત પ્રયત્નો દ્વારા જ સંભવિત બનશે. સામુદાયિક પ્રયાસો કરતા વ્યક્તિગત પ્યાસો તેમાં વધુ કારગત સાબિત થાય છે.'

'માનવીની આંખો પર સ્વાર્થના પડો ચડેલા છે. દરેક માનવીએ પોતાની આંખ પરથી એ પડો દૂર કરવા પડશે. ત્યારેજ શાંતિનો વ્યવહાર સમાજમાં સ્થાપિત થશે.'

રસિકના આ વિચારો 'અનટુ ધીસ લાસ્ટ'ના ચારે લેખોમાં પ્રસરેલા છે. તેમના આ વિચારો એ પછી પણ વિકસતા રહ્યા છે. રસ્કીનના આત્મકથનાત્મક ગ્રંથ 'પ્રીટેરીટા'માં તેઓ લખે છે,

'પ્રભુની શાંતિનો વાસ જો ક્યાય હોય તો તે ગરીબ અને મહેનતુ માનવીના હદયની ઉદારતા અને કર્મનિષ્ઠામાં છે. દરેક ધર્મમાં સુસંગતતા નૈતિક કાર્યો, અન્ય પ્રત્યે પ્રેમ અને નિસ્વાર્થ ત્યાગ છે''

રસ્કીનના વિચારોમાં આજે પણ તાજગીનો અહેસાસ થાય છે. તેમને એ યુગની ઔદ્યોગિક સભ્યતાની એક મોટી ખામી એ લાગી હતી કે એ સભ્યતામાં સૌન્દર્યના શાસ્ત્રની અવગણના કરવામાં આવી છે. સાચી સભ્યતામાં ઉપયોગિતા અને ભવ્યતા એટલે શિવ અને સુંદર બંનેનો સુભગ સમન્વય હોવો જોઈએ.એટલે સભ્યતા એ ખોરાક, પાણી, કપડા, આવાસ, વગેરેની સૌ માટે વ્યવસ્થા કરવાની સાથે આરોગ્ય, શિક્ષણ, આરામ, લોકોની સર્જનવૃતિને પણ અવકાશ હોવો જરૂરી છે.

ઔદ્યોગિક સભ્યતા અર્થાત નવી રાજનૈતિક અર્થરચના થોડા

લોકોને વિલાસના સાધનો પુરા પાડે છે. પણ મોટાભાગના લોકોની પાયાની જરૂરિયાતો પણ પૂરી પાડતી નથી. રસ્કિન કહે છે કે રેશમી દુપટ્ટાઓ પહેલા કાંબળાની વ્યવસ્થા થવી જોઈએ. જ્યાં સુધી સમાજમાં લોકો ટાઢે ઠરે છે નગ્ન અવસ્થામાં જીવે છે ત્યાં સુધી વસ્ત્રાભૂષણમાં ભવ્યતા લાવવાનો પ્રયાસ પણ નૈતિક ગુનો છે.ગાંધીજીએ આ વિચારને 'હિન્દ સ્વરાજ'માં બીજ રૂપે રજુ કર્યો છે.

આ વિચારો આજની અર્થ વ્યવસ્થા સંદર્ભે પણ એટલાજ પ્રસ્તુત લાગે છે. ૨ ઓક્ટોબર વિશ્વ અહિંસા દિવસ નિમિત્તે આ વિચારો સાચા અર્થમાં જીવનમાં અમલમાં મુકવાની આપણે સૌ પ્રતિજ્ઞા લઈએ એ જ અભ્યર્થના.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૫૧૧૪૮૪૮

## પ્રાસંગિક : ચુનીલાલ મડિયા જન્મશતાબ્દી વર્ષ

# સાહિત્યકાર ચુનીલાલ મડિયા

**દીપક મહેતા**

**''મા**રી કૃતિઓની ગુણવત્તા અંગે હું પૂરી આત્મશ્રધ્ધા ધરાવું છુ.'' આમ લખનાર ચુનીલાલ મડિયાનું આયુષ્ય ૪૬ વરસનું. તેમની હયાતી દરમ્યાન પ્રગટ થયેલાં પુસ્તકોની કુલ સંખ્યા ૪૧. ૧૯૪૫માં એક સાથે ત્રણ પુસ્તકો દ્વારા આંખ આંજી દે એવી રીતે પ્રવેશ. તેમાં ઘૂઘવતાં પૂર અને ગામડું બોલે છે એ બે 'ટૂંકી વારતા'નાં પુસ્તક. પાવકજ્વાળા નવલકથા. વિદાયના વરસે, ૧૯૬૮માં એક સાથે ચાર પુસ્તકઃ ક્ષત-વિક્ષત ટૂંકી વારતાનો સંગ્રહ, બે નવલકથાઃ સધરાના જેસંગનો સાળો અને આલા ધાધલનું ઝીંઝાવદર, અને એક વિવેચન સંગ્રહ, કથાલોક. ૨૩ વરસમાં ૪૧ પુસ્તકો આપનારને 'પ્રોલિફિક રાઈટર' ન કહીએ તો શું કહી શકાય ? વારતા, નવલકથા, નાટક-એકાંકી, નિબંધ, વિવેચન, જીવનચરિત્ર, પ્રવાસવર્ણન, નિબંધ, કવિતા – એક આત્મકથાને બાદ કરતાં સાહિત્યના લગભગ બધા પ્રકારો સાથે તેમણે ઘરોબો બાંધ્યો છે. કહેવું હોય તો એમ પણ કહી શકાય કે મડિયા સબ બંદર કે વેપારી હતા.

જિંદગીનાં પહેલાં સત્તરેક વરસ જન્મભૂમિ ધોરાજીમાં. પછી અમદાવાદ શહેર અને મહાનગર મુંબઈ. વિદેશના પ્રવાસો પણ કર્યા. છતાં લેખક તરીકે મડિયાએ ન ગામડું છોડ્યું, ન ગામડાએ મડિયાને છોડ્યા. જોકે મડિયા એટલે કેવળ ગ્રામજીવન એવું હકીકતમાં નથી. 'કાકવન્ધ્યા' જેવી કેટલીક વાર્તાઓમાં અને ખાસ કરીને ઇન્દ્રધનુનો આઠમો રંગ જેવી સુદીર્ઘ નવલકથામાં તેમણે નગર જીવનને, તેની નરવી તેમ જ વરવી બાજુઓ સાથે જે બળકટતાથી આલેખ્યું છે તે તરફ આપણા વિવેચકોનું ધ્યાન ઓછું જ ગયું છે. કારણ આપણું વિવેચન વ્યવસ્થાપ્રિય છે. એટલે લેખકોને જુદાજુદા ખાનામાં ગોઠવી દેવાની ટેવ ધરાવે છે. મેઘાણી અને પન્નાલાલની સાથે મડિયા પણ ગ્રામજીવનના ખાનામાં. પછી તેમનાં બીજાં લખાણો વિષે ઝાઝી વાત કરવાની જરૂર નહિ ! આ ત્રણે લેખકોનું ગ્રામજીવનનું આલેખન ક્યાં, કઈ રીતે, કેટલું, શા માટે જૂદું પડે છે એ વિચારવાની પણ પછી જરૂર નહીં. આજના આપણા ઘણા લેખકો સ્વેચ્છાએ નગરવાસી બન્યા પછી પણ 'અરેરે ! ક્યાં ગયું મારું ગોમડું, કેવું રૂડું ને રૂપાળું હતું મારું ગોમડું', એવી પોક છાશવારે મૂક્યા કરતા હોય છે. ઇન્દ્રધનુનો આઠમો રંગ વાંચ્યા પછી ખાતરી થાય કે મડિયા માટે ગ્રામજીવન જેટલું સહજ છે, તેટલું જ સહજ મહાનગરનું જીવન પણ છે. ૧૯૬૭માં પુસ્તક રૂપે પ્રગટ થયેલી આ નવલકથા વાંચ્યા પછી તો એવો વિચાર પણ આવે કે જો જિંદગીનાં થોડાં વધુ વરસ મળ્યાં હોત તો કદાચ મડિયા મહાનગરના જીવનના નિરૂપણ તરફ વધુ ઢળ્યા હોત.

આપણા વિવેચકોમાંના ઘણાએ 'કાણાને કાણો નવ કહીએ' એ શિખામણને અપનાવીને વિવેચનને પણ વાટકી-વ્યવહારનું સાધન બનાવી દીધું છે. આવા વિવેચનને મડિયા 'થાબડભાણીક વિવેચન' કહેતા, અને તેનાથી અકળાઈને ખિલ્લી ઉડાવતા. આજે જ્યારે મડિયાના જન્મને એક સો વરસ અને અવસાનને ૫૩ વરસ વીતી ગયાં છે ત્યારે તેમના સાહિત્ય સર્જન વિષે વાત કરતી વખતે આવા થાબડભાણીક વિવેચનથી તો દૂર જ રહેવું જોઈએ, એમ કરીએ તે મડિયાને ગમે જ.

જેમ વિવેચનમાં તેમ સર્જનમાં પણ મડિયા વાસ્તવિકતાનો સ્વીકાર કરવામાં શરમ-સંકોચ અનુભવતા નથી.આથી જ તેઓ કહે છેઃ ''અનુભૂતિ, પ્રેરણા, કે સંવેદનની ગમે તેવી ઉત્કટતા હોય છતાં મુદ્રણકળાના આ યુગમાં સર્જકની સર્જનપ્રવૃત્તિ પાછળ વત્તેઓછે અંશે પણ સ્થૂળ પ્રયોજન તો રહેવાનું જ. 'હું કોને માટે લખું છુ' એ પ્રશ્નનો સાચો ઉત્તર આપવો હોય તો લેખકે આવા સ્થૂળ પ્રયોજનોનો સ્વીકાર કશીય દિલચોરી વિના કરી નાખવો ઘટે.'' મડિયાની ઘણી બધી કૃતિઓ પાછળ આવું સ્થૂળ પ્રયોજન ન હોય તો પણ એ જે રીતે લખાઈ છે તેની પાછળ સ્થૂળ કારણ

રહેલાં છે. મડિયાનું ઘણું લેખન છાપાં કે સામયિકો માટે થયું છે. એટલે પહેલું બંધન સમયનું. વળી મડિયા હતા છપ્પનવખારી. એટલે એક કરતાં વધુ હાંડલાં એકી વખતે ચૂલા પર ચડાવવાં પડે. એટલે મડિયાની ઘણી કૃતિઓ વાંચ્યા પછી કહેવું પડેઃ 'સારી છે, પણ મડિયા આને વધુ સારી રીતે લખી શક્યા હોત'.

નવલકથા કે નાટક પ્રકારની મડિયાની કૃતિઓમાં સતત ઘણું બધું બન્યા કરતું જોવા મળે છે. 'ઘટનાના તિરોધાન' કરતાં આ સાવ સામા છેડાની સ્થિતિ છે. પ્રસંગો પાર વગરના, પાત્રો પણ ઘણાં બધાં. છતાં મોટા ભાગની કૃતિઓમાં આ પ્રસંગો અને પાત્રો કોઈને કોઈ રીતે એકબીજા સાથે સંકળાઈને આકર્ષક ગોફ ગૂથતાં હોય છે.મડિયાની ઘણી કૃતિઓનું સંકલન યરવડા ચક્ર જેવું નહિ, પણ અંબર ચરખા જેવું હોય છે. એમાં એક નહિ પણ ઘણી ત્રાક એક સાથે ઘૂમતી રહે છે, ઘણા તાર નીકળતા રહે છે. ક્યારેક કોઈક તાર વચમાં જ તૂટી પણ જાય. તો કોઈ તાર લાંબા-ટૂંકા થઈ જાય.છતાં કૃતિના ચરખા પર લેખકનો કાબૂ હોવાને કારણે છેવટે બધુંસમુંસૂતરું પાર ઉતરે છે.

એક-એક ઘોડાવાળા સાત રથ દોડતા હોય તો એકાદ રથને સૌથી આગળ નીકળી જવાની તક રહે. કોઈ રથ રસ્તામાં જ ભાંગી પણ પડે.પણ સાતે ઘોડા એક જ રથ સાથે જોડ્યા હોય ત્યારે તો બધાએ સાથે જ દોડવું પડે. કોઈ આગળ નહિ, કોઈ પાછળ નહિ.મડિયાનીકૃતિઓનાં પાત્રો એક રથે જોડેલા સાત ઘોડા જેવાં હોય છે. ઉમાશંકરે 'વ્યાજનો વરસ'ને નાયક વિનાની નવલકથા કહી છે, પણ એ વાત મડિયાની ઘણી કૃતિઓને લાગુ પડે તેમ છે. 'લીલુડી ધરતી' જેવી કૃતિમાં તો આ નાયક હીનતા સહેતુક જણાય છે. જો કે તેમની બધી કૃતિઓ માટે આમકહી શકાય તેમ નથી.

મજાક-મશ્કરી એ મડિયાના સ્વભાવનો અનિવાર્ય અંશ. એટલે મજાકખોર મડિયાએ 'સધરા જેસંગનો સાળો, સધરાના સાળાનો સાળો, ગ્રહાશ્ટક વત્તા એક જેવી રાજકારણ અને રાજકારણીઓની મજાક ઉડાવતી નવલકથા લખી.રાજકારણ અને મજાકનું આવું મિશ્રણ આપણા સાહિત્યમાં ભાગ્યે જ જોવા મળે છે. અને એ લખાઈ એ જમાનાના રાજકારણ અને રાજકારણીઓને નિશાન બનાવતી આ કૃતિઓ આજે વાંચીએ તો પણ આજની સ્થિતિ સાથે તાલ મેળવતી લાગે. એક વિચાર એવો પણ આવી જાય કે મડિયાએ આ કૃતિઓ આજે લખી હોત તો એમને માથે કદાચ 'દેશદ્રોહ'નો આરોપ મૂકાયો હોત!

આપણા ઘણા લેખકોની ભાષા કાં પોલિયોથી પીડાતી હોય છે કાં હાથીપગાથી. એટલે કાં કૃત્રિમતાની કે કાં પાંડિત્યની કાખઘોડી વગર તેને માટે ચાલવું મુશ્કેલ બને. જીવંત, બોલાતી ભાષાનો ધબકાર એમાં ભાગ્યે જ હોય છે. જ્યારે મડિયાની ભાષા કાઠું કાઢેલી ગ્રામ-યુવતી જેવી બળૂકી અને ખમતીધર હોય છે. અર્જુનનો નાશ કરવા કર્ણે નાગપાશનો ઉપયોગ કર્યો ત્યારે શસ્ત્રે અર્જુનના માથાને બદલે તેનો મુગટ ઢાળી દીધો. ભાષા પરત્વે આવી લક્ષ્યચૂક મડિયાની કૃતિઓમાં ભાગ્યે જ થતી જોવા મળે. બોલચાલની ભાષાની લઢણો, તેના રૂઢિપ્રયોગો, કાકૂ, મડિયાને ગળથૂથીમાંથી મળ્યાં છે. એનાથી પોષાયેલી મડિયાની ભાષા-શૈલી નરવી અને ગરવી રહી છે. અને ગામડું છોડીને મડિયા મુંબઈ જેવા મહાનગરમાં ફરવા નીકળે છે ત્યારે એટલી જ સહજતાથી વિવિધ સ્તર, વય,વૃત્તિ અને વલણ ધરાવતાં શહેરી સ્ત્રી-પુરુષોની ભાષાને પણ પોતીકી બનાવી દે છે. આનું ઉત્તમ ઉદાહરણ છે 'ઇન્દ્રધનુનો આઠમો રંગ.'

પણ મડિયા એટલે માત્ર પાણીદાર સર્જક જ નહિ, ધારદાર વિવેચક પણ ખરા. આપણું તેમ જ પશ્ચિમનું ઘણું સાહિત્ય વાંચેલું એટલું જ નહિ,પચાવેલું પણ ખરું. એટલે એમના વિવેચનને પૂર્વના કે પશ્ચિમના સાહિત્ય સિદ્ધાંતોનો આફરો ચડ્યો નહિ.મડિયા જન્મે જૈન, પણ એમનું વિવેચન અહિંસક બિલકુલ નહિ. અજાણ્યા, નવાસવા લેખકમાં વિત્ત જણાય તો વધાવતાં અચકાય નહિ. પ્રતિષ્ઠિત લેખકની પણ કૃતિ નબળી લાગે તો તેનાં છોતરાં કાઢી નાખે. અને એ માટે લાંબુ ભાષ્ય ન કરે. બને ત્યાં સુધી one linerથી જ જનોઈવઢ ઘા કરે. આવા વિવેચને મડિયાને અ-મિત્રો મેળવી આપવામાં ઘણી મદદ કરેલી.

આ વરસે જેની સવાસોમી જન્મશતાબ્દી છે તે ઝવેરચંદ મેઘાણી અને મડિયા કેટલીક રીતે સગોત્ર લેખકો. બંનેને પ્રમાણમાં ટૂંકી જિંદગી મળી. બંને ગ્રામ ધરતીનું ધાવણ ધાવેલા લેખકો. બંને બહુવખારી લેખકો. બંનેનું ઘણું લેખન પત્રકારત્વની દેણ. બન્ને નમ્ર, પણ નરમ નહિ. બંનેની કૃતિઓને તેમના વારસોએ આજ સુધી સૂકાવા દીધી નથી, વાચકોની નજર સામેથી ખસવા દીધી નથી.બંને ચોખલિયા નહોતા, પણ આગ્રહી જરૂર હતા. બંનેને કોઈ પણ પ્રકારની આભડછેટ નડતી નહિ – શું જીવનમાં કે શુ સાહિત્યમાં. બંનેને વિવેચન કે વિવેચકોનો છોછ નહોતો, પણ બંને તેમના ઓશિયાળા પણ નહોતા. અને એટલે જ કશા મિથ્યાદંભ વગર આજે આપણે મડિયાને કહી શકીએઃ ''તમારી કૃતિઓની ગુણવત્તા અંગે અમે પૂરી આત્મશ્રધ્ધા ધરાવીએ છીએ.''

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૧૮૩૨૨૭૦

ચુનીલાલ મડિયાની જન્મશતાબ્દી પ્રસંગે સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા રવિવાર, ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ યોજાયેલ વેબીનાર રજૂ કરેલું બીજરૂપ થોડા સુધારા વધારા સાથે

**પ્રાસંગિક :**

# મહાદેવી – મા શક્તિનું પર્વ

**પ્રવીણ દરજી**

**આ** 'નોરતાં' શબ્દ થોડોક અંગત બનીને કહું તો સાત-આઠ વર્ષનો હોઈશ ત્યારથી મને આકર્ષતો રહ્યો છે. 'નવરાત્રિ' તો પછી બોલતા થયા. કેવી એ કિશોરાવસ્થા હતી! નાનું સરખું ગામ, માંડ બે ફળિયામાં માંડવી મૂકાય. બાકી કોઈ કોઈ પોતાના ઘરે માંગલિક પ્રસંગ બન્યો હોય તો 'ગરબો કાઢે' – પ્રયોગ પણ કુતૂહલ જગવતો. માટીના ઘડાને કાણાં પાડી, અંદર દીવો મૂકાતો, તેનું પૂજન થતું ને જેવી જેની ઇચ્છા – તેટલા દિવસ એ ગરબો રાખે – ઘરનાં વહુ વારુને બીજે ફળિયેથી પણ લોક જોવા-ગાવા આવે. પેલી બે મુખ્ય માંડવી માટે ત્યાંના કિશોરો ભેગા મળી દિવસે તેલ ઘેર ઘેર ફરી એકઠું કરે. બંને માંડવી એ તેલથી નવ-દસ દિવસે ઝળહળે! એ તેલની ટીમમાં ત્યારે આ બંદા પણ ખરા! વાત ત્યારે 'નોરતાં'ની હતી અને 'નોરતાં'નો ત્યારે એક જ અર્થ થતો – મા દેવીની, મા દુર્ગાની, મા અંબાની પૂજા ઘોંઘાટ વિનાના, શક્તિપૂજાના એ ભાવપૂર્ણ ભક્તિભર્યા દિવસો હતા. નોરતાં કે નવરાત્રિનો ત્યારે અમારો મનમાં એ જ એક અર્થ. મારાં બાએ એવા અર્થમાં પૂર્તિ કરી આપેલી. માતાજીના ગરબા ગવડાવતી વખતનો તેનો શ્રધ્ધાભરપૂર ચહેરો મારા એ 'નોરતાં'ના અર્થને હજીય વિસ્તારતો રહ્યો છે.

'શક્તિ'ની આરાધનાના એ દિવસોએ કદાચ આજે એનું રૂપ બદલ્યું હશે. પણ આપણી સંસ્કૃતિ અને ધાર્મિક પરંપરાઓમાં હજી એ 'શક્તિ' પ્રબળ શક્તિરૂપે જ જોવાય છે. એ 'શક્તિ'નાં રૂપો જાણીએ તો ચકિત તો થઈ જ જવાય પણ એનાથી આગળ વધીને એક સ્ત્રી કે તેની ચેતના શું છે? આપણી હિન્દુ માન્યતાઓમાં એ 'મહાદેવી' ક્યા કારણે સદા પૂજનીય રહ્યાં છે? એ રૂપાન્તરે આપણા માટે શું છે તે તેનાં વર્ણનો કે કાર્યો પરથી પામી શકાય છે. આપણે એ પરંપરાઓને માત્ર જાણવી જોઈએ એટલું પર્યાપ્ત નથી, તેમાં રહેલાં શાશ્વત તત્ત્વોમાં આજે પ્રસ્તુત એવું શું છે તે પણ સમજવું રહે. શ્રધ્ધા, ભક્તિ, સમર્પણ ખરાં જ, સાથે તેનાં બૌદ્ધિક કારણો પણ છે.

આવી આ 'શક્તિ'ને, મહાદેવીને, આપણે 'પાર્વતી'રૂપે ઓળખીએ છીએ. એ આદિ શક્તિ છે. વૈષ્ણવો એવી આદિ શક્તિ તરીકે 'લક્ષ્મી'નો સ્વીકાર કરે છે. વાત તો સરવાળે નારી ચેતનાના સર્વોત્કૃષ્ટ રૂપની રહી છે, તેના પ્રભાવ-પ્રતાપની રહી છે. દેવી-ભાગવત્ પુરાણ, કાલિકાપુરાણ, દેવી ઉપનિષદ, શક્તિ ઉપનિષેદ કે લલિતા સહસ્ત્રનામ વગેરેમાં એવા મહિમાનો ભાવપૂર્વક સ્વીકાર થયેલો છે. હિન્દુ ધર્મ આવી શક્તિને નવગ્રહો સાથે જોડાયેલી લેખે છે, અર્ધ દેવતાઓ, જીવંત જીવો અને જરા જુદી રીતે દાનવો સાથે પણ તેના અનુસંધાનને જુએ છે. આવી માતૃશક્તિનાં નામો ભલે વિભિન્ન રહ્યાં હોય પણ મૂળે તો એ સર્વનો એક પરમ શક્તિ તરીકે જ સ્વીકાર થયો છે. ભાગવત પુરાણે એવા દેવીરૂપની એકેએક રેખાઓને સુસ્પષ્ટ કરી આપી છે. આવી 'શક્તિ' માટે આપણે જે મંત્રોચ્ચાર કરતા આવ્યા છીએ, તેના શબ્દે શબ્દને યથાર્થરૂપે પામવા પ્રયત્ન કરીએ તો એ દેવીનું મૂર્તિમંત સ્વરૂપ પ્રત્યક્ષ થઈ રહે છે. 'ૐ' શબ્દ કહેતાં ત્યાં પ્રાણની શક્તિ-ઊર્જા પ્રગટ થાય છે. 'અયમ્' કહેતાં ધ્વનિશક્તિનો સંચાર થઈ રહે છે, 'હ્રીમ્' કહેતાં ત્યાં સૂર્યશક્તિ વ્યક્તિ થાય છે, 'શ્રીમ્' ઉદ્‌ગારતાં ત્યાં ચંદ્રશક્તિ ધ્વનિત થાય છે, 'હ્રીમ્' બોલતાં ત્યાં વિદ્યુતશક્તિ આવિભાવિ થઈ રહે છે, 'હ્રમ્'ના ઉચ્ચાર બોલવાની સાથે રોકી લેવાની શક્તિનો નિર્દેશ જોવા મળે છે. 'સ્ટ્રીમ્'ના ઉચ્ચારણ સાથે સ્થિર કરી દેવાની શક્તિનો સંકેત પ્રાપ્ત થાય છે તો સ્ટ્રીમ્' કહેતાં ચડિયાતાપણાનો કે શ્રેષ્ઠતાનો અર્થ પામી રહેવાય છે. માત્ર આ એક મંત્રને જ સમજીએ તો આદ્યશક્તિનું પૂજન-અર્ચન કરવા પાછળનું કારણ કયુ છે ને એ 'શક્તિ' સાક્ષાત્ કેવાં કેવાં અપાર ઐશ્વર્યોથી ભરી ભરી છે તે જાણી શકાય. પાર્વતીના જ અવતાર રૂપે કાત્યાયિની ઓળખાતાં આવ્યાં છે ને તેમના માટે જે કંઈ કહેવાયું છે એ 'શક્તિ'-'મહાદેવી' માટે સાચું છે. આ 'શક્તિ'રૂપ માતૃશક્તિને ગતિનું ઊર્જાનું, સર્જનનું, સ્થાયીત્વનું, વિનાશનું, નિમિત્ત લેખવામાં આવ્યું છે. તે આદિમ છે, અગમ્ય છે, તમામ પદાર્થમાં તેની હરફર છે, તેની શક્તિનાં અનંતરૂપો છે, અને માનવીની સમજ બહારનું તેનું રૂપ છે, એવુંય કહેવાયું છે. એના નિત્યરૂપની કલ્પના થઈ છે. 'યા દેવી-સર્વભૂતેષુ વિષ્ણુમાયેતિ શબ્દિતા...'માં આવી આદ્યશક્તિનું સુચારું વર્ણન કરવામાં આવ્યું છે. એ સ્તવનમાંનો એક એક શબ્દ વ્યાપકરૂપે 'શક્તિ' તત્ત્વને સમજવાની ભૂમિકા પૂરી પાડે છે. આધુનિક સમય સુધી આપણે તેને વિસ્તારી શકીએ છીએ તેવાં તત્ત્વોનાં તેમાં અર્થસભર સંકેતો રહ્યા છે.

જુઓ તેને નમસ્કાર કરીએ છીએ કારણ કે સર્વ જીવોમાં એ દેવી નીવસે છે, એને નમસ્કાર કરીએ છીએ કારણ કે બધા પ્રાણીઓમાં તેની ચેતના રહી છે, વળી તે સર્વ પ્રાણીઓમાં બુદ્ધિરૂપે સ્થિત છે, વળી તે નિંદ્રા-આરામ - વિશ્રામરૂપે પણ સર્વમાં બિરાજે છે. વળી તે સર્વમાં ક્ષુધા-ભૂખરૂપ પણ સ્થિત છે, વળી છાયારૂપે પણ તેનું સર્વમાં પ્રવર્તન છે, સર્વમાં તે શક્તિરૂપે પણ આસનસ્થ છે, તૃષ્ણા અર્થાત્ ચાહનાના રૂપમાં તે ધબકે છે. વળી સર્વ જીવોનાં તે સહનશીલતા, ક્ષમાના રૂપમાં પણ જોવા મળે છે. ઉપરાંત જન્મમરણના મૂળ કારણ રૂપે, નમ્રતારૂપે, શાંતિરૂપે, શ્રદ્ધા રૂપે, કાન્તિ-તેજ રૂપે, લક્ષ્મીરૂપે, વ્રતી અર્થાત્ સર્વની સર્વ પ્રકારની ગતિવિધિરૂપે, સ્મૃતિરૂપે, દયારૂપે, તુષ્ટિરૂપે, માતૃરૂપે, ભ્રમરૂપે, પણ તેનું સર્વ જીવોમાં અસ્તિત્વ રહ્યું છે.

આ આખાય વર્ણન પરથી 'શક્તિ'ના સૂક્ષ્મ રૂપનો તંતોતંત પરિચય આપણને મળી રહે છે. આદ્યશક્તિ એ રીતે હિન્દુ આસ્થાનું અન્ય દેવોની જેમ જ એક વિરાટતત્ત્વ રહ્યું છે – એક વિરાટ શક્તિરૂપે તેનો સ્વીકાર થયો છે. આપણે સૌ આવી માતાનાં-શક્તિનાં કાર્યોથી સુવિદિત છીએ. આ શક્તિ જ રાક્ષસોનાં સંહારનું નિમિત્ત બની છે. શક્તિ એ જ પવિત્ર અને સાધુજનોની સમયે સમયે રક્ષા કરી છે. જીવનને કુશળક્ષેમ રાખવા માટે એના આશીર્વાદ જ કારણભૂત બનતા આવ્યા છે. આવી શક્તિ ત્રણે કાળનું પ્રતિનિધિત્વ કરે છે. વિવિધ સ્વરૂપે આવિર્ભાવ પામીએ તે અનેક કાર્યો કરે છે. 'સર્વ મંગલા માંગલ્ય...' જેવી દુર્ગા સ્તુતિમાં પણ એ જ વાત કહેવાઈ છે. તે શક્તિ જ, દુર્ગા જ, શુભતમ છે, તે જ જગતને સમૃદ્ધિ અર્પે છે, તે જ સૌને રક્ષે છે. પર્વત રાજાની એ પુત્રી સર્વવ્યાપી છે, તમામ જીવોમાં શક્તિ-શાંતિ-બુદ્ધિનું એ મૂર્ત સ્વરૂપ છે.

આવી મહાદેવીની – પરમશક્તિની – સમગ્ર દેશમાં અને દેશની સરહદ પાર પણ કુલ એકાવન શક્તિપીઠ છે. એ જ દર્શાવી આપે છે કે આપણા ધર્મમાં – સંસ્કૃતિમાં 'શક્તિ'નું કેટલું ને કેવું માહાત્મ્ય છે. દુર્ગાનાં નવ સ્વરૂપોની કલ્પનાવડે દરેક તહેવારમાં તેની અલગ અલગ પૂજા થતી રહે છે. દુર્ગાનાં શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘટા, કુષ્માંડા, સ્કંદમાતા, કાત્યાયિની, કાલરાત્રિ, મહાગૌરી અને સિદ્ધિદાત્રી – એવાં નવ રૂપો સર્વને માટે પૂજનીય રહ્યાં છે. આગળ ઉલ્લેખ કર્યો છે તેવી શક્તિપીઠો પૈકી ભીમલોચન – કોટ્ટારિ, મહિષાસુર – મર્દિની, ત્ર્યંબક, ત્રિસંધ્યેશ્વર, સિદ્ધિદા, ત્રુપુમાલિની, વૈદ્યનાથ, મહામાયા કે દક્ષાયણિ વગેરે તેનાં નામની સાથે, એ પરમશક્તિનાં કાર્યોનો પણ નિર્દેશ આપી રહે છે.

આવી પરમ 'શક્તિ' - દુર્ગાનું બંગાળ, આસામ વગેરે રાજ્યોમાં તો ઉત્સાહ- ઉલ્લાસભેર સંકીર્તન થતું જ રહે છે, પણ આપણે ત્યાં ગુજરાતમાં તો, અગાઉ નોંધ્યું છે તેમ, 'શક્તિ'એ ઉત્સવ, એની એક આગવી સંસ્કૃતિ રૂપે તરી આવે છે. હજારો વર્ષોથી આવી પરમ 'શક્તિ'નો નવરાત્રિ પર્વે નવ દિવસ કુદરતપૂર્વક-'ગરબા'રૂપે – આવિર્ભાવ કરવામાં આવે છે. નરસિંહ મહેતા, ભાણદાસ, વલ્લભમેવાડો અને દયારામ જેવા મધ્યકાળના કવિઓના ગરબા-ગરબીઓ માતાની ભક્તિરૂપે ગર્ભદીપની આસપાસ ફરીને સમર્પિત ભાવે ગવાતાં રહે છે. 'મા, તું પાવાની પટરાણી કે કાળી કાલિકા રે લોલ!' જેવી પંક્તિઓ આજેય લોકમાનસમાં સ્મૃતિરૂપે જડાયેલી જોવા મળે છે. ગરબા-ગરબીની સાથે રાસ પણ ગવાય છે. કૃષ્ણભક્તિની ગરબીઓ – રાસ પણ ઘણે સ્થળે સમાન્તરે જોવા મળે. આવાં ગરબા-ગરબી રાસ હવે ઘર-શેરીથી આગળ ચૌરાહા સુધી વિસ્તાર્યાં છે. તેનું શાંતિ-ભક્તિનિરતરૂપ ક્યાંક ઓછું અને ઘોંઘાટ વધુ એવું પણ જોવા મળે! છતાં આશ્વાસન એ છે કે ગુજરાતનો 'ગરબો' હજી આજેય એનાં કેટલાક મૂળ વિભાગો જાળવીને પરમશક્તિનું સંકીર્તન કરતો રહ્યો છે. વેશ-પરિવેશ-ભાષીમાં પરિવર્તન આવ્યા પછી ય, અ-ગુજરાતીઓને ય, હવે તો વિદેશોમાં પણ, સૌનાં હૃદયોને ભક્તિથી ભીંજવતો રહ્યો છે.

આપણે આવા પર્વનો આધુનિક સંદર્ભે પણ વિચાર કરવો રહે. આ 'શક્તિ', આદ્યશક્તિ, છેવટે તો નારીચેતનાનું જ મૂળે તો ઊર્જાસ્વીરૂપ છે. સ્ત્રીને આવી 'શક્તિ'રૂપે જોવા આપણે દૃષ્ટિ કેળવવી પડશે. તેનામાં ભંડારાયેલા તેનાં અનેક રૂપોનો સકારાત્મક રીતે લાભ સમાજ, સંસ્કૃતિ, પરિવારે લેવો રહે. એક રીતે 'શક્તિ'ના અંશ રૂપ આ નારીમાં રહેલી ગતિશીલતાને, ક્રિયાશીલતાને, તેની સર્જકતાને ઓળખવાનું આ પર્વ બની રહેવું જોઈએ. હા, ગરબો, આ શક્તિપર્વ, આજે અનેક જગાએ પરફોર્મિંગ આર્ટનું રૂપ ધારી રહ્યાં છે એ ખરું, ભક્તિની સમાન્તરે તેવાં આનંદનું તત્ત્વ ક્યારેક અધિકું જણાય એ ય ખરું, છતાં હજી 'શક્તિ', દુર્ગા, મહાદેવીનું મૂળ કેન્દ્ર વિસરાયું નથી એ મોટું અશ્વાસન છે. ઇચ્છીએ કે આવી 'શક્તિ' જગતને, માનવને શુભથી ભરી રહે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૫૩૫૬૫૫૧

# એક મહાન જૈનાચાર્યના સ્મરણનો રૂડો અવસર

આચાર્ય શ્રી વિજયશીલચન્દ્રસૂરિશ્વરજી મહારાજ

''**શ્રી**વિજયધર્મસૂરિજી તેમના અક્ષરદેહે ભારતમાં જાગતા જીવતા છે. તેમણે અનેક શિષ્યો કર્યા, અનેક પાઠશાળાઓ સ્થાપી, કાશીમાં પાઠશાળા સ્થાપી અને યુરોપીય વિદ્વાનોને જૈન શાસ્ત્રોમાં રસ લેતા કર્યા. તેમણે જૈનધર્મની ત્યારે સેવા બજાવી છે... અનેક વિપત્તિઓમાંથી પસાર થઈને વાદળમાંથી પસાર થનાર સૂર્યની પેઠે ઝળક્યા છે... તેમના આત્માનો ઘણો વિકાસ થયો હતો. હિંમતે મર્દ હતા. ગંગા નદીના કર્મયોગીની દશા પ્રાપ્ત કરી હતી.''

ઉપરોક્ત શબ્દો યોગનિષ્ઠ આચાર્ય શ્રીબુદ્ધિસાગરસૂરિજીના છે. પોતાના સમકાલીન એક મહાન જૈનચાર્યને હૃદયપૂર્વક અંજલિ આપતા આ શબ્દો, તે જૈનાચાર્યની મહત્તાને પ્રમાણવા માટે પર્યાપ્ત છે.

વિજયધર્મસૂરિજી એ 'કાશીવાળા ધર્મસૂરિ' એવા નામે ઓળખાતા. કાશી તેઓનું કર્મક્ષેત્ર હતું. ત્યાં રહીને તથા તે પ્રદેશમાં વિચરીને તેઓશ્રીએ જૈન ધર્મની અસાધારણ અને શ્રેષ્ઠ સેવા બજાવી હતી. જે સમયમાં એવાં ક્ષેત્રો તરફ વિહાર કરવાનું અતિવિકટ હતું, અને તે ક્ષેત્રોમાં 'જૈન' ધર્મ પ્રત્યે ભારોભાર તિરસ્કાર જ વર્તતો, તેવા સમયમાં તે ક્ષેત્રોમાં તેઓશ્રીએ વિહાર કર્યો, લાંબું રોકાણ કર્યું; અને જૈન ધર્મ, જૈન સાધુ વગેરે વિષેની નકારાત્મક સમજણો તથા માન્યતાઓને બદલી નાખવાનું મહાન કાર્ય કર્યું. તેમણે બનારસમાં શ્રીયશોવિજય સંસ્કૃત પાઠશાળા સ્થાપી, અને તેમાં સેંકડો વિદ્યાર્થીઓને ભણાવીને તૈયાર કર્યા. પંડિત સુખલાલજી, પંડિત બેચરદાસ દોશી, પંડિત હરગોવિંદદાસ વગેરે દિગ્ગજ વિદ્વાનો આ પાઠશાળામાં તૈયાર થયેલા.

જે બનારસમાં તેઓ પહોંચ્યા ત્યારે તેમને રોકાણ કરવા માટેનું કોઈ આશ્રયસ્થાન નહિ મળેલું; 'નાસ્તિક વિધર્મી ઓને રખાય નહિ' એવી ભ્રામક માન્યતાનો તેઓ ભોગ બનેલા. એ જ બનારસમાં તેઓએ મહાન બ્રાહ્મણ પંડિતો, હિંદુ સમાજ તથા કાશીના મહારાજા વગેરેને જૈન ધર્મ વિષે યથાર્થ સમજણ આપીને સાનુકૂળ બનાવી દીધા, અને 'અંગ્રેજી કોઠી' નામનું ભવ્ય મકાન વેચાનું લેવડાવ્યું અને તેમાં પાઠશાળા તથા સમૃદ્ધ ગ્રંથ ભંડાર આદિની સ્થાપના કરી. કાશીના તથા દરભંગાના રાજાઓ તેમનો સત્સંગ કરતા. કુંભમેળામાં મળેલી સનાતન ધર્મ મહાસભામાં તેઓ આમંત્રિત તરીકે ગયેલા, અને ત્યાં અનેક હિંદુ સંતો તથા લોકોના મનમાં જૈન ધર્મ માટેના ખોટા ખ્યાલો હતા તેનું તર્કપૂર્ણ અને પાંડિત્યપૂર્વક નિરાકરણ તેમણે કરતાં જૈન શાસનની જબરી પ્રભાવના થઈ હતી.

તેઓશ્રી એક ગ્વાલીયરના શિવપુરી ક્ષેત્રમાં પણ એક મોટી પાઠશાળા સ્થાપેલી. વીરતત્ત્વ પ્રકાશક મંડળના આશ્રયે ચાલતી એ પાઠશાળામાં જ આપણા પ્રખ્યાત લેખકો શ્રીજયભિખ્ખુ, રતિલાલ દીપચંદ દેસાઈ, શાંતિલાલ સાઠંબાકર વગેરે વિદ્વાનો તૈયાર થયેલા. ત્યાં પણ તેમણે મોટો ગ્રંથ ભંડાર સ્થાપેલો. અને તેઓશ્રીની જીવન સંધ્યાનો કાળ તથા સ્વર્ગવાસ ત્યાં જ થયેલા.

બનારસથી તેમણે એક ગ્રંથમાળા પ્રવર્તાવેલી, જેના માધ્યમથી સેંકડો પુરાતન ગ્રંથોનાં સંશોધન તથા પ્રકાશન થયેલાં. શિવપુરીથી પણ તેવી જ ગ્રંથમાળા ચાલુ થઈ હતી. તેઓશ્રીએ મહુવામાં યશોવૃદ્ધિ બાલાશ્રમની તો આગ્રામાં ધર્મલક્ષ્મી જ્ઞાનભંડારની સ્થાપના કરેલી.

અનેક પરદેશી વિદ્વાનો તેમના સંપર્કથી જૈન ધર્મના જાણકાર તથા અભ્યાસી બન્યા હતા. હરમાન યાકોબી, એલ. પી. ટેસીટોરી તથા તેવા અસંખ્ય સ્કોલરો તેમના ચાહક, પ્રશંસક તથા ભક્ત બનેલા. બધાયને તેમની વિદ્વત્તા તથા અસંકુચિત ઉદારતા આકર્ષતી રહેલી. ડૉ. શાર્લોટ ક્રાઉઝે નામનાં ફ્રેન્ચ વિદુષીએ તો જૈન શ્રાવિકા બનીને જૈન ધર્મનાં વ્રતો સ્વીકારેલા. તેમણે વિદેશોમાં જૈન ધર્મ વિષેની ભ્રમણાઓને નિવારવામાં બહુ મોટું યોગદાન આપેલું. મહારાજશ્રીના સ્વર્ગવાસ પછી અનેક વિદેશી વિદ્વાનોએ અંગ્રેજી તથા જર્મન વગેરે ભાષાઓમાં તેમનાં ચરિત્ર લખીને પ્રકાશિત કરેલાં, જે એક દુર્લભ ઘટના ગણાય.

તેમના શિષ્યોમાં ઈતિહાસતત્ત્વ મહોદધિ આ. વિજયેન્દ્રસૂરિ, મુનિ શ્રી વિદ્યાવિજયજી, ઉપાધ્યાય મંગલવિજયજી, હિમાંશુ વિજયજી, ન્યાયવિજયજી વગેરે નામો આદરપૂર્વક લઈ શકાય. બધા મોટા વિદ્વાન સાધુઓ હતા આ બધાએ અનેક શ્રેષ્ઠ ગ્રંથો રચ્યા છે, અને સંપાદિત પણ કર્યા છે.

ભારતભરમાં વર્ધમાનતપ આયંબીલ ખાતું નામની સંસ્થાનો સૌ-પ્રથમ આરંભ કરનારા આ. શ્રી વિજયભક્તિસૂરિ મહારાજ તે આ મહાન આચાર્યશ્રીના જ શિષ્ય આ. તેમની પાટ પર શ્રીપ્રેમસૂરિ-સુબોધસૂરિજી આદિ થયા.

વિજયધર્મસૂરિજી મૂળે મહુવાના નામ મૂળચંદ રામચંદ નાની ઉંમરમાં જુગાર અને સટ્ટાની લત લાગતા પિતાનાં આકરાં વેણથી ઉભગ્યા, અને ભાગી છૂટ્યા. પણ ભાગ્ય તેમને ભાવનગર લઈ ગયું, અને ત્યાં ગુરુભગવંત શ્રી વૃધ્ધિચંદ્રજી મહારાજનો ભેટો થયો, એ મહાન વિભૂતિની છાયા કહો કે સ્પર્શ - તેનો પ્રભાવ એવો પ્રસર્યો કે મૂળચંદની ચિત્તવૃત્તિ સમૂળી પલટાઈ ગઈ! તેણે દીક્ષા લેવાનું નક્કી કર્યું. ગુરુવર્યે મા-બાપની રજા વિના દીક્ષા આપવાનો ઈન્કાર કર્યો, તો લાખ ઉપાયે માતા-પિતાને મનાવ્યાં અને અનુમતિ લઈને દીક્ષા લીધી જ. નામ થયું ધર્મવિજયજી. દીક્ષા પછી મતિમંદતાના કારણે જ્ઞાન ન ચડે, તો એવી ધારણા બંધાઈ કે પાણીના ઘડા લાવશે. પણ અંદર બેઠેલી તીવ્ર સાહસી પરાક્રમવૃત્તિ. ગુરુકૃપા અને કઠોરશ્રમ રંગ લાવ્યા વિના કેમ રહે ? તેઓ ભણ્યા. ગુરુની ચિરવિદાય પછી સ્વતંત્ર વિચર્યા. અનુભવસમૃદ્ધ બન્યા. અને પછી પોતાના જીવનની કેડી પોતે જ કંડારી.

તેમના જીવનની એક વિચિત્ર ઘટના તે દેવદ્રવ્ય-પ્રકરણની ઘટના. તેઓ પોતે જૈન સાધુ હતા. શાસ્ત્રજ્ઞ હતા. શાસ્ત્ર-સિદ્ધાંતને તોડવા કે તેથી વિપરીત વર્તવું તે તેમના મનમાં નહોતું. પરંતુ તેમણે જોયું કે દેવદ્રવ્યની સરખામણીમા સાધારણખાતાનો ખર્ચ અનેકગણો રહે છે, અને તેની આવક કે સંપત્તિ નહિવત્ છે. પરિણામે અનેક કાર્યો તથા ક્ષેત્રો સીદાયા કરે છે, રખડી પડે છે. ઘણે ઠેકાણે તો સાધારણનો ખર્ચ કાઢવા માટે દેવદ્રવ્યનાં દેવાં થાય છે, જે પછી મોટે ભાગે ચૂકવાતાં નથી. આ વિકટ બલ્કે વિકરાળ સમસ્યાનો ઉકેલ લાવવા માટે તેઓએ એવો વિચાર વ્યક્ત કર્યો કે જો સંઘ ઠરાવે તો અમુક પ્રકારની આવક દેવદ્રવ્યને બદલે સાધારણમાં લઈ શા માટે ન શકાય ? સંઘ અવશ્ય આવું ઠરાવી શકે.

આટલો વિચાર તેઓએ રમતો મૂક્યો, ત્યાં તો તેમના પર દેવદ્રવ્યભક્ષક, સાધુ, ઉત્સૂત્રપ્રરૂપક, શાસ્ત્રવિરોધી જેવા આક્ષેપોનો ભારે તોપમારો થયો. સમાજ તથા સંઘની નજરમાંથી ઊતરી જાય અને બધા તેમને હડધૂત કરે તે પ્રકારની પ્રવૃત્તિ કહેવાતા રૂઢિચુસ્ત પણ વાસ્તવમાં ઝનૂની લોકો તરફથી થઈ. પરિણામે ધર્મસૂરિજી ખિન્ન થયા. તેમણે પોતાની દિશા. બદલી અને અન્ય કાર્યોમાં પરોવાઈ ગયા. તેમણે ક્યારેય દેવદ્રવ્યનું ભક્ષણ ગણાય તેવી કોઈ પ્રવૃત્તિ કરી કે કરાવી નહોતી કે નથી, છતાં ધર્માંધ ઝનૂની વર્ગને કારણે તેમની પ્રતિભાનો લાભ સમાજીને ન મળ્યો, તે પણ હકીકત છે.

પણ આ મહાપુરુષ જૈન શાસનના એક શ્રેષ્ઠ પ્રભાવક આચાર્ય હતા, અને તેમણે કરેલી તેવી પ્રભાવના બીજું કોઈ નથી કરી શક્યું તે તથ્યનો ઈન્કાર થઈ શકે તેમ નથી.

આવા મહાન જૈનાચાર્યનો સ્વર્ગવાસ વિ. સં. ૧૯૭૭માં થયો હતો તે ઘટનાને સં. ૨૦૭૭માં સો વર્ષ પૂરાં થાય છે. તે રીતે આ વર્ષ તેઓની સ્વર્ગારોહણ-શતાબ્દીનું વર્ષ છે તેનો પ્રારંભ ભાદરવા શુદિ ૧૪ના દિને થાય છે.

આપણે, તેઓશ્રીના ગુણાનુરાગી લોકોએ, તેમની આ શતાબ્દીએ તેમનું પુનિત સ્મરણ કરવું ઘટે. તેમના સ્મરણમાં ઉચિત અંજલિરૂપ આયોજનો કરવાં ઘટે.

કેટલાંક આયોજનોની સામાન્ય રૂપરેખા આવી હોય.

૧) તે મહાપુરુષે રચેલા સંસ્કૃત, હિન્દી, ગુજરાતી ગ્રંથો તથા પુસ્તકોનું નવા રૂપ-રંગથી પ્રકાશન થાય.

૨) તેમની સ્મૃતિરૂપે વિવિધ દેશ-વિદેશના વિદ્વાન લેખકોએ તેમના જીવનચરિત્રો વગેરેરૂપ સાહિત્ય લખ્યું હોય તેનું નવેસરથી પ્રકાશન થાય. તેના અનુવાદો પણ થાય.

૩) તેઓએ બે ત્રણ સામાયિકો પ્રગટ કરેલા. તેના અંકો મળેવીને તેનું પુનઃ પ્રકાશન થાય.

૪) તેમના ધુરંધર વિદ્વાન શિષ્યોએ લખેલા અઢળક ગ્રંથોનું પુનઃ પ્રકાશન થાય.

૫) બધા ગ્રંથો/પુસ્તકોનું એક યુનિફોર્મ (આકાર, કદ, પ્રકાર) નક્કી થાય, અને તે રીતે જ પ્રકાશનો થાય.

૬) આચાર્યશ્રીએ તથા તેમના શિષ્યોએ સ્થાપેલી-વિકસાવેલી તમામ સંસ્થાઓનો સુપેરે પરિચય આપતી પુસ્તિકા પ્રગટ થાય.

૭) આચાર્યશ્રીનો જીવન-પરિચય આપનું આધુનિક અને સરળ શૈલીનું પુસ્તક તૈયાર કરવામાં આવે. આવા ચરિત્રમાં વ્યક્તિપૂજા કે વ્યક્તિના મહિમાગાન જ ન હોય, પરંતુ તેમના ઊજળા વ્યક્તિત્વનો તટસ્થભાવે પરિચય અપાવો જોઈએ.

૮) શિવપુરી, બનારસ, મહુવા ઈત્યાદિ સ્થળોએ તેઓશ્રીએ જે સંસ્થાઓ સ્થાપી હતી, તે સંસ્થાઓ નિષ્ક્રિય, નિષ્પ્રાણ અને અવાવર પડી છે. તે સંસ્થાઓ પાછી સજીવ-સચેતન થાય અને વ્યાપક સમાજને માટે ઉપયોગી થાય તેવો પ્રયત્ન થવો જોઈએ.

૯) તેઓશ્રીનો જે ઘરમાં જન્મ થયો હતો તે ઘર હાલ ખંડેર દશામાં પડી રહ્યું છે. એ સ્થાન અન્ય કોમની વ્યક્તિને વેચાઈ ગયેલું. તેમની પાસેથી ચોદ-પંદર લાખમાં તે ઘર ખરીદાવી લીધું છે, હવે ત્યાં તે મહાપુરુષનું ઉચિત સ્મારક બનાવવાનું છે

૧૫થી ૨૦ લાખ લાગે. શતાબ્દી વર્ષમાં તેમના ‘શામ વચ્છા પરિવારમાં કોઈ ભાવનાશાળી ભક્તજન હોય, જે પહોંચતો હોય, અથવા તેમના ભક્તો પૈકી કોઈ ભાવિક હોય, તો આ સરસ અને કરવા યોગ્ય કામ થઈ શકે. આવા કામમાં ભક્તિ અને ઉદારતાનું જ માહાત્મ્ય હોય છે, વહીવટ અને વ્યવહાર ગૌણ હોય.

૧૦) મુંબઈમાં વર્ષોથી સામાજિક પ્રવૃત્તિઓ કરતાં સ્વયંસેવક મંડળ BJSMની સ્થાપના શ્રીવિજયધર્મસૂરિજીએ કરી હોવાનું સાંભળ્યું છે. જો તે સાચું હોય તો તે સંસ્થાનો પણ હવે યુગાનુરૂપ પુનરૂદ્ધાર તેમજ કાયાકલ્પ થવો ઘટે.

આ બધા સુઝાવો કે વિચારો અહીં અછડતા નોંધ્યા છે. આમાં ઊંડા અને વધુ વિચારને પૂરો અવકાશ છે. પરંતુ તાત્પર્ય એટલું જ છે કે આપણા શ્રીસંઘના એક મહાન આચાર્યદેવને આજે આપણે ફરી યાદ કરીએ અને તેમની શતાબ્દીના પર્વે ઉત્તમ કાર્યો કરવા દ્વારા તેમને ભાવાંજલિ આપીએ.

✦ ✦ ✦

# વિદ્રોહી, ક્રાંતિકારી પ્રયોગોનો પ્રખર વૃત્તાંત ગેઈલ ઓમવેટનું કાર્ય – (૧૯૪૧–૨૦૨૧)

**કલ્પના કન્નબિરાન**

‘**ક્રાં**તિ’ એટલે શું? આપણે તેની સામાજિક લાક્ષણિકતા, તેનો ઈતિહાસ અને તેના વલણને કેવી રીતે સમજી શકીએ? આપણે ક્રાંતિકારીઓ અને ક્રાંતિકારી ક્રિયાઓને કેવી રીતે સમજી શકીએ? ક્રાંતિની જ્યારે વાત કરીએ છે ત્યારે તેની કાર્યપદ્ધતિ અને સિદ્ધાંત વચ્ચે શું સંબંધ છે? આદર્શ ક્રાંતિકારીના શું લક્ષણો છે? તેના સાધનો, સામાજિક-ઐતિહાસિક અને સ્થળ વિષયક (ગ્રામીણ/શહેરી/પ્રાદેશિક) સંદર્ભો શું છે? ક્રાંતિકારી સમન્વય કેવી રીતે વિકસે છે? વ્યાપક ક્રાંતિકારી અખંડિતતાનાં સંદર્ભે ઈરાદાપૂર્વક થતાં સંવાદ, વિવાદાસ્પદ ચર્ચા, એ સર્વ મતભેદનું શું સ્થાન છે? ગેઈલ ઓમવેટ પોતાની જીવંત કાર્યપ્રણાલી દ્વારા ક્રાંતિની આંતરિક દુનિયાનાં આ પ્રશ્નોને ઉજાગર કરે છે. ૧૯૭૦ના દાયકામાં મહિલાઓના સંઘર્ષો, નારીવાદી ક્રિયાઓ પરના લખાણ તેમ જ તેમના જાતિવિરોધી તત્વજ્ઞાન, રાજકારણ અને ૨૦૦૦ના દાયકાના આંદોલનો પરના તેમના પ્રારંભિક લખાણથી ઘણી વાત સ્પષ્ટ થાય છે. પાંચ દાયકાઓમાં જુદાજુદા સંદર્ભોમાં પ્રાપ્ત થતાં તેમનાં લખાણોને વાંચવાથી આપણને ભાન થાય છે કે સામૂહિક સંઘર્ષનું જાગૃતિપૂર્વકનું સંભાષણ કરવાથી અને ચોક્કસ ઐતિહાસિક ક્ષણો પર ચોક્કસ રીતે પ્રશ્નો અને લાંબી ચર્ચાઓ દ્વારા - નારીવાદ, જમીન અને પાણી અંગેના સંઘર્ષો, પર્યાવરણીય સંઘર્ષો, હિન્દુ બહુમતીવાદ અંગેના તેના સંબંધમાં અને તેની સ્થિતિમાં પરિવર્તન આવ્યું છે. તેમનાં વિશિષ્ટ લખાણોના સંચયની પુનઃસમીક્ષા કરીએ તો, આપણી જાતને પ્રબળ હિન્દુ વર્ચસ્વવાદી શાસનનાં ઉદરમાં પામીએ, વિદ્રોહી, ક્રાંતિકારી પ્રયોગોનાં પ્રખર વૃત્તાંત દ્વારા અદ્ભુત ક્રાંતિકારી શક્તિ ઉજાગર થાય છે. સામાજિક અને ઐતિહાસિક સંદર્ભોના ઘટનાક્રમમાંથી પસાર થતાં જે અર્થ, હેતુ અને દ્રષ્ટાંતો પ્રાપ્ત થાય છે તેના દ્વારા વર્તમાન ભારતનાં સાંપ્રત સંઘર્ષો સમક્ષ ટકવાની શક્તિ આપે છે.

દલિતોએ જાતિપ્રથાના મૂળ જે ભૌતિક અને આધ્યાત્મિક સંદર્ભમાં રહ્યા હતા, તેનો વિરોધ કર્યો. દલિતોનો આ પ્રતિકાર ઐતિહાસિક અને ક્રાંતિકારી શક્યતાઓના વૃત્તાંતો અને વિચારો, દ્વારા કાર્યમાં કઈ રીતે પરાવર્તિત થયા એ સમજવાની ચાવી મળે છે. તેમને કરેલી શહેરીકરણયુક્ત સ્વાયત્ત નારીવાદની રચનાત્મક સમીક્ષાઓના માધ્યમથી અને તેમને ઉભા કરેલા અનેક પ્રશ્નોથી ભારતના માર્ક્સવાદી માળખા વિશે પણ સમજી શકાય છે. ભારતીય ઉપખંડમાં હિન્દુત્વ સામેના તેમનાં દીર્ઘકાલીન પ્રતિકારનો ઘટનાક્રમ - આ છે, જે ભારતીય ઈતિહાસને સ્પષ્ટ બનાવે છેઃ જે રીતે દલિતો, બહુજન, આદિવાસીઓ, ખેડૂતો, કામદારો, મુખ્યત્વે ગ્રામીણ, મોટાભાગે મહિલાઓ સમાનતા એ ગૌરવ માટે, જમીન અને પાણીના સંઘર્ષ દ્વારા અસ્પૃશ્યતા સામે, ઉચિત વેતન માટે, પૂજા સ્થાનો અને કુદરતી સંસાધનો માટે અવિરત લડ્યા. આધ્યાત્મિકતાના માર્ગે, જે ભૌતિક રીતે મૌલિક એ બ્રાહ્મણવાદી

હિન્દુ ધર્મ દ્વારા મધ્યસ્થ ન થયા હોય તેવા દલિત લોકો દ્વારા રચાયેલ સાધનો અને નિમ્નથી ઊચ્ચ તરફનાં ઉદ્દેશ માટે લડ્યા, અને ત્યારે મહત્વનું એ છે કે, રાજ્ય-શાસક વર્ગ દ્વારા જાતિ વિરોધી પૂછપરછ થાય છે, જે એકવિધ ઐતિહાસિક ક્ષણોને જોડી દે છે.

ક્રાંતિકારી ઘટનાક્રમનું વિવરણ જોઈએ અને સમજીએ. વાસ્તવમાં સ્વયંક્રાંતિને ઓમવેટ, સંસ્થાઓના ઉદાહરણ દ્વારા રજૂ કરે છેઃ બુદ્ધ કબીર રવિદાસ, તુકોબા, જ્યોતિબા ફૂલે, ઈયોથી થાસ, પેરિયાર, રમાબાઈ, આંબેડકર, આ ઉદાહરણો વ્યક્તિગત છે. આ બાબત તરફ ધ્યાન દોરીને તેઓ ઉપખંડ પર 'જ્ઞાનોદય'ના બહુવિધ આયામોને પ્રકાશિત કરે છે, એવા દાર્શનિક વિચારોનું પ્રતિનિધિત્વ કરે છે, જે યુરોપીય જ્ઞાનોદયથી આગળ નીકળી ગયા છે. ભારતીય વિચારસરણીમાં સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના જે આદર્શો એમણે પ્રસ્તુત કર્યા છે, તે જાતિગત ગુલામીથી મુક્ત થયેલા આદર્શ હતા, અને ઐતિહાસિક રૂપથી બૌદ્ધ ધર્મના ઉદ્ભવને ડૉ. બાબાસાહેબ આંબેડકરના નેતૃત્વ હેઠળ સ્થપાયેલ નવયાનનાં સાહિત્ય, પ્રદર્શન અને અભૂતપૂર્વ રીતે કરેલા પ્રતિકારની રચનાના માધ્યમથી ભારતીય દર્શનને વર્તમાન સાથે જોડી શકાય, એવા દ્રષ્ટિકોણ તેમણે આપ્યા હતા.

મૈત્રી, વિશ્વાસપાત્રતા, જાતિવિરોધી કલ્પનાનો મુખ્ય ભાગ હોવા છતાં, જાતિના નાશ માટેનો સંઘર્ષ અને સમતાવાદી સામાજિક વ્યવસ્થા એ છે કે જે હિંસા અને વિસ્થાપનનો પ્રતિકાર કરે છે - રોજિંદા, નિયમિત અને અસાધારણ સંરચનાત્મક હિંસાને પ્રણાલીગત અને વ્યવસ્થિતા સાથે ભેળસેળ કરવામાં આવી છે. સમાજમાં જે સહજ રૂપે વર્તાય છે તે હિંસા પ્રત્યે એ જાગૃત કરે છે. હિંસાનો સામનો કરવા, દમિત જાતિઓનો નાશ કરનાર બંધનોને તોડવાનો પ્રયાસ, તેમની સંગઠિત કરવાની રાજનીતિ, આંદોલનો, વિચારધારાઓ અને રાજકારણ વચ્ચેના અંતરભેદને પ્રગટ કરે છે. સત્તાના કેટલાંક મહત્વના પરિબળ તરફ તે ધ્યાન ખેંચે છે. જ્યાં વિદ્રોહ, પ્રતિકાર, ભૂગર્ભ, દ્રઢતા અને પ્રવાહિતા છે જ્યાં સામાજિક આંદોલનોની શક્યતાઓને વધારે છે અથવા ઓછી છે, ત્યાં તે ધ્યાન ખેંચે છે. ઓમવેટે વિભિન્ન સ્થળે ચાલતી રાજનૈતિક ચળવળો પ્રત્યેના પોતાના વિદ્રોહી, તેજસ્વી મંતવ્યો ચર્ચાઓ દરમ્યાન પ્રગટ કર્યાં. તેમને પોતાના વિચારો દ્વારા સમાજમાં બદલાવ લાવવાનો પ્રયત્ન કર્યો.

ઉદાહરણ તરીકે ક્રાંતિનું પુનઃનિર્માણ (૧૯૯૩), તે નક્સલવાદ, દલિત, પેન્થર્સ, ખેડૂતોની ચળવળો, મહિલા ચળવળો, પર્યાવરણીય ચળવળોના મધ્યેના સંઘર્ષ અને સાતત્યને જોવામાં આવે છે. એક કાર્યકર્તાનાં રૂપે આ ચળવળોની આંતરિક પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરતી વખતે ફાયદા અને નુકસાનની પાયાગત માહિતી ગહનતાથી સમજીને ઓમવેટે સિદ્ધાંત અને પ્રતિરોધના અભ્યાસની વચ્ચેના સૈદ્ધાંતિક વિભાજનને દૂર કરવાનો પ્રયત્ન કર્યો. અનુભવના આધારે સુધારણા કરીને 'સેતુ-પ્રકલ્પ' પ્રારંભ કર્યો. તેમણે માર્ક્સવાદ, ઉત્પાદન પદ્ધતિ, મહિલા મુક્તિ, નાના ખેડૂત, ખેત-મજૂર અને ખેડૂત વચ્ચેના તફાવતો પર તીવ્ર શૈક્ષણિક વાદ-વિવાદમાં ભાગ લીધો. ઉદાહરણ તરીકે - સિદ્ધાંતની કેન્દ્રિયતા પર આધારિત જીવંત અનુભવ.

દાખલા તરીકે તેમણે 'નાના-ખેડૂત આંદોલન' (Peasant) શબ્દનો ઉપયોગ કર્યો જ્યાં તેઓ દલીલ કરે છે કે કેટલાક લોકો તેને 'ખેડૂત આંદોલન' કહેવાનું પસંદ કરે છે, પરંતુ ભારતીય ભાષાઓમાં ખેડૂત અને નાના-ખેડૂત વચ્ચે આવો કોઈ તફાવત કરી શકાતો નથી, જે ફક્ત કિસાન, ખેડૂત, રાયતુ, શેતરકી વગેરેની જ વાત કરે છે. વ્યાવસાયિક ક્ષેત્રે પ્રસારિત અને ભારતીય ખેડૂતોના બદલાતા અભિગમ ગમે તે હોય, તેઓ હજારો વર્ષોથી ચાલી આવતી પરંપરામાં તેમના સામાજિક અને ઐતિહાસિક મૂળ ધરાવે છે. એટલે જ તેઓ કહે છે કે, તેમણે 'ખેડૂત' શબ્દનો ઉપયોગ કરવાનું ચાલુ જ રાખ્યું.

અથવા તેમની માન્યતા એ હતી કે, ગ્રામીણ અને પરિશ્રમશીલ મહિલા સંઘર્ષ ઘણી જગ્યાએ થયો, પરંતુ તેઓ હંમેશા નારીવાદી અભિવ્યક્તિ આપતા નથી, પિતૃસત્તાના વિરોધમાં સંઘર્ષ કરનારી રમાબાઈ અને તારાબાઈ શિંદેનું 'પ્રારંભિક નારીવાદી'ના રૂપે વર્ણન પ્રાપ્ત થાય છે, અને ૧૯૯૩માં મહિલાઓની શારીરિક ગતિશીલતાને ઘટાડતી હિંસાનું વર્ણન કરવા માટે 'જાતીય આતંકવાદ'નો ઉપયોગ, ૧૯૯૯માં અમેરિકન નારીવાદી ફિલસૂફ ચેરીસ ક્રામારે દ્વારા ઉપયોગમાં લેવાયો હતો.

સામાજિક ચળવળોનો અભ્યાસ કરવા અને એમની વંશાવલીને આદર્શવાદી કલ્પનો સુધી પહોંચાડવા, ઓમવેટે અવિરત પોતાનાં વર્ણનોમાં દલિત બહુજન નારીવાદીના દ્રષ્ટિકોણ સાથે એવી સોપાનયુક્ત રીતો શોધી, જેમાં સમકાલીન રાજનૈતિક સંરચનાઓથી નારી પર થતાં જુલમ, સામંતશાહી શાસનની રાજનીતિ અને એમની સત્તાની ટીકા પોતાની અભિવ્યક્તિમાં યોગ્ય રીતે સમાયોજિત કરી. દાખલા તરીકે ભારતમાં ડાબેરીઓ

(૧૯૮૫), શરદ પાટીલના નેતૃત્વમાં સત્યશોધક કમ્યુનિસ્ટ પાર્ટી, શરદ જોશીના નેતૃત્વમાં શેતકરી સંગઠન અને ૧૯૯૩માં 'શ્રમિક મુક્તિ દળ'માં તેમની પાયાની ભૂમિકાને રહી, મહિલાઓ સામૂહિક સંઘર્ષની ચાલક હતી, તે હકીકત પ્રયોગમૂલક રીતે અસંભવિત હતી, આ આંદોલનોમાં પુરુષોનો દ્વારા સ્વીકારાયોં હતો. 'સમય-સમય પર વિવિધ ડાબેરી પક્ષોના પુરુષ આયોજકો, એ હકીકતની સાક્ષી આપી છે કે, ''સ્ત્રીઓ સૌથી વધુ સક્રિય હતી.''. તેમણે ૧૯૬૭માં નક્સલબારીમાં જેમાં આગલા દિવસે જ બે મહિલાઓ અને એક પોલીસકર્મીના મોત થયા હતા ત્યાર પછી પાર્થ મુખર્જીએ એ મુકાબલાનું સંભળાવેલ વર્ણન યાદ કરે છેઃ

''પ્રોસાદુજોટેમાં આવી જ એક ગ્રામ સભા યોજાવાની હતી જેમાં આગલા દિવસની સંધ્યાએ બે મહિલાઓના મૃત્યુ પર વેધક પ્રતિક્રિયા વ્યક્ત કરીને મહિલાઓએ એક પહેલ આરંભી હતી. આ સમયે એસડીઓની પોલીસ પાર્ટીનો સામનો મહિલાઓ દ્વારા અભદ્ર ભાષામાં ગાળો બોલી, બૂમરાણ સાથે થયો હતો... એકંદર છાપે છે કે પોલીસે આગળ વધવાનો આગ્રહ કર્યો અને મહિલાઓએ પાછા ફરવાનો આગ્રહ કર્યો, અન્યથા તેમના માણસોની ધરપકડ કરવામાં આવશે.''

મૃત્યુ પામેલા દસ લોકોમાંથી સાત મહિલાઓ હતી. ગેઈલ ઓમવેટનું માનવું છે કે, 'મહિલાઓની આક્રમકતા (૧૯૮૦ના દશક સુધી મુખર્જીના વર્ણન પ્રમાણે તેઓ જુલ્મીઓ પર 'બબડાટ'ના રૂપે બરાડતાં હતા તે પુરુષ પ્રધાનવાદ તરીકે લક્ષિત બન્યા હોત) આમ ઐતિહાસિક ભારતીય બળવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો.

શરદ પાટીલે તેમની સત્યશોધક સામ્યવાદી પાર્ટીના ધ્યેયમાં 'મહિલાઓની ગુલામીનો અંત લાવવો' ઉમેર્યું, લોકશાહી ક્રાંતિ માટે જાતિને અનિવાર્ય રૂપથી સમાપ્ત કરવાનું લક્ષ્ય ગણાવ્યું. જેમાં મિલકતના અધિકારો અને જાતીયતા એ મુખ્ય ચિંતા હતી. શરદ જોશીના નેતૃત્વમાં શેતકરી સંગઠન દ્વારા ૧૯૮૬માં આયોજિત ચાંદવાડ પરિષદ સૂત્રોચ્ચાર સાથે ગુંજી ઊઠ્યુંઃ 'સ્ત્રી શક્તિ જાગૃતિ સ્ત્રી-પુરુષ મુક્તિ' - નારી શક્તિના જાગરણના માધ્યમથી સ્ત્રી અને પુરુષોની મુક્તિ. ઓમવેટે ભારત પાટણકર સાથે મળીને જે શ્રમિક મુક્તિ દળની (એસએમડી) સ્થાપના કરી હતી, એમાં મહિલાઓ પ્રત્યે એમનો દ્રષ્ટિકોણ અન્ય કોઈપણ ડાબેરી પક્ષ કરતા વિકસિત હતો. ઓમવેટના મતે, જ્યાં સુધી મહિલાઓ જુલમથી મુક્ત, વર્ગહીન, જ્ઞાતિવિહીન સમાજ માટે સંઘર્ષની કહે ત્યાં સુધી સ્ત્રીઓનું શોષણ થતું રહેશે. એસએમડીએ 'સંપૂર્ણ માનવતાની મુક્તિ' (ગાયકવાડ અને પાટીલ ૨૦૧૭) માટેના મુક્તિના માટેના ત્રણેય પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. મહત્વની વાત એ છે કે, એસએમડીની અંદર ગ્રામીણ/નાના શહેર આધારિત જૂથોમાંથી સમાનતા ધરાવતી મહિલાઓ (ત્યજી દેવાયેલી, છૂટાછેડા લીધેલી/નિર્જન)ની ચળવળ મહિલાઓને શોષિત પરિવારથી દૂર કરી આર્થિક સહાય અને સામાજિક કાયદેસરતા માટે રાજ્ય પાસે સહાયની માંગણીઓ કરવા તરફ વળ્યા.

આ એક એવો સમય હતો જ્યારે ભારતમાં સ્વાયત્ત નારી આંદોલન અને નારીવાદનો ઉદય થયો હતો, ઓમવેટ તેમના તમામ કાર્યોના માધ્યમથી એ વાત પુનરાવર્તિત કરે છે કે, ક્રાંતિકારી પ્રવાહનું ગઠન દલિત બહુજન આદિવાસી મહિલાઓ દ્વારા રચવામાં આવ્યું હતું. જેમણે નોંધપાત્ર રીતે તેમનાં જીવનમાં આંતરવિરોધી નારીવાદી સંવેદનશીલતાને મૂળ રીતે આત્મસાત કરી હતી, તે  એમના જીવન જગતથી ગર્ભિત હતી, તેમણે વિશ્વભરની ચળવળો માટે પ્રેરણા આપી છે.

એમનાં જ શબ્દોમાં જોઈએ તો, 'ખેતી અને ગરીબ ખેડૂતોની ચળવળમાં મહિલાઓ માત્ર એક વર્ગના વિચ્છિન્ન પ્રતિનિધિઓ તરીકે આગળ નથી આવી.'

**અંતરવિરોધી અને જીવંત પ્રયોગઃ**

ગેઈલ ઓમવેટે પોતાનાં સર્વ પ્રકાશિત કાર્યોનાં માધ્યમથી સહ-યાત્રીઓનાં નામનો ઉલ્લેખ કર્યો, જેમની સાથે તેઓ વિભિન્ન કારણોથી સંમત, અસંમત હતા અને સહયોગ પણ આપ્યો હતો. દુષ્કાળગ્રસ્ત મરાઠવાડાથી બહારની તરફ જોતાં દલિત સંઘર્ષ જે ઘટનાઓ બની તો ખાસ કરીને જમીન અને પાણીનાં સંદર્ભમાં પ્રતિભાવ આપે છે. પાંચ દાયકામાં, ૧૯૬૦ના દાયકાના અંતથી આશરે ૨૦૧૭ સુધી, તેમણે દલિત બગુજન ક્રાંતિકારી ચળવનાં સંબંધમાં પશ્ચિમી સિદ્ધાંતને સમજવાની રીતો અને ક્રાંતિના વિચારને નવી રીતે શોધવાની રીતો શોધી. તેમણે સિદ્ધાંત-અભ્યાસમાં વિભાજનનાં કારણોને સમજવાની કોશિશ કરતા ભારતના ડાબેરી અને માર્ક્સવાદી રાજનૈતિક સંરચનાઓને નજીકથી જોયાં અને સ્પષ્ટપણે સમજ્યા. તેમણે વિદ્રોહી આધ્યાત્મિકતા માટે દલિત અર્થનાં અનુસંધાનની શોધ કરી.

અંતરવિભાજકતા પર તેમના તાજેતરના કાર્યમાં, સમાજશાસ્ત્રીઓ પેટ્રિશિયા હિલ કોલિન્સ અને સિરમા બિલ્ગે

(૨૦૧૬) એ સંયુક્ત અમેરિકામાં જાતિ, લિંગ અને વર્ગના આંતરવિકૃત શોષણના પ્રારંભિક અશ્વેત નારીવાદી અભિવ્યક્તિની સાથે-સાથે વસાહતી ભારતનાં સાવિત્રીબાઈ ફૂલેના જાતિ અને લિંગ આધારિત વિચારોનાં ઉદભવને શોધી કાઢે છે. જેમણે પ્રથમવાર ૧૯૯૧માં અમેરિકામાં ભૌગોલિક અને ઐતિહાસિક રીતે ખ્યાલ પ્રસ્તાવિત કર્યો હતો, એવા કિમ્બરલે ક્રેનશૉના કામને એમણે વિસ્તૃત કર્યો. ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકામાં લેખિત, આફ્રિકન અમેરિકન નારીવાદી સંઘર્ષો અને દલિત આંદોલનો તો નજીકથી પરિચિય આપ્યો. ઓમવેટે ભારતમાં જાતિ અને મહિલાઓ સામે હિંસાના આંતર-દમન પર કાર્ય કર્યું હતું તે વાસ્તવમાં યુ.એસ.માં ક્રેનશોના કાર્ય સાથેની સામ્યતા સૂચવે છે. જ્યારે તેઓ પોતાનાં કાર્યમાં પાશ્ચાત્ય નારીવાદી વિદ્વાનોનાં સંદર્ભ આપે છે, ત્યારે તેમાં વ્યવહારિક અતિશયતા હોવા થતાં તેઓ અંતર્વિરોધોના વિચારો સાથે સંલગ્ન નથી થતાં. ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં જ્યારે ક્રેનશોએ લખ્યું, ઓમવેદત ગ્રામીણ સંઘર્ષો, કૃષિ કટોકટીઓ અને જાતિ વિરોધી તત્વજ્ઞાનના  પ્રશ્નોમાં નોંધપાત્ર રીતે સ્થાનાંતરિત થયા હતા - જ્યાં તેમણે પ્રતિકારમાં મહિલાઓની ભાગીદારીનું અવલોકન કરવાનું ચાલુ રાખ્યું હતું, પરંતુ એ વાત ચાલુ જ રહ્યું. આંતરરાષ્ટ્રીય નારીવાદી ચર્ચાઓમાં ઓછી સહભાગી હતી. તેમ છતાં, તેમનું કાર્ય ચાલુ જ રહ્યું. અંતર્વિરોધની વંશાવળીમાં રસ ધરાવતા વિદ્વાનો અને દલિત બહુજન મહિલાઓના કટ્ટરવાદને સમજવામાં તેઓ સતત કાર્યરત રહ્યા.

કોન્વીવિયલિસ્ટ ઈન્ટરનૅશનલ (૨૦૨૦) દ્વારા પ્રસ્તાવિત બીજા અનુકૂળ ઘોષણાપત્ર પર આજે વૈશ્વિક સ્તરે આપણી ચર્ચાઓ ચાલી રહી છે. 'પરસ્પર નિર્ભરતાની ઘોષણા' માનવ સહકાર, એકતા, સમાન માનવીય ગૌરવ અને 'તેની સામાજિક અનુભૂતિની આવશ્યકતા' (વિશ્વાસપાત્રતા) તેમજ તેની 'જીવંત અભ્યાસ' (માન્યતા) માટે આદર્શ સૈદ્ધાંતિક સ્થિતિ નક્કી કરે છે. ગેઈલ ઓમવેટના કાર્યક્ષેત્રમાં 'મૈત્રી' કેન્દ્રસ્થાને રહેલી છે. આ વિચારનાં મૂળ જાતિ વિરોધી દર્શન અને દલિત બહુજન આદિવાસી ક્રાંતિકારીઓની પ્રથાઓમાં છે. આ અનુકૂળ બિંદુથી પ્રતીતિવાદી ઘોષણાપત્રના વાયદા સાથે સંકળાયેલા હોવાને કારણે ભારતમાં અને આંતરરાષ્ટ્રીય સ્તરે દક્ષિણપંથી રાષ્ટ્રવાદ અને રાજકારણના ઉદય સામે સંગઠન કરવાની મહત્વની સમજ મળી શકે છે.

ભારતની અંદર અને બહારના રાજકીય, સાહિત્યિક અને શૈક્ષણિક લોકો સાથેની તેની તીવ્ર વ્યસ્તતામાં, ગેઈલ ઓમવેટે પોતાને એક વાર્તાકાર, એક સંદેશવાહક તરીકે જોયા, જેણે જાતિ નિર્મૂલન અને દલિત બહુજન ક્રાંતિના દ્રષ્ટિકોણને ક્રાંતિના ઉદાહરણ તરીકે આગળ વધાર્યો છે.

[આ લેખ સૌપ્રથમ ૬ સપ્ટેમ્બર ૨૦૨૧ (indianculturalforum.in) પર ઈન્ડિયન કલ્ચરલ ફોરમમાં અંગ્રેજીમાં પ્રકાશિત થયો હતો.]

✦ ✦ ✦

**અનુવાદક : સેજલ શાહ**


| ભારત માટેના લવાજમ દર | | પરદેશ માટેના લવાજમના દર | |
|---|---|---|---|
| ✦ વાર્ષિક લવાજમ | ₹ ૩૦૦ | ✦ ૧ વર્ષનું લવાજમ | $ 30 |
| ✦ ત્રણ વર્ષનું લવાજમ | ₹ ૭૫૦ | ✦ ૩ વર્ષના લવાજમ | $ 80 |
| ✦ પાંચ વર્ષનું લવાજમ | ₹ ૧૨૫૦ | ✦ ૫ વર્ષના લવાજમ | $ 130 |
| ✦ દસ વર્ષનું લવાજમ | ₹ ૨૫૦૦ | ✦ ૧૦ વર્ષના લવાજમ | $ 250 |

**વાર્ષિક લવાજમ આપશ્રી $ (ડોલર)માં મોકલાવો તો $ પાંચ બેંક ચાર્જિસ ઉમેરીને મોકલશો.**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : બૅન્ક ઑફ ઈન્ડિયા A/c No. 003920100020260. IFSC:BKID0000039**

**ફોરેન ડોનેશન માટે: કોટક મહિન્દ્રા બેંક A/c No. 5213133880. IFSC:KKBK0000957**

**SWIFT Code: KKBKINBB**

# સોનલ શુક્લ : શ્રદ્ધાંજલિ
# (૧૨-૭-૧૯૪૧ – ૯-૯-૨૦૨૧)

**પ્રો. વિભૂતિ પટેલ**

**સો**નલ બેનની હાજરાહજૂર વાચા બંધ થઈ ગઈ એ સ્વીકારવું ખૂબ અઘરું છે પણ સોનલબેને સ્થાપેલ 'વાચા સંસ્થા' સોનલબેનનાં કામને પૂરજોશમાં આગળ ધપાવશે એ જાણી આશાનો દીપક ઝળહળી ઊઠે છે. ભલે ૯મી સપ્ટેમ્બરના સોનલેબનનો દેહવિલય થયો પણ સોનલબેન પોતાનાં જીવન અને કવન થકી જે સમાજસેવાનો વારસો આપી ગયાં છે તે અમૂલ્ય છે. સોનલ શુક્લ, એક નારીવાદી ચિંતક અને કર્મશીલ, વ્યક્તિ મુસીબતોથી ઘેરાયેલી બાલિકાઓ અને મહિલાઓ માટે સંકટ સમયની સાંકળ, મહાન શિક્ષક અને લિંગભાવી દૃષ્ટિકોણ સાથે તાલીમ આપનાર વિશેષજ્ઞના જવાથી એક પ્રકારનો શૂન્યાવકાશ સર્જાયો છે. ૧૧મી સપ્ટેમ્બરમાં સોનલબેનની શ્રદ્ધાંજલિ સભામાં ૩૫૦ જેટલી મહિલાઓ, યુવતીઓ અને પુરુષો જોડાયાં. ત્રણ પેઢીની વયજૂથના આ સહભાગીઓ દેશના પ્રગતિશીલ વિચારક, બુદ્ધિજીવીઓ, પત્રકાર, સંશોધક, શિક્ષક, સામાજિક કાર્યકરો, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કામ કરનારા નીતિના ઘડવૈયાઓ, ડોક્ટર-વકીલ-વાચાને નાણાંકીય રીતે મદદ કરનાર બેનો, ગરીબ કુટુંબોની બાલિકાઓ બધાંએ એક સૂરમાં કહ્યું. 'અમારા અંધકારભર્યા જીવનમાં સોનલબેન પ્રકાશ સ્વરૂપે આવ્યાં.' સોનલબેનની સાદગી, વહાલપ, બુદ્ધિપ્રતિભા, સમસ્યાનું નિરાકરણ લાવવાની આવડત. શૂન્યમાં સર્જન કરવાની તાકાતે અગણિત મહિલાઓનાં જીવનને નિષ્ઠાપૂર્વક સમૃદ્ધ બનાવવાનું કાર્ય કર્યું. સોનલબેનને યાદ કરવાથી જાણે આશીર્વાદ મળી ગયા હોય એવી ભાવના વ્યક્ત કરી જણાવ્યું કે કેવી રીતે સોનલબેનનાં વાક્યો એમના જીવનના અવિભાજ્ય અંગ બની તેઓને શક્તિ અને ક્ષમતા તરફ પ્રેરે છે.

**સોનલ મજુમદારનું ઘડતર** - સોનલબેનનો જન્મ એક સાહિત્ય-અંગતી-કલાની સર્જનાત્મક અભિવ્યક્તિવાળા કુટુંબમાં થયો હતો. પિતાશ્રી નીનુ મજુમદાર સુપ્રસિદ્ધ ગીતકાર-સંગીતકાર અને પ્રગતિશીલ અભિગમવાળા સર્જક હતા. સોનલબેનનાં માતુશ્રી વાંચનનાં શોખીન હતાં. તેમનાં અપરમાતા કૌમુદીબેન બનારસ ઘરાણાનાં શાસ્ત્રીય સંગીતમાં તાલીમ પામેલ સુવિખ્યાત ગાયિકા હતાં. સોનલબેનનાં મોટા બેન રાજુલબેન સુગમસંગીત અને લોકગીતો માટે ભારત અને વિદેશના ગુજરાતીઓમાં ખ્યાતિ પામેલ ગાયિકા હતાં. નાની બેન મીનલ પટેલ નાટક અને ફિલ્મક્ષેત્રે સફળ અભિનેત્રી છે. તેમના ભાઈ ઉદય મજુમદાર પણ ગાયક અને સંગીત નિર્દેશક તરીકે ખ્યાતનામ છે. તેમના પિત્રાઈ ભાઈ ઉત્કર્ષ મજુમદાર નાટ્યક્ષેત્રે સફળ અભિનેતા અને દિગ્દર્શક છે. સોનલબેન સાથે આ બધાંનો ઘનિષ્ઠ નાતો હોવાથી સોનલબેનનાં સામાજિક કાર્યો માટે તેમનાં કુટુંબીજનો પોતાનાં કલા-કસબને કામે લગાડતાં ઘરના વાતાવરણમાં સાહિત્ય-સંગીત-કલા, જ્ઞાન-વિજ્ઞાન-તત્ત્વજ્ઞાન એ સાંપ્રત સમાજ સાથે એને મૂલવવાની દૃષ્ટિ, સોનલબેનમાં શાળાના દિવસો દરમિયાન જ આવી ગયેલી. પીઢ ગાંધીવાદી વજુભાઈ પટેલ અને તેમનાં પત્ની લીલાબેનનો સોનલબેનના ઘડતરમાં અમૂલ્ય ફાળો રહેલો. નાની ઉંમરમાં માને ગુમાવનાર સોનલબેન માટે વજુભાઈ-લીલાબેનનાં વાત્સલ્ય અને સિદ્ધાંતવાદી અને સાદગીભર્યા જીવને એક આદર્શ પૂરો પાડયો. બુનિયાદી તાલીમનો અનુભવ લઈને સોનલબેને પોતાની સર્જનાત્મક દૃષ્ટિનો ઉપયોગ કરી નારીવાદી વિચારધારાને સ્થાનિક વાસ્તવિકતાને અનુરૂપ ઢાળી અને શિક્ષણ થકી નારીગરિમાને ઉજાગર કરી.

**નારીવાદી ચેતનાનો આવિર્ભાવ**-વાંચનની દૃષ્ટિએ સોનલબેન તેમના કોલેજકાળથી જ નારીવાદી ચિંતકો-સીમોન દી બુવાર, બેટી ફ્રેડન, ગ્લોરિયા સ્ટાઈનેમ, કેટ મિલ્લેટ, જર્મેન ગ્રીયરનાં પુસ્તકો અને દલીલોથી વાકેફ હતાં. જ્યારે સોનલબેનના ઘરમાંથી અમે નારીવાદી મુખપત્ર હિંદી અને અંગ્રેજીમાં પ્રકાશિત કરવા લાગ્યા ત્યારે મારે અને સોનલબેનને મહિલાઓને લગતી તે વખતની સમસ્યાઓ પર લાંબી ચર્ચા થતી. તેમાં દહેજની સતામણી, કટોકટી કાળમાં ૫૦૦૦ મહિલા કાર્યકર્તાઓને મીસા હેઠળ જેલમાં બંધ કરી તેમના પર ત્રાસ ગુજારવા અંગે ચર્ચા, કઈ રીતે પોલિસ બળાત્કાર રૂપી હથિયારનો ઉપયોગ કરી સમુદાયની નૈતિક શક્તિ તોડી કાઢે છે, દલિત-આદિવાસી-લઘુમતિ પર દંગા-હુલ્લડોના થતા. અત્યાચારમાં બહેનોની સ્થિતિ કેવી કફોડી થઈ જાય છે. માનવતસ્કરી, બાળલગ્નની બનતી ઘટનાઓના અમારા સક્રિય કાર્યને સાંભળી સોનલબેન ધીરેધીરે અમારાં કામને સાથ આપવા માંડ્યા. ૧૯૮૦માં મથુરા નામની આદિવાસી બાળા પર બે ગણવેશધારી

પોલીસોએ પોલીસસ્ટેશનમાં જ આખા ગામના લોકોના લાચાર રુદન છતાં એમના પર આખી રાત બળાત્કાર કર્યો, એની સામે સૌથી પહેલો વિરોધ અમેકર્યો. પહેલી મિટિંગમાં સોનલબેન પણ આવ્યાં અને અમે અમારા સંયુક્ત પ્રયાસને 'બળાત્કાર વિરોધી મંચ' એવું નામ આપ્યું. જેનું ૧૯૮૦માં 'નારી અત્યાચાર વિરોધી મંચ'માં રૂપાંતર થયું. સોનલબેને આ મંચ માટે ગીતો-નાટકો-સૂત્રો અને સાંસ્કૃતિક કાર્યની જવાબદારી ઉપાડી લીધી. ૧૯૮૨માં હિંસાથી પીડિત બેનોને સંસ્થાકીય ટેકો આપતા નારીકેન્દ્રની સ્થાપના પણ સોનલબેનના ઘરમાંથી જ થઈ. હિમાંશુભઆઈએ પણ આ માટે પૂર્ણ સાથ આપ્યો. નારીવાદી આંદોલનમાં 'યા હોમ' કરીને ઝંપલાવ્યું.

સાંસ્કૃતિક વિકલ્પોનું સર્જન-સોનલબેન માનતાં કે જે કામ સો ભાષણો ન કરી શકે તે એક સાંસ્કૃતિક કાર્યક્રમ કરી શકે. માટે તેઓએ 'સરખી સહેલી' નામની કેસેટમાં નારીવાદી ગીતોને ખૂબ સુંદર લયમાં જાણીતી ગાયિકાઓને લઈને રેકોર્ડ કરાવ્યાં. ઈતિહાસમાં નારીના યોગદાનને અદશ્ય કરી દેવાયું છે એ વાતને રજૂ કરવા સોનલબેને મને નૃત્યનાટિકા લખવા પ્રોત્સાહિત કરી. આની માટે સોનલબેન મને લય આપતાં અને હું કાવ્યો-ગીતો લખતી. 'નારી ઈતિહાસની શોધમાં' નામની નૃત્યનાટિકાના ૧૦૦થી ઉપર પ્રયોગો થયા. મીનળબેન, સોનલબેન, હું, ફ્લેવિયા, ઓડિલ, સંધ્યા ગોખલે, અયનિકા શાહ, ડો. કામાક્ષી ભાટે ઈત્યાદિ ખૂબ વ્યસ્ત એવાં કાર્યકરોએ શરૂઆતના ૨૫ પ્રયોગોમાં ભાગ લીધો. ત્યાર પછી પણ સોનલબેન કોલેજની છોકરીઓને આ નૃત્યનાટિકા માટે તૈયારીઓ કરાવતાં. ૧૯૯૨માં મુંબઈમાં રમખાણો બાદ સોનલબેને કિશોરીઓની સાથે વસતીઓમાં કામ આદર્યું. સાથે સાથે અનેક કિશોરી ગીતો-પોસ્ટરો-સૂત્રો બનાવતાં અને સમૂહગીતો ગાતાં. વાચાનાં સમૂહગીતો ગાતાં. વાચાનાં સમૂહગીતો આખા દેશમા સુપ્રસિદ્ધ થયા.

**વાચા સંસ્થાનો ઉદ્‌ભવ અને વિકાસ**-૧૯૭૫-૧૯૮૫નો કાળ સંયુક્ત રાષ્ટ્રસંઘે આંતરરાષ્ટ્રીય મહિલા દશક તરીકે જાહેર કરેલો. એ દાયકામાં ઘણાં બધાં વિચાર મંથનો થયાં એ નારી અભ્યાસ કેન્દ્રો વિશ્વ વિદ્યાલયોમાં તૈયાર થવા માંડયાં. પણ તેમાં પુસ્તકિયા જ્ઞાન સિવાય કાંઈ વધારે ન હોવાથી, સોનલબેને વાચા અભ્યાસવર્તુળના માધ્યમથી નવજાગરણનાં બીજ વાવ્યાં. એક બાજુ સાહિત્ય ક્ષેત્રે ઈલા આરબ મહેતા, વર્ષા અડાલજા, કુન્દનિકા કાપડિયાએ નારીવાદી સંવેદના સાથે નવલકથાઓ લખી. તેને લઈને પણ સ્ત્રી પ્રશ્નો પર ગંભીર વિચાર કરતો શિક્ષિત સ્ત્રીઓનો વર્ગ ઊભો થયો હતો. ૧૯૯૦માં સોનલબેન વાચાને સંસ્થાકીય રૂપ આપી ટ્રસ્ટ રજિસ્ટર કર્યું. પોતાના બાળપણના કપરા દિવસોને યાદ કરી નક્કી કર્યું કે જો આપણે કિશોરીઓને મજબૂત બનાવીશું તો તેમનું ભવિષ્ય ગરિમાયુક્ત બનશે. આથી મુંબઈની ૨૫ વસતિઓમાં કિશોરીઓને ભણાવવા, વ્યક્તિત્વ વિકાસની શિબિરો લેવા કાયદાના હક્કોથી માહિતગાર કરવા, સ્ત્રી વિરોધી હિંસાનો મુકાબલો કરવા કટિબદ્ધ બનાવવા, પોતાની વસતીની નળ-પાણી-સંડાસ-શિક્ષણ-સ્વાસ્થ્ય જેવી સમસ્યાઓ પર કામ કરવા કિશોરીઓને તૈયાર કરવાની સાથેસાથે ધાર્મિક-સુસંવાદિતા માટે પણ તૈયાર કરી. આજે ૧૮ મહિનાના કોરોનાકાળમાં પણ આ કિશોરીઓ વ્યવસ્થિત રીતે નિસહાય કુટુંબોને રેશનકિટ, સેનીટરી પેડ, સલાહ સૂચના, મારહાણથી રક્ષણ અને સ્માર્ટ ફોન થકી શિક્ષણનું કામ કરી રહી છે. સોનલબેન પોતાના છેલ્લા શ્વાસ સુધી વસતિમાં વાચાની પ્રતિનિધિ કિશોરીના સંપર્કમાં રહેલાં. નિયમિત રૂપે ફોન, લેખિત રિપોર્ટ, ઝૂમ પર મિટિંગો કરી તેમની મુસીબતો હલ કરવાનો માર્ગ કાઢતાં એ કિશોરીઓનાં કામને બિરદાવતાં, તેમની બહાદૂરીની પ્રશંસા કરતાં.

સોનલબેનનાં કામની કદર કરી છેલ્લાં ૨૫ વર્ષમાં તેમના નાણાંકીય મદદ કરતી સંસ્થા Friedrich Ebert Stiftung (FES) સંસ્થાએ ૮.૩.૨૦૨૧ના સોનલબેનને 'વૈશ્વિક લિંગભાવી આદર્શમૂર્તિ' Global Gender Icon બિરુદ આપ્યું. આ વખતે જ્યોતિ પુનવાની નામનાં પીઠ પત્રકાર દ્વારા સોનલબેનનાં જીવન અને કવન પર કંડારાયેલ પુસ્તિકાનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું.

આજે સોનલબેન ભવિષ્યની પેઢી માટે અમૂલ્ય જીવનપાથેય મૂકતાં ગયાં છે. સોનલબેન વાચાની તાલીમબદ્ધ બેનોના સ્વરૂપે 'લીલી વાડી' મૂકીને ગયાં છે એમ કહી શકાય. સોનલબેનનો ગુરુમંત્ર, 'બેટી હૂં મૈં બેટી મૈં તારા બનૂંગી, તારા બનૂંગી મૈં સહારા બનૂંગી' તારા બનૂંગી મૈં સહારા બનૂંગી' એ તો જાણે કિશોરીઓનું રાષ્ટ્રગીત બની ગયું છે. એ જ ગીતમાં, 'ગગન પર ચમકે ચંદા, મૈં ધરતી પર ચમકૂંગી' આ જ વાતને સાચી ઠરાવતાં, સોનલબેન આજે આકાશમાં તારા રૂપે ચમકી રહ્યાં છે અને કિશોરીઓ ધરતી પર ચમકવા કટિબદ્ધ થઈ જીવનનાં દરેક ક્ષેત્રમાં આગળ આવી રહી છે. સોનલબેન હંમેશાં કહેતાં, 'દીકરીઓને ખીલવા દો.' સોનલબેનનાં કાર્યને સૌથી અનુરૂપ શ્રદ્ધાંજલિ એ જ હોઈ શકે કે આપણે બેન - દીકરીઓના આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક વિકાસને વેગવંતો બનાવીએ.

✦ ✦ ✦

સાભાર, નવનીત સમર્પણ
૨૦૨૧ સપ્ટેમ્બર અંકમાંથી ટૂંકાવીને

# જ્ઞાન-સંવાદ

સુબોધીબેન મસાલિયા

**સવાલ ૧ : નિશ્ચયનયને વ્યવહારનય, આરાધના માટે સમજાવો.**

**જવાબ ૧ :** જૈન મતમાં નિશ્ચયનય એ વ્યવહાર નય એવો મુખ્ય નય કહ્યાં જેનાથી લોકમાં વ્યવહાર થાય છે. તે નયો ને બતાવવા માટે સાત નય પ્રસિદ્ધ છે. નૈગમનય, સંગ્રહ નય, વ્યવહારનય, ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢનય એ એવં ભૂતનય એ વ્યવહાર એ બે મૂળ અથવા મુખ્યનય છે. ઘણા એ સમજવાની ભૂલ કરે છે કે નિશ્ચય મોક્ષમાર્ગ એ વ્યવહાર મોક્ષમાર્ગ એમ બે પ્રકારના મોક્ષ માર્ગ છે. ના એવું માનવું એ ખોટું છે. એક નિશ્ચય મોક્ષમાર્ગ જ મોક્ષનું કારણ છે. એટલે એક વાક્ય તો સોનેરી અક્ષરે લખી નાખો કે નિશ્ચય સિવાય મોક્ષ નથી. જ્યારે વ્યવહાર એ મોક્ષ માર્ગ નથી પરંતુ મોક્ષમાર્ગમાં નિમિત્ત અથવા સહચારી છે. શુદ્ધ આત્માનો અનુભવ એ નિશ્ચયનયે અને વ્રત-જપ-તપ-સંયમ વગેરે વ્યવહારનય છે. આધ્યાત્મિક નયોમાં નિશ્ચયનય અને વ્યવહારનય એમ બેજ ભાગ પડે છે. નિશ્ચયનય સત્યાર્થ યથાર્થ અસલ મૂળ કહેવાય છે માટે તેનું શ્રદ્ધાન અંગિકાર કરવું. જ્યારે વ્યવહાર નયને અસત્યાર્થ, અવાસ્તવિક કહે છે માટે વ્યવહારનય જીવને શુદ્ધઉપયોગમાં પરિણમવામાં મદદ કરે ત્યાં સુધી તેનું શ્રદ્ધાન રાખવું. ઘણાને એવો સવાલ થાય છે કે સમયસારમાં વ્યવહાર નયને અસત્યાર્થ માર્ગ કહ્યો છે તો પછી વ્યવહારનો ઉપદેશ શું કામ આપ્યો ફક્ત નિશ્ચય નયનો જ ઉપદેશ આપવો જોઈએ ને ? તો વ્યવહાર નયનો ઉપદેશ નિશ્ચયનયને અંગીકાર કરાવવા માટે આપ્યો છે. વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ કરવા કોઈ સમર્થ નથી. કેમકે નિશ્ચયથી તો વિતરાગ ભાવ જ મોક્ષમાર્ગ છે. પણ તેને જે ન ઓળખે ત્યારે તેને સમજાવવા વ્યવહારનયથી તત્વશ્રદ્ધાન, વ્રત, શીલ, સંયમ આદિ વીતરાગ ભાવના વિશેષ બતાવવામાં આવે ? ત્યારે વિતરાગ ભાવની ઓળખાણ થાય. જે જીવો શ્રદ્ધા તથા જ્ઞાન-ચારિત્રના પૂર્ણ ભાવને નથી પહોંચી શક્યા, સાધક અવસ્થામાં જ સ્થિત છે તેઓને વ્યવહાર દ્વારા ઉપદેશ કહી શકાય. જ્યાં સુધી નિશ્ચય સમ્યકદર્શનની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી તો જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે એવા જિનવચનો સાંભળવા, ધારણ કરવા તથા જિનવચનોને સમજાવનાર ગુરુની ભક્તિ વગેરે વ્યવહાર માર્ગમાં પ્રવૃત્ત થવું. જેને શ્રદ્ધાન જ્ઞાન તો થયા છે પણ સાક્ષાત આત્મદર્શનની પ્રાપ્તિ નથી થઈ તેમણે પણ પરદ્રવ્યનું આલંબન છોડવા રૂપ અણુવ્રત-મહાવ્રતનું ગ્રહણ, સમિતિ-ગુપ્તિ પરમેષ્ઠિના ધ્યાનરૂપ પ્રવર્તન. શાસ્ત્રનો અભ્યાસ વગેરે વ્યવહાર માર્ગમાં પ્રવર્તવું જોઈએ અને બીજાને પણ પ્રવર્તાવું જોઈએ નિશ્ચય નય એ શુદ્ધઉપયોગ છે જ્યારે વ્યવહારનય એ શુભઉપયોગ છે. શુદ્ધ ઉપયોગથી કર્મની નિર્જરા છે. જ્યારે શુભ ઉપયોગથી પુણ્યનો બંધ છે. કર્મની નિર્જરા વગર આત્મા કર્મથી મુક્ત થવાનો નથી. જ્યારે પુણ્યકર્મનો બંધ એ પણ આત્મા ઉપર કર્મબંધન જ છે. કેમકે એ પુણ્યકર્મ ભોગવતા ભોગવતા બીજા અનેક પાપકર્મનો પુણ્યકર્મ આત્મા પર જમા કરી દઈએ છીએ. એટલે વળી પાછા અનેક જન્મ-મરણના વિષચક્રમાં ફસાઈ જઈએ છીએ. એટલે નિશ્ચય વગર મોક્ષ નથી એ નક્કી જ છે. પરંતુ જો કોઈ વ્યવહારનયને અસત્ય જાણીને છોડી દે તો શુભઉપયોગ રૂપ વ્યવહાર છોડે અને પોતાને શુદ્ધ ઉપયોગની સાક્ષાત પ્રાપ્તિ તો થઈ નથી તેથી ઉલટો અશુભ ઉપયોગમાં જઈ ભ્રષ્ટ થઈ ગમે તેમ સ્વચ્છંદે પ્રવર્તે તો તો નરક-નિગોદ જેવી ગતિને પ્રાપ્ત થઈ સંસારમાં ભ્રમણા કર્યા કરે. માટે સાક્ષાત શુદ્ધ આત્માની પ્રાપ્તિ જ્યાં સુધી ના થાય ત્યાં સુધી વ્યવહાર પણ પ્રયોજન છે. સાચા જ્ઞાન અને વૈરાગ્યયુક્ત છે, પણ વ્યવહાર રૂપી સાબુથી આત્માને શુદ્ધ કરવા ઈચ્છે એટલે કે તપ-જપ કરે. સંયમ પાળે પરંતુ નિશ્ચય પ્રમાણે ઉપયોગ એકાગ્ર ન કરે, આત્મામાં ધ્યાન ન લગાડે, આત્મ અનુભવ ન કરે તો એ આત્મા કદાપી શુદ્ધ થશે નહી. આટલા વિવેચન પછી એ સમજમા આવી ગયું હશે કે આપણું લક્ષ્ય નિશ્ચય નય છે. આપણું લક્ષ્ય મોક્ષ છે પરંતુ જ્યાં સુધી આપણે ધ્યાનમાં લીન થઈ કર્મોની નિર્જરા ન કરી શકતા હોય. આત્માના ઉપયોગમાં એકાગ્ર ન થઈ શકતા હોય, શુદ્ધ આત્મદર્શનના એટલે કે સમ્યકદર્શનનો અનુભવ ન થયો હોય. ત્યાં સુધી વ્યવહારમાર્ગમા જિનવચન શ્રવણ, સમજણ, શાસ્ત્ર વાચન. તપ-જપ-સંયમ આદિમા પ્રવૃત્ત થવું છે. માર્ગ દ્વારા નિશ્ચય સુધી પહોંચ્યું છે.

✦ ✦ ✦

સંપર્ક : ૮૮૫૦૦૮૮૫૬૭

# જ્ઞાન-સંવાદ - ૧૦

ડૉ. પાર્વતીબેન નેણશી ખીરાણી

**સુ**જ્ઞ વાચકગણ,

ગયા અંકમાં નવમા દ્વાર સમુદ્ઘાત વિશે જાણ્યું. હવે આ અંકમાં દસમું સંજ્ઞી-અસંજ્ઞી દ્વાર વિગતવાર જાણીએ.

**૧૦. સંજ્ઞી-અસંજ્ઞી દ્વાર:– સંજ્ઞી** એટલે કે જેનામાં વિચાર કરવાની શક્તિ (મન) છે. જેનાથી ચિંતન, સ્મૃતિ, કલ્પના, કરી શકાય તે. **અસંજ્ઞી** એટલે કે જેનામાં વિચાર કરવાની શક્તિ (મન) નથી. ટૂંકમાં મનવાળા જીવ સંજ્ઞી કહેવાય છે. મન વગરના જીવ અસંજ્ઞી કહેવાય છે.

**મન** – જેનાથી વિચાર કરી શકાય એવી આત્માની શક્તિ. વિચાર કરવામાં સહાયક, બીજી ઈન્દ્રિયોને તેમના કાર્ય કરવાની પ્રેરણા કરનાર ઈન્દ્રિય. સમજવાની, વિચારવાની અને ઇચ્છા કરવાની ઈન્દ્રિય છે. એને જ્ઞાનેન્દ્રિય પણ કહેવાય છે. એ અંતરિન્દ્રિય છે. ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણે કાળની વિચારણા કરી શકે એ શરીરરૂપી વહાણનો કપ્તાન છે. મનના ૧ સેંકડના ૨૨૬૫૧૨૦ આવેગ છે. પ્રકાશની ગતિથી ૧૫ ગણી મનની ગતિ છે. પ્રકાશની ગતિ ૧૬૨૦૦૦ છે. જેનાથી ખ્યાલ આવે છે કે મન કેટલું વિચારી શકે છે. નિર્ણય લઈ શકે છે.

મનના બે ભેદ છે. (૧) **દ્રવ્યમન** – મનન માટે આલંબનભૂત કે ઉપયોગી પુદ્ગલ દ્રવ્ય મનોવર્ગણાના પુદ્ગલ દ્રવ્ય) જ્યારે મન રૂપમાં પરિણત થાય છે. ત્યારે તે દ્રવ્યમન કહેવાય છે. એ મન અજીવ છે.આત્માથી ભિન્ન છે. (૨) **ભાવમન** – જીવની વિચારાત્મક શક્તિનું આત્મિક મન છે. એના બે ભેદ છે. લબ્ધિ અને ઉપયોગ. લબ્ધિ મન જ્ઞાનનો વિકાસ છે. ઉપયોગ એનો પ્રયોગ છે.

બીજી રીત મનના બે પ્રકારના છે. ચેતન- (જાગૃત) અચેતન (સુષુપ્ત).

**ચેતન મન** સમગ્ર મનનો એક નાનો હિસ્સો છે. બાકીનો મોટા ભાગનો હિસ્સો અચેતન મનનો છે. ચેતન અચેતન મનનો છે. હમણાં આપણે બોલતા હોઈએ ત્યારે વચમાં મચ્છર આવે તો તે અચેતન મન દ્વારા જ હાથ હલાવીને ઉડાડીએ છીએ. કારણ કે ચેતન મન તો વક્તવ્ય માટે રોકાયેલું છે. આ રીતે મોટા ભાગની ક્રિયાઓ અચેતન મન દ્વારા થતી રહે છે.

**અચેતન મન** –કૉમ્પ્યુટર જેવું છે. એમાં વર્ષો જૂના સંસ્કાર ભર્યા પડ્યા હોય છે. કેટલીએ ઇચ્છાઓ ભરી પડી હોય છે. મોકો મળતાં જ આ દબાયેલા સંસ્કારો કે ઇચ્છા ચેતન મન પર ચઢી બેસે છે. તેવા વખતે આપણે તેને વળગાડ વગેરેમાનવા પ્રેરાઈએ છીએ. તે અચેતન મનની કરામત છે. અચેતન મનમાં આવા સંસ્કારો ન ઝીલાય. તેનું ધ્યાન રાખવાની જરૂર છે. મનમાં વિકાર ન પ્રવેશે તેનું ધ્યાન રાખવું. તેમ જ મનને વ્યાકુળ ન થવા દેવું. વ્યાકુળતા એ મનના વિકારનું લક્ષણ છે. મનમાં ક્રોધ જાગ્યો કે મન વ્યાકુળ બન્યું. જેની અસર મન ઉપરાંત શરીર પર પણ એવી પડે છે કે હૃદયની ધડકન વધી જાય છે. લોહીનું દબાણ ઊંચે આવે છે. માટે સારા વિચાર કરવા જેથી મન અને શરીર સ્વસ્થ રહે.

આગમ અનુસાર સંજ્ઞી, અસંજ્ઞી ઉપરાંત 'નોસંજ્ઞી નોઅસંજ્ઞી' જીવો પણ છે. જેમનામાં માનસિક જ્ઞાન તેમ જ વિશિષ્ટ સ્મૃતિ મળી આવે તે સંજ્ઞી છે. એનાથી વિપરીત જેમનામાં માનસિક જ્ઞાન ન હોય તે અસંજ્ઞી છે. અને જે સંજ્ઞી તથા અસંજ્ઞી બંને પ્રકારથી અતીત હોય એને નો-સંજ્ઞી નોઅસંજ્ઞી કહેવાય છે.

સંજ્ઞી જીવોમાં દેવ, નારકી, મનુષ્ય અને તિર્યંચ પચેંદ્રિય જીવોનો સમાવેશ થાય છે. અસંજ્ઞીમાં એકેન્દ્રિય, બેઈન્દ્રિય,ચૌરેન્દ્રિ અને પંચેંદ્રિય જીવોનો સમાવેશ થાય છે. એકેન્દ્રિયોમાં માનસિક વ્યાપારનો અભાવ હોય છે. વિકલેંદ્રિયોમાં અસંજ્ઞી પંચેંદ્રિયમાં મનોવૃત્તિનો અભાવ હોય છે.

નારકી, ભવનપતિ અને વાણવ્યંતર સંજ્ઞી પણ છે અને અસંજ્ઞી પણ છે. જે સંજ્ઞીના ભવથી નરકમાં ઉત્પન્ન થાય છે તે નારકો સંજ્ઞી કહેવાય છે અને જે અસંજ્ઞીના ભવથી નરકમાં ઉત્પન્ન થાય તેઓ અપર્યાપ્ત અવસ્થામાં અસંજ્ઞી કહેવાય છે. પર્યાપ્તા થયા પછી સંજ્ઞી જ હોય છે એ જ રીતે ભવનપતિ અને વાણવ્યંતર માટે સમજવું.

**નોસંજ્ઞી-નોઅસંજ્ઞી** – કેવળી અને સિદ્ધ ભગવંતો હોય છે. સંસારસ્થ કેવળીઓમાં મનોદ્રવ્યનો સંબંધ હોવા છતાં પણ તેઓ ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાલિક પદાર્થોના સ્વભાવની પર્યાલોચનારૂપ સંજ્ઞાથી રહિત છે. અર્થાત્ મનનો પ્રયોગ કે ઉપયોગ કરતા નથી. જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મોનો ક્ષય થઈ જવાના કારણે તેઓ કેવળજ્ઞાન અને કેવળદર્શન દ્વારા જ સમસ્ત પદાર્થોને સાક્ષાત્ જાણે છે અને દેખે છે. એ કારણે એમને નોસંજ્ઞી કહ્યા છે. એ જ પ્રકારે સિદ્ધ પાસે તો મનોદ્રવ્ય એટલે દ્રવ્ય મન હોતું જ નથી માટે તેઓ નોસંજ્ઞી છે. અને સર્વજ્ઞ હોવાને કારણે બંનેનોઅસંજ્ઞી છે. એ જ કારણે આગમમાં કહ્યું છે કે જીવ સંજ્ઞી પણ હોય છે. અસંજ્ઞી પણ હોય છે અને નોસંજ્ઞી-નોઅસંજ્ઞી પણ હોય છે. નોસંજ્ઞી-નોઅસંજ્ઞીપણું માત્ર મનુષ્યમાં જ હોય છે. એ પણ કેવળીને જ હોય છે એ સિવાય બાકીના જીવોમાં હોતું નથી.

જે જીવો ગર્ભજ છે એટલે કે માતા-પિતાના સંયોગથી ઉત્પન્ન થાય છે તેઓ નિયમા સંજ્ઞી જ હોય છે. એ સિવાય નોગર્ભજમાં દેવ અને નારકી સંજ્ઞી હોય છે. બાકીના અસંજ્ઞી હોય છે. ૧લી નરક અને ભવનપતિ-વાણવ્યંતર આદિ બાવન જાતના દેવમાં અસંજ્ઞી જીવો આવીને ઉપજે છે એટલે મન પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી અસંજ્ઞી ગણાય છે. બાકી દેવ-નારકી સંજ્ઞી જ હોય છે.

**દંડકમાં સંજ્ઞી-અસંજ્ઞી**

**નરક-નારકી** - પહેલી નરકમાં સંજ્ઞી કે અસંજ્ઞી ૨ થી ૭ નરક સંજ્ઞી.

**દેવ** – ભવનપતિ વાણવ્યંતર સંજ્ઞી કે અસંજ્ઞી જ્યોતિષી-વૈમાનિક સંજ્ઞી.

**મનુષ્ય** – સંમૂર્ચ્છિમ મનુષ્ય અસંજ્ઞી. ગર્ભજ મનુષ્ય. સંજ્ઞી.

**તિર્યંચ** – પાંચ સ્થાવર, ત્રણ વક્લેન્દ્રિય, અસંજ્ઞી. પંચેંદ્રિય અસંજ્ઞી. ગર્ભજ તિર્યંચ - સંજ્ઞી.

સિદ્ધ નોસંજ્ઞી નોઅસંજ્ઞી. મનુષ્યમાં ૧૩મા ૧૪મા ગુણસ્થાનવાળા નોસંજ્ઞી નોઅસંજ્ઞી.

**દંડકમાં સંજ્ઞી – અસંજ્ઞીની વિચારણા શા માટે ?**

**સંજ્ઞી** – અસંજ્ઞીનો આધાર મન હોવા કે ન હોવા પર છે. એ મનના ચાર પ્રકાર છે.

**(૧) લબ્ધિમન** –મન પર્યાપ્તિ પૂર્ણ થયા પછી મનયોગમાં, પ્રવર્તાવવાની, મનન કરવાની શક્તિ પ્રાપ્ત થાય તે લબ્ધિમન છે. (૨) **સંજ્ઞામન** – જે ભૂત, ભવિષ્ય, વર્તમાનનો વિચાર કરી શકે એવી સંજ્ઞાવાળુ હોય તે સંજ્ઞામન - **(૩) વર્ગણા-મન** – મનયોગમાં પ્રવર્તાવવા મનોદ્રવ્ય (મનવર્ગણાના પુદ્ગલો)ની વર્ગણા ગ્રહણ કરવામાં આવે તે વર્ગણામન. **(૪) પર્યાયમન** – મનોવર્ગણાના પુદ્ગલોને મનયોગમાં પ્રવર્તાવે તે પર્યાય મન.

ચારે ગતિમાં રહેલા સંજ્ઞી જીવોને ચારે પ્રકારેના મન હોય. એમાંય પર્યાય મનનો ઉત્કૃષ્ટ પ્રયોગ મનુષ્ય કરી શકે છે. જેને કારણે મનઃપર્યતજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. મનનો વિશિષ્ટ ઉપયોગ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. મનનો ઉપયોગ સારા વિચાર માટે કરે તો શુભ કર્મ બાંધી શકે અને નઠારા વિચારો કરીને અશુભ કર્મો બાંધી શકે છે. મનવાળા જીવો જ ઉત્કૃષ્ટ કર્મબંધ કરે છે. મિથ્યાત્વ મોહનીયની ૭૦ કોડાકોડીની સ્થિતિ મનવાળા જીવો જ બાંધે છે. દરેક કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ મનવાળા જીવો જ બાંધે છે. તિર્યંચ ગતિમાં સૌથી વધારે વિકસિત મન જળચરનું હોય છે માટે જળચર સાતમી નરક સુધી જઈ શકે છે. સૌથી ઓછું વિકસિત મન ભુજપરિસર્પનું છે માટે બીજી નરક સુધી જ ઉપજી શકે છે. પરંતુ એમના મન મનુષ્ય જેટલા વિકસિત નથી માટે આઠમા દેવલોક સુધી જ જઈ શકે છે જ્યારે મનુષ્ય સર્વાર્થસિદ્ધ વિમાન સુધી જઈ શકે છે. ગુણસ્થાનમાં સંજ્ઞી તિર્યંચ મન દ્વારા વિચારણા પાંચમા ગુણસ્થાન સુધી જઈ શકે છે. જાતિ સ્મરણજ્ઞાનની પ્રાપ્તિ કરતા કરતા પણ મનવાળા જીવોને થાય છે. એ પણ એના આગલા ભવો મનવાળા હોય તો જ પ્રાપ્ત થાય છે. માત્ર મનુષ્યગતિ જ એવી છે જેમાં મન દ્વારા પૂર્ણ વિકાસ થઈ શકે છે. મનથી પ્રશસ્ત અધ્યવસાયને આધારે કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને નોસંજ્ઞીનોઅસંજ્ઞી બની શકે છે. છેવટે મોક્ષના અધિકારી બની શકે છે માટે દંડકમાં મનની વિચારણા જરૂરી છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૧૦ ૫૦૫૨૭

# શ્રી ભક્તામર સ્તોત્ર આસ્વાદ

ડૉ. રતનબેન ખીમજી છાડવા

**ગાથા - ૩૪**

**ગર્ભ સંરક્ષક**

**શુભત્પ્રભાવલય ભૂરિ વિભા વિભોસ્તે**
**લોકત્રય દ્યુતિમતાં દ્યુતિ માક્ષિપન્તિ ।**
**પ્રોદ્ દિવાકર નિરંતર ભૂરિ સંખ્યા**
**દીપ્ત્યા જયત્યપિ નિશામપિ સોમ- સૌમ્યામ્ ।।૩૪।।**

ભાવાર્થ : હે વિભુ! આપનું ભામંડલ અનુપમ કાંતિથી ભરપૂર છે. આ કાંતિ શુભ્ર અર્થાત્ અતિ નિર્મળ છે કે જે ત્રણ જગતના દ્યુતિમાન પદાર્થોની દ્યુતિને પણ પરાભૂત કરી રહ્યું છે, એટલું જ નહીં આપની તેજસ્વી ભામંડલની પ્રભા પ્રકાશવાન સૂર્યોની સમાન તેજસ્વી હોવા છતાં પણ ચંદ્રમા જેવી શીતળ પ્રભા યુક્ત ચાંદની વડે રાત્રિને પણ જીતી લે છે.

વિવેચન :– વિશ્વમાં પ્રસિદ્ધ એવા પ્રત્યેક અવતારોમાં દૃશ્યમાન, પોતપોતાની રીતે ખ્યાતિ પામેલા ભામંડળ અસ્તિત્વ ધરાવે છે. તે પરંપરાનો નિર્વાહ કરતાં કવિશ્રીએ પણ જૈન પ્રાતિહાર્ય તરીકે દર્શાવ્યું છે. તત્ત્વજ્ઞાનના શાસ્ત્રો અનુસાર, કોઈપણ વ્યક્તિનો આધ્યાત્મિક વિકાસ હોય કે તેમના વાસનારૂપી ભાવોનો વિકાસ થયો હોય ભાવોને અનુકૂળ પુદ્‌ગલોનું એક પિરમંડલ ચારેબાજુ પ્રગટ થાય છે. જેને વૈજ્ઞાનિકો 'ઓરા' તરીકે ઓળખાવે છે. જૈનદર્શન અનુસાર આ પરિમંડળને 'ભામંડળ' કહે છે. પ્રસ્તુત શ્લોકમાં ભામંડળને 'પ્રભાવલય' તરીકે ગણાવ્યું છે. જોકે વલય અને મંડલ બન્ને સામાનાર્થક છે. કવિશ્રીએ અહીં સૂર્ય-ચંદ્રની દ્યતિ કરતાં ભામંડળની દ્યુતિને બળવત્તર બતાવી છે. અર્થાત્ સૂર્ય-ચંદ્ર દ્યુતિના ભાજક વાહક તો છે જ છતાં પ્રભાવલયનો પ્રભાવ પ્રગટ કરવામાં સફળ રહ્યાં છે.

પ્રસ્તુત શ્લોકનો પ્રારંભ 'શુભ્ર' શબ્દથી થાય છે. શુભ્ર શબ્દ શુકલવાચી છે અને શુભ ભાવોનો પણ વાચક છે. શુભભાવ પુણ્ય નિષ્પાદક છે, જ્યારે શુકલભાવ પરમ નિર્જરાનો હેતુ છે. જીવાત્માને પ્રારંભમાં સાધના શ્રેણીમાં આ બંને ભાવોની જરૂર પડે છે. પુણ્યભાવો ધર્મને અનુકૂળ સંયોગ ઊભા કરે છે અને પરમ નિર્જરાથી કષાયને ઉપશમ થવાથી મોહની પ્રબળતા ઓછી થાય છે. આમ આત્માના ઉત્થાન માટે બંને ભાવોની આવશ્યકતા છે.

સ્તુતિકારે પણ અહીં 'શુભ્ર' શબ્દ દ્વારા પ્રભુમાં રહેલ બન્ને ભાવોનું બખૂબી વર્ણન કર્યું છે. પ્રભુના પુણ્યભાવો પૂર્ણસ્થિતિથી પ્રકાશિત છે, એ જ રીતે ઘાતીક કર્મના ક્ષયથી શુકલભાવો પણ પરિપૂર્ણ થયા છે. તેમજ આ બન્ને ભાવો પોત-પોતાની રીતે વિલક્ષણ પ્રભાના જનક બન્યા છે. પુણ્યભાવની પ્રભા જીવોના અહંકારને હરી લે છે, તો શુકલભાવની પ્રભા ઉત્તમ જીવોને શાતા પમાડે છે. આવી અલૌકિક દિવ્ય પ્રભાઓ જેમાં સંકલિત થાય તેવા ભામંડળની પ્રાતિહાર્યરૂપે સ્વતઃ રચના થઈ જાય છે. આ કોઈ સામાન્ય પ્રભા નથી પરંતુ દિવ્ય પ્રભા છે, એટલા માટે કવિશ્રીએ પણ 'શુભ્ર' શબ્દનો પ્રયોગ કરી બંને પ્રકારનો ભાવો તેમ જ બંને પ્રકારની પ્રભાનું ઉભયપક્ષી વર્ણન કરી કાવ્યપ્રતિભાનો પરિચય આપ્યો છે.

સામાન્ય રીતે 'ભા' એટલે તેજસ્વી, પ્રકાશમાન પદાર્થનો બોધ થાય. પરંતુ પ્રભા કહેવામાં આવે ત્યારે તેના વિશિષ્ટ પ્રકાશનો બોધ થાય છે. પુદ્‌ગલ દ્રવ્યની ક્રમિક વર્ધમાન વિકાસ પર્યાયની જ્યારે ઉત્ક્રાંતિ થાય ત્યારે તેના વર્ણાદિના પ્રગટ-અપ્રગટ ગુણો અલૌકિક રીતે ખીલી ઊઠે છે. જૈનદર્શનમાં પ્રકાશ કે છાયાને પણ પૌદ્‌ગલિક કે જડ માનવામાં આવે છે. તેથી સિદ્ધ થાય છે કે પ્રભાનું પોતાનું સ્વરૂપ તે એક પ્રકારની પુદ્‌ગલ પરિણતિ છે. આવા પૌદ્‌ગલિક ઉત્ક્રાંત દ્રવ્યોનું પરિણામ છે.

વ્યવહારદૃષ્ટિએ દેવો ભામંડલની રંચના કરે છે. પરંતુ ભામંડળ જેવા વિશિષ્ટ પ્રાતિહાર્ય તરીકે પ્રભાના જે વલયો બન્યા છે તે એકાંતે દેવકૃત નથી. કારણ કે જ્યાં દેવાધિદેવ સ્વયં બિરાજમાન હોય, ત્યાં જ આવા પ્રાતિહાર્ય પ્રગટ થાય છે. પ્રભાની નિષ્પત્તિમાં દેવ અને દેવાધિદેવ બંને કૃતનિમિત્ત અને અકૃતનિમિત્ત રૂપે કારણ બને છે.

વિનાસ્વત; ઉપસ્થિતિ માત્રથી નિમિત્ત બન્યા છે. જ્યારે ઉપાદાન કારણરૂપે ઉત્કૃષ્ટ પૌદ્‌ગલિક સંપત્તિ જ નિષ્પત્તિની જનક

છે. આમ પ્રભા નિષ્પત્તિ એક વિશેષ પ્રકારના સંયોગનું પરિણામ છે.

પ્રભારૂપ પ્રાતિહાર્ય દેવાધિદેવના પુણ્યયોગ સાથે પણ જોડાયેલ છે. પુણ્યયોગ ન હોય તો ભામંડળની રચના થવી અશક્ય છે. કેવળજ્ઞાન જેવું નિર્મળ, વિશુદ્ધજ્ઞાન પણ ભામંડળનો યોગ પામી શકતું નથી. ક્ષાયિક ભાવ હોય તો પણ તે ભામંડળનું સંપાદન કરી શકતા તીર્થંકર નામ ગોત્ર જેવા વિલક્ષણ પુણ્યની જરૂર પડે છે. પરમ પુણ્ય સિવાય તેની રચના થતી નથી.

સ્તુતિકારે પ્રસ્તુત શ્લોકના બીજા પદમાં 'લોક-ત્રય દ્યતિમતાં...' જેવા શબ્દો વડે આધ્યાત્મિક સંદેશ વહેતો મૂક્યો છે. જેમ કે ભામંડળનાં વલયની ગોળાકૃતિ સંપૂર્ણ બ્રહ્માંડની ગોળાકૃતિની પ્રતિનિધિ હોય તે રીતે વલયાકાર ભામંડલ ત્રણ લોક સુધી પોતાનો પ્રભાવ ફેલાવે છે. જ્ઞાનાત્મક પ્રેરણા આપે છે. ઊર્ધ્વલોકનાં દેવો તેમ જ અધોલોકના દેવોને ભોગોથી પરાવૃત્ત કરવામાં નિમિત્તરૂપ બને છે. આમ ભિન્ન ભિન્ન રીતે ત્રણે લોકની જીવરાશિને પ્રતિબોધ આપે છે. એટલું જ નહિં ત્યાં રહેલ તમામ દ્યુતિધરોની દ્યુતિને પરાભૂત કરે એવી સર્વ શ્રેષ્ઠ દ્યુતિ પ્રભુના ભામંડળની પ્રતિભા પ્રગટ કરે છે.

ત્રીજા ચોથા પદમાં સ્તુતિકારે પોતાના પ્રિય ઉપમેય એવા સૂર્ય-ચંદ્રને કાવ્યના આલંબન માનીને ભામંડળની દ્યતિના ગુણાત્મક ભાવોને પ્રગટ કરવા કોશિશ કરી છે. જેમ કે ઉદયમાન દિવાકરના અસંખ્ય કિરણો એક સાથે પ્રકાશિત થાય છે, પરંતુ ભામંડળરૂપ દિવાકરના કિરણો દિવસ પૂરતા જ સીમિત ન રહેતાં, રાત્રિના સમયે પણ આ કિરણો ચંદ્રની ચાંદનીને પરાસ્ત કરવા વિજયી બને છે. અર્થાત્ ભામંડળ પરસ્પર વિરોધી બંને પ્રભાવોને એક સાથે વહન કરીને ભામંડળ અલૌકિક દીપ્તિ દ્વારા વિજયી બને છે.

આમ સંપૂર્ણ શ્લોક ભામંડળ રૂપ પ્રાતિહાર્યની દિવ્યતા પ્રગટ કરે છે. પ્રભુ સ્વયં, ભામંડળ તથા તેની દ્યુતિ. આ ત્રણ શ્લોકના મુખ્ય આલંબન છે. સ્તુતિકારે ભામંડળના માધ્યમથી પરોક્ષભાવે ત્રણ જગતના દ્યુતિમાન દ્રવ્યોને પરાસ્ત કરે તેવી પ્રભુની દ્યુતિ બતાવી છે. એટલું જ નહીં ભામંડળ પ્રાતિહાર્ય હોવા છતાં પ્રભુના પ્રકાશનું અધિકરણ બનીને ત્રણે લોક માટે દિવ્યપ્રકાશનું ઉપકરણ બન્યું છે. જોકે આ દ્યતિ પરમાત્માની પોતાની જ સંપત્તિ છે. પ્રાતિહાર્ય તેનું સંપાદન કરી શોભાયમાન બને છે. માનો આ પ્રાતિહાર્યો અચેતન હોવ છતાં પ્રભુના પ્રતાપથી ચેતનવંતા બની જાય છે.

પ્રસ્તુત શ્લોકમાં કવિશ્રીએ અદ્ભુત એવા આધ્યાત્મિક ભાવોને પણ પોતાની કાવ્ય-કૌશલના દ્વારા ગૂથી લીધા છે. જેમ કે સાધકના અંતઃપ્રદેશમાં રહેલ પ્રભુની જ્ઞાનાત્મક દિવ્યમૂર્તિ પણ પોતાનું એક ભામંડળ ધરાવે છે. આ ભામંડળથી ત્રણે લોકમાં રહેલ દ્રવ્યો પ્રકાશમાન થાય છે. તે ઉપરાંત જે કર્મજનિત ભાવોનું નિર્માણ હતું તે ભાવો ધીરે ધીરે ક્રમશઃ ઘટવા લાગે છે. એટલું જ નહીં અંરનિર્હિત ભામંડળ વિલક્ષણ રીતે સૂર્ય-ચંદ્રનું કામ પણ સંપાદન કરે છે. સંતાપ અને શીતળતા બંને સાપેક્ષ ગુણોથી સાધકને વિભજીત કરી એક અપૂર્વ સૌમ્યતાનો બોધ આપે છે. વલયાકારે રહેલું રૂઆભામંડળ અખંડ આતમાનો અનુભવ કરાવે છે. વલયમાં જેમ છેડો નથી તેમ અનંત જ્ઞાનગુણાત્મક ભાવોનો પણ અંત નથી. સીમાવાળા સંસારથી મુક્ત થઈ અનંત અને અસીમ પદ પામવા માટે જ ભામંડળ તેની સાક્ષીરૂપ અનંતના દ્વારે ઊભેલું એક અલૌકિક વલય છે.

કવિશ્રી પણ ભામંડલ પ્રાતિહાર્યતા માધ્યમથી અંતર્જગતના ભાવ પ્રકાશને પામવા આગળ વધી રહ્યા છે.

ऋद्धि:- ॐ ह्रीं अर्हं णमो खिल्लोसहि - प्रत्ताणं ।

મંત્રઃ- ॐ नमो ह्रीं श्रीं ऐं ह्रौं पद्मावत्यैक् देव्यै नमो नमः स्वाहा। ॐ प च म ह्रां ह्रीं नमः ।

**વિધિવિધાન :** પવિત્ર થઈ સફેદ રેશમી વસ્ત્રધારણ કરી, ઉત્તર દિશા તરફ મુખ કરીને મંગળકલશ તથા યંત્રની સ્થાપના કરી યંત્રની પૂજા કરવી. ત્યારબાદ સફેદ આસન ઉપર પૂર્વ દિશાની તરફ મુખ કરી, પદ્માસન લગાવી સ્ફટિકમણિની માળા દ્વારા હજારવાર ઋદ્ધિ, મંત્ર જાપ કરી સિદ્ધિ

**ફલાગમ :** કેસરી રંગના દોરાને એકસો આઠવાર ૩૪મી ગાથા, ઋદ્ધિ, મંત્રથી મંત્રિત કરીને તેને ગળામાં અથવા તો કટિપ્રદેશમાં બાંધવો. તેમ જ યંત્રને પાસે રાખવાથી ગર્ભનું સ્તભંન (સ્તમ્ભન) થાય છે. અસમયમાં ગર્ભનું પતન થતું નથી. અસ્તુ.

✦ ✦ ✦

સંપર્ક : khimji_chhadwa@yahoo.com
98928 28196

# Acharya Haribhadra

Dr. Kamini Gogri

Haribhadra flourished in 8th century. He was a priest to the king of Chittod. By caste he was a Brahmin and a native of Chitrakoot in Rajasthan. Though Brahmin, he did not believe in sectarianism. He studied various systems of philosophy and attained mastery over them.Haribhadra has written as many as 1444 books in subjects like philosophy, literature, morals, ethics, stories etc. in prose as well as verse, in Sanskrt and Prakrt. He has also written commentaries on Agamas. Though he has written on various subjects, he is famous for his works on comparative study on Yoga. In Indian philosophy, there are three schools of Yoga. Vedic (Patanjali), Buddhist & Jaina. Vedic system of reality is different, but the concept of Yoga in Jaina & Vedic systems is very similar. Literal meaning of the word 'Yoga' is 'to join', meaning the union of Self with the ultimate reality. In Buddhism, Yoga means 'to attain Samadhi'. In ancient times, Jaina meaning of Yoga was 'activity of mind, speech & body'. Later, Yoga got shifted from devotional to intellectual aspects and the definition changed to mean 'to join with the self' i.e. to control the mind to get rid of the kasayas. According to Haribhadra, Yoga means all those activities, which leads one to moksa or liberation.Of the many works on Yoga composed by him, the four main works are Yogabindu and Yogadrsti Samuccaya in Sanskrt and Yoga Vimsika & Yogasataka. In Prakrt. He has enriched Jaina Yoga literature by his scholarly treatise. He gave a very elaborate treatment to the topic of Yoga and used the term Yoga to include different types of spiritual practices and those activities with join the individual with moksa.According to Haribhadra, Yoga is a tool for spiritual purification and awakening. It brings about unity that underlines all divergent traditions of Yoga. Thus, his approach to Yoga is integrated. Jaina literature has been immensely enriched by his novel approach.

Haribhadra has given various definitions of Yoga in different books.

- In Yogabindu Yoga is defined as that which comprises of five categories viz., Adhyatma , Bhavana, Dhyana , Samata and Vrtti Samksaya.
- In Yoga Vimisika, Yoga is all religious and spiritual activities thatleads to moksa.
- In Yogadrsti Samuccaya, Yoga is a type of understanding which is coupled with Right Faith and which, as a result of annihilating / destroying unwholesome / evil tendencies, is conducive to a state of mind characterised by wholesome tendencies. Here Yoga means three jewels of Right Faith, Right Knowledge and Right Conduct. These three jewels comprise Yoga.
- In Yogasataka, from Niscaya Naya standpoint, Yoga is described as coming together of three attributes, which bring about soul's connection to moka. From Vyavahara Naya standpoint Yoga means soul's relation with causes of right Understanding, Right Faith and Right Conduct. It means all the religious performances / rituals and all spiritual actions like meditation etc.

In short, Jaina Yoga means three jewels leading to Moksa. It is also related to Gunasthanas in Jaina philosophy. From these definitions we find Jaina Yoga is nothing but a process of purifying soul from karmic matter. Even after Haribhadra, in post-Haribhadra period, Acarya Hemacandra, Yasovijayaji etc, have accepted the same meaning of Yoga as given by Haribhadra.

Jaina development of Yoga is based on the understanding that there is a soul in relationship with an ultimate reality. Assumption is the existence of soul, which is separated from its real pure nature by passions and corresponding actions, which bind the pure soul to Samsara. Yoga is a practice to purify the soul from this karmic matter and unite the soul with the true soul, the Parmatma.

In ancient Jaina scriptures like Acaranga, Uttaradhyana and Sutrakrtanga, there is a reference to the practice of Yoga. During 1st Century A.D., Kundakunda, through his Niyamasara & Pravacanasara, shifted the emphasis of Jaina Yoga from devotional and physical practice to that of spiritual purification of the soul. Then, we find Umaswati's finest work Tattvartha Sutra, which is Moksamarga in Jainism. By the seventh century A.D., Haribhadra had opened a new chapter on Yoga. Not only did he expand on both Kundakunda and Umasvati, but he

compared and contrasted Jaina Yoga with other Yogic systems. Haribhadra's Yogabindu deals with the following five categories of Jaina Yoga.

1. **Adbyatma (Spirituality):** It means giving thought to spiritual matters - consideration of the real essence or nature of things based on scriptural authority. Literal meaning of Adhyatma is 'that which is seated in the soul' (Adhi - Atma) Adhyatma means the understanding of the religious performances / activities / rituals, proper understanding of the worship of deities etc. It also means to be free form sins that have been committed because of Pramada / negligence. It also means cultivation of noble sentiments. It is said that Adhyatma produces merit (Punya) and destruction of sins / evil karmas and ultimately produces enlightenment. It also means development of the sentiments like Maitri, Pramoda, Karuna, etc.
2. **Bbavana (Sentiment):** Repeated observance of Adhyatma should be accompanied by auspicious reflection / Bhavana which helps one to know the real nature of things. Yoga is contemplation on 12 Bhavanas, by which inauspicious thought s or actions are done away with and mental state isenhanced.
3. **Dhyana (Meditation):** Concentration of mind on an auspicious object / thought with s steady mind is Dharma Dhyana to help get rid of passions. This is an important component of Yoga.
4. **Samata (Equanimity):** It is developed as a result of repeated observance of Adhyatma.
5. **Vrtti Samksaya (Control of Desires / Passions):** One has to acquire mental stability through destruction of passions, leading to Omniscience. When passions are detroyed, activities reduce, which reduces the karma inflow eventuallyleading to liberation. Vrtti Samksaya means elimination of soul's readiness to connect with sources of karma and regain its pure nature.

Dhyana is considered most spiritual. In all of Haribhadra's treatises on Yoga, the practise of meditation is included in various types of the higher stages of Yoga, which the Sadhaka reaches gradually.

Tapas also occupy a supreme place in Jaina spirituality. Tapa is like fire, which burns away the karmas of many births. Tapas are divided into twelve main categories - six external and six internal kinds of Tapas. Dhyana is one of the internal tapas and is considered to be the most spiritual.

**Yoga Vimsika:** It is very primary book on Yoga. Here Haribhadra gives a clear impression that Yoga stands for all that is noble in man's character. He lays down the rules and an ideal for higher conduct leading to spirituality. Such rules are:

a) Negative and Prohibitive Rules.
b) Positive Rules for Observance in practical life.

In this book, Haribhadra describes 5 constituents of Yoga or 5 Progressive Stages of Yoga.

1. **Sthana** - Bodily Posture: Proper bodily posture or pose is the beginning of Yoga. Bodily posture has great importance in all Yoga traditions. This is concerned with the Body.
2. **Uccarana -** Pronunciations: Proper utterance of Mantras or Religious Chants is important. This is concerned with Speech.
3. **Artha** - Meaning: Understanding and grasping the proper meaning of Mantra or chant is important. The chanting of Mantra can have its beneficial influence onlywhen its meaning is properly grasped.
4. **Alambana** - Dependence on deity etc.: This describes the necessity of concentration on eternal specialities of one's deity. Worship or devotion to the deity should be with full concentration of mind.
5. **Analambana** - No dependence or Self-dependence: It requires concentration on the spiritual characteristics of the deity without dependence of the deity. Dependence is only on the Self,

In such a short description of Yoga, Haribhadra has provided five progressive stages of Yoga with the help of which even a common man can take recourse to Yoga step by step, slowly and climb higher in Yogic Sadhana. Anyone can perform Yoga and with intensity, will and effort one can reach greatest spiritual heights. Success of Yoga depends on efforts, will-power and quick action.

Through its small book on Yoga, Haribhadra has opened the gates of Yoga to the common man in the midst of worldly life. He has described all the main stages of Yoga without puzzling the common man by Yogic technicality. The book is an instruction to

Yoga for the common man and for any Sadhaka of Yoga.

**Yogasataka:** In this work, Haribhadra says that Yoga is the practice of such affirmative and prohibitory rules of conduct, which are conducive to Moksa. In short, it stresses the observance of Right Conduct in accordance with religious standards.

In the first verse of this book, he pays homage to Mahavira who he considers as the Prince among Yogis. Then he goes on to discuss different subjects like:

1. Different forms of Yoga.
2. Preparation for Yoga.
3. Stages of Yoga.
4. Means to rise to higher stages of Yoga.
5. Satsanga - Obedience to Guru and other similar means.
6. Use of Pilgrimage etc.
7. Meditation and other means to get rid of Kasayas.
8. Proper Food and Control on Food.

According to Haribhadra, there are two forms of Yoga.

1. Niscaya Yoga
2. Vyavahara Yoga

Niscaya is the higher / proper Yoga in which Samyak Jnana etc. make moksa possible for the Sadhaka.

Vyavahara is the Yoga of spiritual conduct by which Sadhaka or seeker attains all the qualities required for the former.

In Yogic practice (in all traditions), it is considered necessary to make Yoga effort according to one's qualification or fitness for such action. Otherwise, such practice may cause more harm than good.

Haribhadra adds that one has to make self-assessment - introspection - then approach appropriate Guru.

Haribhadra was a practical and experienced Yogi himself He has shown means of mental peace, daily routine - means to get rid of passions. His main emphasis is on good conduct by which one can progress. He also emphasises on right kind of food, which not only has effect on body but also on the mind. Food helps to purify life. He has discussed fruits of Siddhis of Yogic action and Sadhana and suggests the Sadhaka to remain aloof from them and stick to the ideal of moa. Thus, in short, Haribhadra has given the core of Yoga in an independent style.

Both Yogasataka and Yogavimsika were written by Haribhadra for a common man. Therefore, his concepts are not too high or subtle.

**Yogadrsti Samuccaya:** In this work, Haribhadra describes 8 types of Yoga viewpoints which lead one to meditation of the soul by the soul. He compares these 8 Dristies with 8 steps of Patanjali. Patanjali has written Yoga Sutras in which he shows practical path to liberation through 8 steps. Yoga, according to Patanjali, means, 'Chittavrtti Nirodha' - that which leads to the stoppage of modifications of the mind which is always wandering. When there is stoppage of these modifications, it gives rise concentration and mind becomes stable. The 8 steps that Patanjali prescribed for the attainment of the higher stage are:

1. Yama - Moral Rules / Precepts (5)
2. Niyama - Restraints (5)
3. Asana - Body Postures
4. Pranayama - Breath Control
5. Pratyahara - Introversion (withdrawing sense organs from respective subjects and turning them inwards)
6. Dharana - Concentration
7. Dhyana - Meditation
8. Samadhi - Enlightenment

These are both external as well as internal steps to control the mind.

Haribhadra compares these with the 8 Yogadrsties. He defined Yogadrsti by saying that it is a type of understanding which is coupled with Right Faith and which, as a result of destroying unwholesome tendencies, is characterised by wholesome tendencies. He differentiates between two types of Drsties; Ogha Drsti meaning worldly viewpoint and Yoga Drsti meaning Right viewpoint. There are 8 successive stages of ethical and spiritual development ultimately leading to perfec1ion. Yoga Drsti helps one refrain from wrong conduct and pursue the right conduct.

These 8 kinds of Yoga Dr ties are as follows:

1. **Mitra (Corresponds to Yama) -** Here soul has a very faint / indistinct enlightenment. Seeds of Yoga are accumulated here and ultimately they will fructify in salvation. Soul has become aware of spirituality.

Patanjali describes the first stage. Yama, as the practice of certain virtues. These are nothing but 5 Anuvratas of Jaina. Mitra Drsti is compared with Yamabecause there is awareness in both.

2. **Tara (Corresponds to Niyama) -** Here a kind of enlightenment that exists is distinct. There is steadiness in spirituality. There is anxiety to cut bondage.

   Patanjalis second step, Niyama, includes 5 observances viz., Sauca (Cleanliness), Santoya (Contentment), Tapa (Penance), Swadhyaya, and Devotion to God. This is the same as Tara Drti. Because of awareness, soul tries to move towards the path of spiritual development.

3. **Bala (Corresnonds to Asana) -** There is more distinct enlightenment her. There is a stronger desire to know the truth. Evil desires disapper and soul takes control of the body. Some bodily postures - equivalent to Patanjali's third step - Asana.

4. **Dipra (Corresponds to Pranayama) -** Soul takes greater control of the body, particularly, the breath. Pramada reduces but truth is not fully attained. This is compared with Patanjalis 5th step Pranayama.

5. **Sthira (Corresponds to Pratyahara) -** There is greater sense control with higher enlightenment accompanied by faith. Soul is capable of subtle thinking and control is improved. This is compared with Patanjali's 5thstep - Pratyahara.

6. **Kanta (Corresponds to Dharana) -** There is more brightness. Mind is centred on virtues and not attracted by worldly objects. This is compared with Patanjali's 6th step – Dharana or Concentration. When there is withdrawal ofsenses from outside objects, attention is focussed on one object. There is higher personality development.

7. **Prabha (Corresponds to Dhyana) -** There is more developed power of discrimination between the truth & non-truth, real & unreal etc. This leads to greater concentration on soul. Meditation (Dharma Dhyana) begins here. This is compared with Patanjali's 7th step - Dhyana or deep concentration. Mind becomes free from mental disturbances and soul achieves peace of mind and moves towards a path from which there is no return.

8. **Para (Corresponds to Samadhi) -** Here, one is free from all attachments to the world / Kasayas and has achieved ecstasy / Samadhi or Spiritual Trance. Activities of soul becomes pure and perfect and attains omniscience on destruction of Ghati Karma and salvation is attained when remaining karmas are destroyed. This is compared with Patanjali's 8th step of Samadhi - union of soul with super soul. In Para Drsti, soul fulfils its purpose.

**According to Haribhadra:**

From Vyavahara point of view, Yoga is all the religious activities, Vrattas etc.

From Niscaya point of view, Yoga means realisation of Right Knowledge, Right Faith and Right Conduct.

Yoga gives liberation from suffering. According to all the philosophies, Yoga believes that there is something like a state of bliss. Yoga is not merely a physical exercise viz. Asanas, nor is it a mere activity of body, mind and speech.

Haribhadra for the first time employs a new approach in describing Yoga and compares Jaina Yoga with Patanjali's Yoga as well as the Buddhist concept. He was perhaps the first one to define Yoga in the sense of what leads one to emancipation. It is the practice to purify the soul from the karmic matter and unite Atma with Paramatma. To start this process of eliminating the karmic matter from the soul, one must first practice three jewels of Right Faith, Knowledge and Conduct. Since the practice of Yoga comprises man's journey towards the ethical and spiritual perfection, in Jainism, the term 'Caritra' or Conduct is the exact equivalent of the term Yoga. Right conduct is the means of Sarhvara and Nirjara, ultimately leading to liberation. The term Caritra includes all ethical and spiritual doctrines of Jainism which serve as the basis of Jaina householders' & monks' discipline.

Another important feature of Haribhadra's Yoga is that he considers the worship of deities and preceptors as necessary as such worship, soul becomes free of sorrow. It builds meritorious karma and one's conduct becomes right. One becomes fearless.

Thus, it can be seen that Haribhadra's contribution to Jaina Yoga is unique and invaluable.


✦ ✦ ✦

Contact : 9619379589

# સર્જન સ્વાગત

## સંધ્યા શાહ અને રશ્મી ભેદા

**ક્ષણનો વૈભવ : કુમારપાળ દેસાઈ**
**પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,**
**રતનપોળ નાકા સામે,**
**ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧.**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૨૧**
**પૃષ્ઠ : ૧૬૦ કિંમત : રૂ. ૧૮૦/-**




ભારતીય સંસ્કૃતિ, સાહિત્ય તથા જૈનદર્શનના ઉત્તમ અભ્યાસુ વક્તા, પત્રકાર, લેખક, નિબંધકાર, સંશોધક, સંપાદક પદ્મશ્રી કુમારપાળ દેસાઈનું આ નવલું સર્જન છે.

'ઝાંકળભીના મોતી' 'મોતીની ખેતી માનવતાની મહેક', 'તૃષા અને તૃપ્તિ', 'ક્ષમાપના', 'શ્રધ્ધાંજલિ' તથા 'જીવનનું અમૃત' જેવા ઉત્તમ નિબંધસંગ્રહોના આ સર્જકે દૈનંદિન જીવનમાં સર્જાતી સમસ્યાઓના નિવારણ માટે એક અલગ દર્શાવ્યો છે. સંજોગોની સામે હતાશ બની જતા, વિવશ બની જતા, માનવીનું જીવન અંધકારમય બની જતું હોય છે, તેવે વખતે કોઈ લીલોછમ વિચાર મુરઝાયેલા મનને નવલપલ્લવિત કરી દેતો હોય છે. 'ક્ષણનો વૈભવ' વ્યક્તિના આંતરજગતમાં અજવાળું કરી દે તેવા લઘુ નિબંધોનો સંગ્રહ છે.

આત્મઓળખ ભીતરના સુખને હડસેલતી અપાર એષણાંઓ, સમયનો સાર્થક ઉપભોગ, જીવનના ધ્યેયની સ્પષ્ટતા, પરિવર્તનનો પડકાર, સચ્ચાઈ, સેવા તથા સમર્પણનો મહિમા અને પરિસ્થિતિનો સ્વીકાર જેવા અનેક વિષયો થકી વ્યક્તિને 'સ્વ'ની ઓળખ કરાવી સંજોગોનો મુકાબલો કરવો સક્ષમ બનાવે તેવા પ્રેરણાત્મક નિબંધો ખાસ કરીને કોરોનાકાળે આશીર્વાદરૂપ બન્યો છે. લોકોએ ક્યારેય કલ્પી નહોતી એવી પરિસ્થિતિમાં, દિગ્મૂઢ મનોસ્થિતિમાં આ લખાણ મનને શાતા આપે છે.


કેટલીક ચિંતનાત્મક સૂક્તિઓ જોઈએ તો, સમયને સાર્થક કરવા પળેપળની જાગૃતિ જોઈએ. વ્યક્તિના પતનનો પ્રારંભ ગર્વથી થાય છે. સમય અને અવસ્થાને ઓળખનારા સ્વપ્નસિધ્ધિ પામી શકે,

સમજણ સેતુ વિના કદી દીર્ઘજીવી સંબંધોનું સર્જન થતું નથી. નકારાત્મકતા એ અકર્મણ્યતાની જનની છે.

ઉત્તમ ગ્રંથોનું લોકહૃદયમાં ગુંજન થવું જોઈએ.

જીવવાનો ઉત્સાહ જગાડતાં આ લેખો ક્ષણોનો વૈભવ બન્યા છે.

**હારું તે હું નહીં - કુમારપાળ દેસાઈ**
**પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,**
**રતનપોળ નાકા સામે,**
**ગાંધીમાર્ગ, અમદાવાદ -**
**૩૮૦૦૦૧.**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૨૧**
**પૃષ્ઠ : ૨૪૦ કિંમત : રૂ. ૨૬૦/-**




અપાર આત્મવિશ્વાસ, પ્રચંડ મનોબળ અને અખૂટ શ્રધ્ધા થકી પ્રતિકૂળ સંજોગોમાં, સામે પૂરે તરી જતા, પોતાના જીવનને સાર્થક કરી દેતા ખમીરવંતા વ્યક્તિત્વોનું અહીં આલેખન કરવામાં આવ્યું છે. જીવનપથમાં મળતી વિફળતાઓમાં, નાની નાની વાતમાં હિંમત હારી જતા, મુંઝાઈ જતા ને ક્યારેક જીવનનો અંત આણવા તત્પર થઈ જતા લોકોને ગમે તેવી આપતિઓમાં ટકી રહેવાની પ્રેરણા આપતી આ કથાઓ વાચકની આંખોમાં ઝળઝળિયાં લાવે છે.


જન્મથી જ અંધ હોવોને કારણે લોકોની અવહેલનાનું પાત્ર બનેલો, અનેક હાડમારી ને અપમાન વેઠીને પણ વિશ્વવિખ્યાત MIIT માંથી સફળ એન્જિનિયર થઈને એનક પ્રજ્ઞાચક્ષુઓના જીવનમાં અજવાળા રેલાવતો શ્રીકાંત, મહારાષ્ટ્રના અંતરિયાળ - અત્યંત પછાત અને ગરીબ વિસ્તારમાં કુપોષણથી પીડાતા બાળકો, ઢોરઢાંબર ને નિષ્ફળ ખેતીને કારણે અસહાય બની ગયેલા લોકોનું, જીવન સંવારવા, એમની જિંદગીભરની ભૂખ ભાંગવા અથાગ પરિશ્રમ કરતા ડૉ. રવીન્દ્ર કોલ્હે અને લક્ષ્મી કોલ્હે, કેવળ બાર વર્ષની ઉંમરે યુ.એન.ઈ.સી.ની ગ્લોબલ કૉ. ઑર્ડિનેટર બની પર્યાવરણની રક્ષા કાજે ઝઝૂમતી કહેકશાં બાસુ બન્ને પગ કપાઈ ગયા હોવા છતા ડૉક્ટર બની હજારો દર્દીઓતી સારવાર કરતી લી જુહોંગ, ન્યૂર્યોકના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર થયેલા આતંકી હુમલામાં સ્વયં બિમારીથી પીડાતા હોવાં છતાં એ ભયાનક સ્થળે પહોંચીને લોકોની સુરક્ષા માટે અડીખમ રહેલા મેયર રૂડી ગુલિયાની, માનવતાને કાજે આજીવન પ્રવૃત્ત, વિશ્વશાંતિ અને માનવ અધિકારો માટે જીવનની સંધ્યાએ-૯૧મા વર્ષે પણ પ્રવૃત્ત જિમી કાર્ટર, એસિડ એટેકનો ભોગ બનેલી, બળેલા ચહેરાને કારણે ભયાનક લાગતી. કિંતુ ઉદાસીનતાને કારણે મૂકી ફેશન ડિઝાઈનર તરીકે

પ્રવૃત્ત થઈ ગયેલી, ઓનલાઈન પોર્ટર ચલાવતી ને સમદુખિયા યુવતીઓને સાથે રાખી આત્મવિશ્વાસથી પોતાના સ્વપ્નોને સાકાર કરતી રૂપા, અમેરિકાના ન્યૂયોર્ક અને બ્રૂકલીન વચ્ચે પોલાદના દોરડાથી શોભતો બ્રિજ બનાવવા. અનેક અવરોધાને પાર કરી, સંકલ્પ સાકાર કરનાર જહોન રોબલિંગ, પુત્ર વૉશિંગ્ટન અને પુત્રવધુ એમીલી... આવા દેશ વિદેશના લોકોના પ્રબળ પુરુષાર્થ, સ્વયં દુ:ખી હોવા છતાં અન્યને કાજે સુખ સર્જવાની ભાવના, અંતરતમ કરુણા ને માનવજાતિ પર તેમને કરેલા ઉપકારના આ પ્રસંગો, તેમના જીવન સાર્થક્યની વાત વર્ણવે છે. અને જો હિંમત હાર્યા વગર અપંગ-અંધ-કે દિવ્યાંગ લોકો આજીવન ઝૂઝતા રહી શકે તો આપણે સ્વસ્થ અને સહજ જીવન જીવતા લોકોને હિંમત હારી જવાનું કેમ પાલવે ? આપણું જીવન પણ અન્યના કલ્યાણમાં કેમ વ્યતીત ન થાય ? માનવકલ્યાણ, કરુણા, સંવેદના અને પારાવાર પુરુષાર્થનો મહિમા કરતા આ બધા જીવંત પ્રસંગો વાચકને માર્ગદર્શક બને છે.

કુમારપાળ દેસાઈની 'અપંગના ઓજસ', તન અપંગ મન અડીખમ', 'માટીએ ઘડ્યા માનવી', જીવી જાલનારા' આ પુસ્તકોની શ્રેણીમાં 'હારું તે હું નહીં' આ પુસ્તક પણ પ્રેરણાદાયી બની રહેશે.

**- સંધ્યા શાહ**

**પુસ્તકનું નામ - પ્રભુ દુર્લભ નથી,**
**પ્રેમને સુલભ બનાવી દો.**
**(ગણિવર્ય શ્રીમદ્ દેવચંદ્રજી કૃત જિન ચોવીશીના સથવારે)**
**સ્તવનકાર - અધ્યાત્મયોગી શ્રીમદ્ દેવચંદ્રજી ગણિવર્ય**
**વિવેચનકર્તી - સાધ્વી શ્રી ડૉ. નિર્મિતગુણાશ્રીજી**
**પ્રકાશક - શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ**
**પ્રથમ આવૃત્તિ - વિ. સ. ૨૦૭૭**
**પૃષ્ઠ - ૪૪૧ કિંમત : ૫૦૦/-**




સાધ્વીજી ડૉ. નિર્મિતગુણાશ્રીજીનો **'શ્રીમદ્ દેવચંદ્રજી જિન ચોવીશી'** પરનો શોધનિબંધ ગ્રંથરૂપે સંકલિત કરેલો છે.

અધ્યાત્મયોગી વાચક શ્રી દેવચંદ્રજી ઉત્તમ કોટિના ચિંતક-સાધક મહાત્મા હતા. તેઓનું સાહિત્ય અને રચનાઓમાં, એમણે રચેલ દ્રવ્યાનુયોગપ્રધાન સ્તવન ચોવીસીમાં અધ્યાત્મની પરાકાષ્ઠાનું દિગ્દર્શન થાય છે. આ સ્તવનોના શબ્દે શબ્દે નિજમાં પરમતત્ત્વની અધ્યાત્મ જ્યોતને પ્રગટાવવાની તેઓની ઉત્કંઠા તેમ જ પરાકાષ્ઠા જોવા મળે છે. આ ગ્રંથમાં સાધ્વીશ્રીજીએ તીર્થચી તત્ત્વતરફ અને વ્યવહારથી નિશ્ચયતરફ કઈ રીતે આગળ ધપી શકાય. ઔદયિક ભાવથી ક્ષયોપશમભાવથી ક્ષાયિકભાવ તરફ કેમ હરણફાળ ભરી શકાય એ આ સ્તવનોમાં માધ્યમમાં દર્શાવ્યું છે.

શ્રીમદ્ દેવચંદ્રજી વર્તમાન ચોવીશીના સથવારે પ્રભુના અનુપમ, અવર્ણનીય એવા અનંત અનંત ગુણોની ભાવયાત્રા કરાવે છે. દરેક સ્તવનમાં પ્રભુના અલગ અલગ ગુણો પર પ્રકાશ પાડ્યો છે. જે ગ્રંથના અંતે દર્શાવ્યા છે. શ્રી દેવચંદ્રજીએ ભક્તિના લયમાં ધ્યાનનો ક્રમ ખોલ્યો છે જે પરિશિષ્ટમાં જૈન ધ્યાનની પદ્ધતિઓ દર્શાવી છે.

**- ડૉ. રશ્મી ભેદા**

# માટુંગામાં અચલગચ્છ પર જૈન સાહિત્ય સમારોહ સંપન્ન થયો

શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજા શ્વેતામ્બર જૈન સંઘના ઉપક્રમે આચાર્યશ્રી જયસિંહસૂરીશ્વરજી મ.ની જન્મ નવમ શતાબ્દી અંતર્ગત માટુંગામાં તા. ૧૦.૧૦.૨૦૨૧ના જૈન સાહિત્ય સમારોહ સંપન્ન થયો.

અચલગચ્છાધિપતિ આચાર્યશ્રી કલાપ્રભસાગરસુરીશ્વરજી આદિ ઠા. ૧૯ની પાવન નિશ્રામાં યોજાયેલ આ સમારોહમાં, ગુણવંત બરવાળિયા તથા ડૉ. રશ્મિ ભેદા સંપાદિત ''અચલગચ્છ શ્રુત સંપદા''નું વિમોચન કરવામાં આવ્યું હતું.

સમારોહમાં અચલગચ્છના આચાર્ય ભગવંતોના જીવન અને તેમની વિશિષ્ટ સાહિત્ય કૃતિઓ અંગે નવ વિદ્વાનોએ પોતાના શોધપત્રો પ્રસ્તુત કર્યા હતા.

પૂજ્ય આચાર્ય કલાપ્રભસાગરસુરીશ્વરજીના મંગલ પ્રવચન બાદ વિદ્વાનો સર્વશ્રી ગુણવંત બરવાળિયા, સુરેશ ગાલા, ડૉ. પાર્વતી ખીરાણી, ડૉ. રમજાન હસાણિયા, ડૉ. રશ્મિ ભેદા, ડૉ. સેજલ શાહ, ડૉ. રતનબેન છાડવા, ડૉ. અભય દોશી અને ડૉ. કોકીલા શાહે અભ્યાસ નિબંધો રજુ કર્યા હતા.

આગવી શૈલીમાં આ સમારોહનું સફળ સંચાલન ડૉ. સેજલબેન શાહ તથા ડૉ. રશ્મિ ભેદાએ કર્યું હતું.

માટુંગા શ્રી સંઘના હોદ્દેદારોએ સમારોહને સફળ બનાવવામાં ખૂબ જહેમત ઉઠાવી હતી.

# ‘એ તો કેવો ગુજરાતી જે હો કેવળ ગુજરાતી’

ઉત્કર્ષ મઝુમદાર

ઉમાશંકર જોષીની કવિતા,

એ તે કેવો ગુજરાતી જે હો કેવળ ગુજરાતી?
હિંદભૂમિના નામે જેની ઊછળે ના છાતી?
મહારાષ્ટ્ર દ્રવિડ બંગાળ બિહાર બધે અનુકૂલ
જ્યાં પગ મૂકે ત્યાંનો થઈને રોપાયે દ્રઢમૂલ
સેવાસુવાસ જેની ખ્યાતિ;
તે જ બસ નખશિખ ગુજરાતી.

ના, ના તે નહીં ગુજરાતી,
જે હો કેવળ ગુજરાતી.
એ તે કેવો ગુજરાતી,
જે હો કેવળ ગુજરાતી,
ભારતભક્તિ દેશવિદેશ ન જેનીઊભરાતી?

સાગરપાર આફ્રિકા એડન લંકા
સિંગાપુર મોરિશ્યસ ફિકી ન્યૂઝીલેન્ડ
જાપાન બ્રિટન અતિ દૂર.
કાર્યકૌશલ – આતિથ્ય સુહાતી બધે ઉર – મઢૂલીઓ ગુજરાતી.

તે નહીં નહીં જ ગુજરાતી,
જે હો કેવળ ગુજરાતી.

એ તે કેવો ગુજરાતી,
હિંદભૂમિના નામે જેની ઊછળે ના છાતી?
ભારતભક્તિ દેશવિદેશ ન જેની ઊભરાતી,
એ તે કેવો ગુજરાતી?

– ઉમાશંકર જોશી

જે કેવળ ગુજરાતી હોય તેઓ જ પ્રિય નથી. હિંદભૂમિના નામે જેની ઊછળે ના છાતી? દેશભક્તિનો અભાવ, એની ઊણપ એમને સાલે છે. ગુજરાતીઓની દેશભક્તિ થોડીક હોય છે. તમે કહેશો કે ના, ના તેવુંનથી. ગુજરાતીઓમાં દેશભક્તિ છે. પણ કવિને એવું લાગ્યું કે ગુજરાતીઓની દેશભક્તિ કેવી હોય? મીઠાઈ પર જેમ ચાંદીનું વરખ લગાડે તેવી પાતળી. સહેજ આપણે એને કોતરીએ તો નીકળી જાય. મીઠાઈના સ્વાદમાં ખબર ના પડે કે તેમાં ચાંદીનું વરખ હતું કે નહીં. તેવી પાતળી દેશભક્તિ લાગી છે. બીજું ખાસ એ છે કે તેઓ કહે છે ‘મહારાષ્ટ્ર દ્રવિડ બંગાળ બિહાર બધે અનુકૂલ, જ્યાં પગ મૂકે ત્યાંનો થઈને રોપાયે દ્રઢમૂલ’. ગુજરાતી જ્યાં જ્યાં જાય, જે પ્રદેશોમાં જાય, જે દેશમાં જાય તે ત્યાંને અનુકૂળ થઈને રહે. અને એના મૂળીયા પણ એ પ્રદેશમાં રોપે. એ જ સાચો ગુજરાતી. પરદેશમાં જઈને પણ પોતાનો અલગ ચોકો બનાવે એ એમને જાણે સ્વીકાર્ય નથી. જે પોતાના ગુજરાતીપણાથી આગળનું જોઈ શકતો નથી એવી વ્યક્તિ પ્રત્યે કવિ પોતાની નારાજગી વ્યક્ત કરે છે. (વાચક કહેશે કે માત્ર ગુજરાતીઓ જ આવા છે? બીજા બધા પ્રાંતના લોકો પણ એવા જ છે . કવિને મન એ પણ સારી વાત નથી. કવિ બીજાઓને ક્યાં બિરદાવે છે કે ગુજરાતીઓની અન્ય સાથે તુલના કરે છે. ઉમાશંકરભાઈને ગુજરાતીઓ માટે લાગી આવે છે તેથી અહીં એમની જ વાત કરી છે. કવિ ગુજરાતીઓને મહા ગુજરાતી તરીકે જોવા ઇચ્છતા હશે?) મને એ સવાલ થાય છે. કેમ જ્યાં જઈએ ત્યાં આપણને બ્રાહ્મણ સમાજ, વણિક સમાજ, જૈન સમાજ, દલિતસમાજ આવા સમાજો જોવા મળે છે. પણ ગુજરાતી સમાજ આપણને ભાગ્યે જ જોવા મળે છે. દરેક માણસને ઓળખની, પહેચાનની જરૂર છે. એને માટે તે વલખા મારે છે જુદી જુદી રીતે. માણસની ઓળખ કેવી રીતે સર્જાય? કુટુંબથી, કુળથી, વંશથી, જાતિથી, ધર્મથી, સંસ્કૃતિથી, ખાણી-પીણીથી. અને એ ઓળખ સર્જાય કે તે ફલાણા જાતિનો છે કે ફલાણા ધર્મનો છે ત્યારે તેને પોતાની જાતિનું, પોતાના કુળનું પોતાના ધર્મનું અભિમાન સર્જાય છે. ને પોતે બીજા કરતા ચડિયાતો છે, પોતાનો ધર્મ શ્રેષ્ઠ છે તેવું તેને મહેસુસ થાય છે. અને એ બીજા કરતા સારો છે, સર્વશ્રેષ્ઠ છે તેવી તેને અનુભૂતિ થાય છે ને બીજા તેના કરતા નીચા છે તેવી તેની પ્રતીતિ થયા કરે છે. જે દેશના વિકાસમાં આડી આવે છે. જેને લીધે દેશ એ દેશ બનતો નથી. દેશ આગળ આવતો નથી અને એટલા માટે જ ઈ.સ.૧૯૩૬માં આચાર્ય આનંદશંકર બાપુભાઈ ધ્રુવ ‘વસંત’ સામાયિકમાં લખે છે ‘‘ વર્તમાન સમયમાં પ્રાંતિક સ્વરાજને લીધે પ્રાંતિક અસ્મિતા ભારતનાં અભેદ દર્શનમાં વિઘ્નકર

થવાનો હોય છે. આગળ વધતા તેઓ કહે છે કે પ્રાંતિક સ્વરાજના આ દિવસોમાં હિંદ સમસ્તી એકતાની ભાવના લક્ષ્ય બહાર જતી રહેવાનો અમને ભય છે. હવે તો એક ગુજરાતી તરીકેની આપણી અસ્મિતા વધારે ઉત્કટ ન બની જાય એટલા માટે વ્યક્તિત્વવાદી વાચકોને વિચારવા વીનવશું કે રા. મુન્શી જેને ગુજરાતની સાંસ્કારિક વ્યક્તિત્વ કહે છે તેના ઘટક અવયવો કયા છે કે જે ભારતની સામાન્ય સંસ્કૃતિમાં નથી અને જે ગુજરાતી વિશિષ્ટતા બતાવે છે. અમને તો ભાગ્યે જ કોઈ જડે છે.''

ગઈ સદીની ચાલીસીના આરંભે મણિલાલ ગાંધીએ ઈન્ડિયનઓપિનિયનમાં લખેલું ''જે દહાડે દક્ષિણ આફ્રિકામાં હિંદુઓમાં કોમવાદનો રોગ ફાટી નીકળશે ત્યારે તે વેળા તેમણે જાણી લેવું કે તેમનો સર્વનાશ આવી ગયો છે. આપણે હિંદુ નથી કે નથી મુસલમાન, નથી પારસી કે નથી ઈસાઈ. આપણે હિન્દુસ્તાની જ છીયે. હિંદુસ્તાનના કયા પ્રાંતમાંથી આપણે મૂળે આવ્યા છે તે મુદ્દો પછી અગત્યનો રહેતો નથી. કેમકે પછી તે પ્રાંત મદ્રાસ હોય, મુંબઈ હોય કે બંગાળ હોય. સમગ્ર રાષ્ટ્રને કેન્દ્રમાં રાખીને આપણે શા સારું વિચારતા નથી? અને કેમ આપણી સમગ્ર કોમના ભલા માટે કાર્યપ્રવૃત્ત રહેતા નથી?''આવું નિરીક્ષણ તેમનું હતું.

એમની વાત જાણે ઉમાશંકર જોશીએ પડઘો પાડીને પોતાની કવિતામાં લખી એવું આપણને લાગે છે. અને આની સાથે જ સત્ય અને સ્પષ્ટ વ્યક્તા,જેમને અનેકોએ બિરદાવ્યા છે. પત્રકાર ધર્મ, લોકધર્મ, સમાજ ધર્મ બરાબર પાળી બતાવ્યો છે. પ્રગતિશીલ વિચારક લેખક તરીકે જેમની છાપ હતી તેવા ઈશ્વર પેટલીકરના અવતરણને પણ વિપુલભાઈ કલ્યાણીએ ટાંક્યું છે તેમના લેખમાં. મોમ્બાસાના પટેલ સમાજમાં ભાષણ કરતા પેટલીકરે નર્મદ સ્ટાઈલથી વાક્યો ઉચાર્યા હતા. શું હતા એ વાક્યો ? ''મારા પૂર્વ આફ્રિકાના પ્રવાસમાં પટેલોને મળ્યો. વણિકોને મળ્યો. બ્રાહ્મણોને મળ્યો. કાઠિયાવાડીઓને મળ્યો. પણ ન મળ્યો કોઈ ગુજરાતીઓને. પટેલ સમાજોમાં ભાષણો કર્યા. બ્રહ્મ સમાજમાં ભોજનો લીધા. કાઠિયાવાડી સમાજની ધાર્મિક પ્રવૃત્તિમાં ભાગ લીધો. પણ એકેય ગુજરાતી સમાજોનો સમાગમ ન થયો. ન થયો એ ન જ થયો.'' કેવી કરૂણતા. આ સંદર્ભે મને એક કિસ્સો યાદ આવે છે.

એક પરદેશી માણસ ભારતની મુલાકાતે આવે છે. એને થાય છે બહુ સાંભળ્યું છે ઈન્ડિયા વિશે. એટલે હું જાઉ અને ઈન્ડિયન્સને મળું. તેની સાથે વિચારોનું આદાનપ્રદાન કરું. તે ઈન્ડિયા આવ્યો. થોડો વખત ગાળી પાછો પોતાના વતને ગયો. બધા પૂછે છે કે કેવું હતું ઈન્ડિયા ? "How are the Indians?"તે કહે છે કે "I have not found any Indians." "શું કેકહે છે તું ? તું ઈન્ડિયા ગયો અને તને કોઈ ઈન્ડિયન ન મળ્યું. ?''ના. કમનસીબે હું જેને મળ્યો એ કાં તો પંજાબી હતા કાં બંગાળી હતા કાં તો ગુજરાતી હતા કાં આસામી હતા કાં તેલુગુવાળા હતા. પણ મને ઈન્ડિયન્સ બહુ ઓછા મળ્યા.'' અને આ આપણી કરૂણતા છે. આપણે આર્થિક રીતે સધ્ધર થતા જઈએ છીએ. આપણામાં કેટ-કેટલી આવડત છે, ટેલેન્ટ છે પણ આપણમાં દેશ ભાવના નથી, દેશ દાઝ નથી. આપણે કૂવામાંના દેડકા હોઈયે તેમ વર્તીએ છીએ. બીજા જોડે આપણને કાંઈ લેવા દેવા જ નથી. તે એનું કામ કરે અને આપણે આપણું કામ કરીએ. એટલે આપણે દેશ તરીકે આગળ આવતા નથી. અને આ વસ્તુ જ ઉમાશંકરભાઈને ખૂંચી હતી. આપણા ઇતિહાસના પ્રાધ્યાપક અને જાણીતા સાહિત્યકાર બ.ક.ઠાકોર આના વિશે આઠથી નવ દસકા પહેલા જે કહી ગયા છે તે સાંભળીએ. ''આપણા ગુજરાતીઓમાં પ્રજાપણું નથી. આપણામાં પ્રજાપણાનું ઐક્ય નથી. પ્રજાપણાનું તેજ નથી. પ્રજાપણાના સતત આગ્રહી એવું ઘેન નથી. આપણા નેતાઓને પ્રજાપણાવાળી પ્રજાના પીઠબળનો ટેકો નથી. મતભેદ અને ચરિત્રભેદને લીધે થતા ચર્ચાઓ,વૈમનશ્યમાંથી ક્યાંક થાય છે તેમ નથી. સર્વત્ર થાય છે. પરંતુ બીજે જ્યારે પ્રજાપણાની ઉષ્મામાંથી તે ઓગળતા પણ જાય છે. અને આરંભે થતા કાર્યપ્રવાહ આગળ થવા પામે છે. કેમકે તે વૈમનશ્ય અને મતભેદની અસર ઓછી પડી જાય છે. ત્યારે આપણે ત્યાં વખત જતા મોટા બનીને ગમે તેવા કાર્યો કાર્યપ્રવાહને મંદ કરી નાંખે છે. એ થોડા જ વખતમાં રૂંધી નાંખે છે. આપણા પારસીઓ ગુજરાતી નથી. આપણા મુસલમાનો ગુજરાતી નથી. આપણા કાઠિયાવાડીઓ ગુજરાતી નથી. આપણા કચ્છીઓ ગુજરાતી નથી. આપણા મુંબઈગરા ગુજરાતી નથી. આપણા ગુજરાતીઓમાં પણ સૌ કોઈ ગુજરાતી છે તે કરતા અમદાવાદી કે સુરતી કે ચરોતરી કે પટેલ કે મારવાડી કે કોઈ નાગર બ્રાહ્મણ કે મારવાડી કે જૈન કે બીજું કાંઈ વિશેષ છે.'' મને પણ આનો અનુભવ થયો છે.

ગુજરાતી નાટકોમાં પારસી કલાકાર પણ હોય છે. અરે ગુજરાતી જૂની રંગભૂમિની શરૂઆત કરનારા જ પારસીઓ હતા. તો એક વાર એક પારસી કલાકાર એ મને કહ્યું કે તમે ગુજરાતી. મેં એને અટકાવતા કહ્યું ''આપણે ગુજરાતીઓ એમ કહો.'' તો

લાગલો જ એ કહે ''ના ના હું ગુજરાતી નહીં પણ પારસી જ છું. હું તો નવાઈ પામી ગયો. ''કેમ ભાઈ તમે ગુજરાતી નથી, પારસી છો ?'' ''હા, હું પારસીછું.'' પછી મેં એમને પૂછ્યું કે ''તમે તમારા ઘરમાં કઈ ભાષા બોલો છો ?'' તો કહે ''ગુજરાતી.'' અને કોઈ ફોર્મમાં લખવાનું આવે કે માતૃભાષા કંઈ તો શું લખો ? તો કહે ''ગુજરાતી''. તો મેં કીધું '' એટલે તમે ગુજરાતી થયાને ! આપણે ભાષાના સંબંધે ઉદ્‌ભવતી આપણી ઓળખની વાતકરી રહ્યા છીએ. ધર્મની ઓળખની નહીં.

બીજો એક પ્રસંગ. એક વખત હું શુઝ લેવા ગયો હતો. ને મોટેભાગે મુંબઈમાં જે સારા સારા બુટ માટેની દુકાનો હોય છે એ ગુજરાતી મુસ્લિમની હોય છે. એમાં કંઈક વાત નીકળતા કીધું કે ''આપણે બધા ગુજરાતી.'' તો તેમણે કીધું ''ના. હું ગુજરાતી નહીં પણ મુસ્લિમ છું.'' મેં કીધું ''એમ, તમે ગુજરાતી નથી ?'' પછી મારી નજર ત્યાંપડેલા 'જન્મભૂમિ' અખબાર ઉપર પડી. મેં પૂછ્યું કે ''આ શું છે ?'' તો કહે કે ''ગુજરાતી છાપું છે.''આ કોણ વાંચે છે ?'' કહે કે ''હું વાંચું છું.''તમે વાંચો છો ?''હા. ગુજરાતી ભાષા તો ખરીને આપણી.''તમે ઘરે પણ ગુજરાતી બોલો,વાંચો ?''હા.'' .'' મેં કીધું ''પણ તમે તો કહો છો ને હું ગુજરાતી નથી મુસ્લિમ છું.'' તે કહે કે ''હું મુસ્લિમ જ છું.''હું ધર્મની વાત નથી કરતો. હું તો તમને તમે ગુજરાતી છો કે નહીં એ વિશે પૂછું છું. તમે મરાઠીછો ?'' તો કે ''ના, ના.''''બંગાળી છો ?''ના, ના.'' ''તમે ગુજરાતી નથી. મરાઠી નથી બંગાળી નથી તમીલભાષી નથી, આસામી નથી તો તમે કોણ છો ?'' વાત સમજતા છેવટે એણે કહ્યું ''એ રીતે હું ગુજરાતી છું.'' આવું વારંવાર મેં જોયું છે અને એનાથી મને બહુ દુઃખ થાય છે. એવું હશે કે લઘુમતીઓને બહુમતી સમુદાય પોતાનો જ એક ભાગ છે એવું ગણતો નહીં હોય કે અસલામતીનો લીધે લઘુમતી સમાજ પોતાની ઓળખ ધર્મને આધારે માનતો થઇ ગયો હશે ? કોણ જાણે. આપણે બધા ગુજરાતીઓ છે તો ગુજરાતીઓ કેમ એકબીજાને આવકારતા નથી. આવી સંકુચિત મનોવૃત્તિ કેમ રાખીએ છીએ.

હું નાટક માટે મહારાષ્ટ્રના એક શહેરમાં ગયો હતો. ત્યાંના એક ગુજરાતી સમાજે નાટકનો પ્રયોગ રાખ્યો હતો. મને કહેવામાં આવ્યું કે અહીંના બધા જ ગુજરાતીઓ આના સભ્ય છે એટલે મેં સહેજ પૂછ્યું તો ગુજરાતી ભાષી મુસ્લિમ ભાઈ બહેનો કેમ દેખાતા નથી ? તો કહે આ ગુજરાતી સમાજ છે. મેં પૂછ્યું તો એ વોરાજીઓ કે ખોજાઓ બિન ગુજરાતી છે ? જવાબ મળ્યો ના તેઓ ગુજરાતી જ છે તો પછી ? કોની પાસે એનો જવાબ ન હતો. આપણે એ કેમ નથી સમજતા કે ગુજરાતી માણસ પારસી પણ હોઈ શકે. ઈસાઈ પણ હોઈ શકે. મુસ્લિમ પણ હોઈ શકે. બુદ્ધ પણ હોઈ શકે, જૈન પણ હોઈ શકે, હિંદુ પણ હોઈ શકે. આપણે ભાષાની વાત કરીએ છીએ. ભાષા આપણને ઐક્ય આપે છે. ધર્મના વાડાથી આપણે બધા ચલિત થઈ ગયા છે. ને જુદા જુદા નોખા નોખા પંથ થઈ ગયા છે. જે આપણને રોકે છે ને એટલે જ વાત કરી હતી કે આપણો સમાજ inclusive કેમ નથી ?

ગાંધીજી પુત્ર મણિલાલ ગાંધી એમના પત્ની સુશીલાબેન ગાંધીના મોટા સંતાન સીતાબેન ધુપેલિયા અને સીતાબેનની દીકરી ઉમા ધુપેલિયા મિસ્ત્રી જે દક્ષિણ આફ્રિકાના કેપટાઉનની એક્યુનિવર્સિટીમાં ઇતિહાસ વિભાગમાં પ્રાધ્યાપકનો હોદ્દો છે. એ શું કહે છે ? એમનું એક તારણ ઊડીને આંખે વળગે છે. ''ગાંધી પરિવારે ડર્બનમાં ગુજરાતીઓ જોડે બહુ નજીકનો તાલમેલ રાખ્યો હતો. તેમ છતાં ગુજરાતી સમાજે એમની જોડે ઉચિત વ્યવહાર ન હતો રાખ્યો. ડર્બનમાં સુરતીઓ તેમજ કાઠિયાવાડીઓની અલગ અલગ સંસ્થાઓ હતી. હિંદુસ્તાન જ નહીં બલ્કી ગુજરાતના જુદા જુદા પ્રાંત વિસ્તારની આ છાપ હતી. સુશીલાબેન ગાંધી તો સુરતના જાણીતા મશરૂવાળા પરિવારનું સંતાન. તેમના મૂળ સૂરતનાં નીકળે છે, જ્યારે મણિલાલ ગાંધીના મૂળ કાઠિયાવાડીમાં નીકળે છે. દેખીતી રીતે બંનેની નાતજાત જુદી દેખાતી. કાઠિયાવાડ હિંદુ સેવાસમાજ એમને આવકારવા ઠંડોગાર રહેતો.'' એમના ત્રીજા સંતાન ઈલાબેનને ટાંકીને ઉમાબેન લખે છે કે ''એમને કોઈકે એકાદીવાર તમે વર્ણસંકર છો એમ કહીને ટોણો માર્યો હતો. તેથી ઈલાબેનને ઊંડી વેદના થઈ હતી. વળી જ્યારે ત્યારે પરિવારને જેવા તેવા ટોણા માર્યા કરતા હતા. બીજી તરફ સૂરતી સમાજ પરિવાર સાથે થોડો ઘણો કુણો વર્તતો. આ ભેદભાવથી પર રહી ગાંધી પરિવાર ગુજરાતીઓને સતત જાળવી રાખવા પ્રયત્નશીલ રહ્યો છે. દેશ દેશ વચ્ચે જ સરહદો બંધાય તેવું થોડું છે ?સંસ્થાઓ વચ્ચે, જાતિ, ધર્મ, જામતો વચ્ચે આપણને સીમાઓ બંધાઈ હોય તેવું લાગ્યા વગર રહેતું નથી.''

વિપુલભાઈ લખે છે. ''આપણી મુસીબત અહીંથી શરૂ થાય છે. પૂર્વ આફ્રિકા, ભારત, બ્રિટનમાં પથરાયેલી આપણી જમાતને જોઈએ તપાસીએ તો સમજાય છે કે પારદર્શકતાની સપાટીએ ગુજરાતી તરીકે ભાગ્યે જ જોવા પામીએ છીએ. એ ક્યાંક બ્રાહ્મણ

છે. ક્યાંક પટેલ છે ક્યાંક લોહાણા વગેરે વગેરે વગેરે. આટલું ઓછું હોય તેમ આ દરેક પેટાસમૂહનાય પાછા અનેક નાના મોટા વિભાજનો છે. એ દિવસોમાં શું આફ્રિકામાં, આજે શું વિલાયત-યુરોપમાં આપણી જમાત વેપાર ઉદ્યોગના જૂથ તેમ જ નોકરિયાત વર્ગમાં વહેંચાયેલી છે. પરિણામે અહીંયા લોકો પોતપોતાના હિતોને કારણે મંડળો રચતી આવી છે. જેમ બીજો ત્રીજો સમાજ જુદો પડે છે તેમ આપણી કોમમાં પણ આવું બનતું આવ્યું છે.'' તેથી જ સ્વામી સચ્ચિદાનંદનું ટીપ્પણ મૂકું છું.

'આપણી પાસે સંખ્યા છે પણ સરવાળો નથી
જ્ઞાન છે પણ દૃષ્ટિ નથી
પૈસો છે પણ આયોજન નથી.'

એટલે છતી શક્તિએ શૂન્ય આપણે સાવ શૂન્ય છીએ.'' અને આ કેમ થયું છે એ આપણે તપાસવું જોઈએ. ગુજરાતી પ્રજા મેં કહ્યું એમ સાહસિક પ્રજા છે. સક્ષમ પ્રજા છે. પડકારો, વિટંબણાઓ, ઝંઝાવાતો, અવરોધોની સામે ટક્કર ઝીલી બહાર આવી છે. બીજા માટે, સમાજ કશુંક કરવાની ભાવના પણ પ્રબળ છે. એને લીધે એક કુટુંબ બીજા ઘણા કુટુંબોને તારી લે છે. અને એમ આખો સમાજ અધ્ધર થઈ જાય છે. તો આમ કેમ થતું હશે? શા માટે પોતાની સ્થિતી વિસ્તારવા મામા, માસીનું કુટુંબ એટલું વિશાળ હશે કે તેને બીજા કોઈની જરૂરત હોતી નથી. તેઓના પ્રસંગો સચવાઈ રહે છે. બહારના સગા કે મિત્ર ન આવે તો પણ. આપણે આ જ વાતને વિસ્તૃત કરીને જોઈએ. પોતાના નાતના કે સમાજના એટલા બધા ખુંપેલા હોય કે બીજાની જરૂરત ના પડે. આ વાત ઊંડીને આંખે વળગે છે. જ્યારે ગુજરાતી વ્યક્તિ કે કુટુંબ ગુજરાતની બહાર રહેતી હોય ત્યારે. ખાસ કરીને પરદેશમાં હોય.

અત્યારે કોરોનાનો ઉત્પાત ચાલે છે એટલે એના ઉદાહરણથી સમજીએ. વિશ્વમાં બધું જ સ્થગિત થઈ ગયું અને પછી પરિસ્થિતિમાં થોડો સુધારો થયો એટલે એર બબલ અને બાયો બબલ આવ્યા ને એ રીતે ગાડું ગબડવા લાગ્યું. એવામાં ઓસ્ટ્રેલિયા ખાતે ભારતીય ક્રિકેટ ટીમ ગઈ મેચો રમવા. તેમની સલામતીનું શું? તો તેઓ બાયો બબલમાં હતા. એરપોર્ટથી સલામત વાહનમાં તેમને હોટલમાં લઈ ગયા. હોટેલમાં જ્યાં ઉતર્યા ત્યાં આખો માળ સીલ થઈ ગયો. કોઈએ બહાર નીકળવાનું નહીં. બહારથી કોઈ વ્યક્તિ અંદર ન આવી શકે અને જ્યારે મેચ રમવા જવાનું હોય ત્યારે તેમની ખાસ બસમાં જવાનું. પ્રેક્ષકો વગરના સ્ટેડિયમમાં રમવાનું. કોઈ જોડે આદાનપ્રદાન નહીં. પાછા આવીને પોતાની રૂમમાં ભરાઈ જવાનું. રૂમમાં જે બારી હોય તે બારીના કાચમાંથી બહારની દુનિયા જોવાની અને જો બારી ન હોય તો એકબીજાને જોવાનું, ટી.વી. જોતા હોય ખાવા માટે જે જોઈએ તે રૂમમાં જ મળી જાય. આવી રીતે એ લોકો રમે. તો શું તેઓ ખરેખર ઓસ્ટ્રલિયાની મુલાકતે ગયા હતા? ના. ''અમે મુલાકાત જ ક્યાં કરી હતી. અમે ઓસ્ટ્રલિયા જોયું જ નથી. રેસ્ટોરંટમાં પણ જવાનું નહીં.'' ખેલાડીઓના આવા પ્રતિભાવ હતા. તો આ જ વસ્તુને આપણે આગળ વધારીએ.

આવી જ રીતે ગુજરાતી પોતાના કોષેટામાં રહે છે. જેમાં તેને હરવા-ફરવાની પણ છૂટ મળે છે. જ્યાં જવું હોય ત્યાં તેઓ જઈ શકે છે. એમને કોઈ રોકટોક નથી. પણ રહે તો પોતાના કોષેટામાં જ. આ વાત તમને ઉદાહરણ સાથે સમજાવું છું. નાટકો માટે મારે પરદેશમાં જવાનું થાય. એક વખત યુએસએ ગયો હતો. ત્યાં નેશવિલ નામના શહેરમાં પ્રયોગ હતો. નેશવિલ એ કન્ટ્રી મ્યુઝિકનું મુખ્ય સ્થળ ગણાય. અમારા યજમાનની ઘણી બધી હોટેલો હતી. મેં કીધું નેશવિલમાં માટે કન્ટ્રી મુઝિક સાંભળવું છે. એ કહે શું છે? કન્ટ્રી મ્યુઝિક શું છે મને નથી ખબર. મેં કીધું કેટલા વર્ષથી રહો છો? ૨૫-૩૦ વર્ષ થઈ ગયા મને. મેં કીધું કે તમને નથી ખબર કે આ કન્ટ્રી મ્યુઝિકનું મુખ્ય સ્થળ છે? તો કે ના. એટલે કે તે જાણતા તો ન જ હતા પણ જાણવાની ઉત્સુકતા પણ ન હતી.

આવું જ એક વખત થયું હતું લંડનમાં. અમે ત્યાં નાટક ભજવવા આમંત્રિત થયા શેક્સપિયર ગ્લોબ નામનું બહું જ પ્રખ્યાત થિયેટર છે. ત્યાં અમારું ગુજરાતી નાટક ભજવાયું હતું. હું ત્યાં ઘણા ગુજરાતીઓને મળ્યો. તેમની સાથે વાતચીત થઈ. તો એમણે મને કહ્યું કે અમને ખબર જ નથી કે લંડનમાં અહીં આું કોઈ થિયેટર છે. જ્યાં શેક્સપિયરના નાટકો ભજવાય છે. ભલે તમે ત્યાં નાટકો જોવા ન ગયા હોય. એના વિશે જાણકારી તો આપણાને હોવી જોઈએ. પણ આપણે જાણકારી રાખીને કામ શું? આપણું જીવન તો ચાલે છે ને સરસ રીતે. હું મારા કુટુંબની સંભાળ રાખું છું. કુટુંબ આપણે પણ સુખી છે. પૈસો કમાવું છું. મારી ચાર હોટેલ છે. મારી ચાર ફ્રેન્ચાઈઝ છે. એથી વિશેષ શું જોઈએ. મારે મોટું ઘર છે. સ્વીમિંગ પુલ છે. પણ એને બીજી કશી ખબર જ નથી. તે પોતાના કોચલામાં જ છે. એ અમેરિકામાં હોય કે ઈટલીમાં હોય શું ફરક પડે છે. તે પિત્ઝા ખાતો હોય કે અંગ્રેજીમાં બોલતો હોય. શોર્ટ્સ પહેરતો હોય પણ મૂળ તો

ગુજરાતી જ ને. પોતાના કોચલામાં જ રહીને જીવન જીવે છે. તેને બીજી કશી પડી નથી. દરકાર પણ નથી. આ સાંભળીને ઘણાને પ્રશ્ન થાય છે કે આવી વસ્તુ તો બીજા લોકોમાં પણ હોય છે. તો તમે ગુજરાતીઓને જ કેમ દોષ દો છો ? ઉમાશંકર ભાઈએ પણ કેમ ગુજરાતીઓનો જ દોષ કાઢ્યો. ભાઈ વાત એમ છે કે આપણે શું કરવું જોઈએ એ આપણે વિચારવાનું હોય. બીજા લોકો શું કરે છે એ આપણે વિચારવાનું નહીં. બીજી કોમ ભણતી ન હોય તો આપણે પણ ભણવાનું નહીં? બીજી કોમમાં ડૉક્ટરો થતા નથી તો અમે પણ ડૉક્ટરનું નહીં ભણીએ. અમે પણ પૈસા નહીં કમાઈએ. અમે પણ ગરીબીમાં સબડશું. એવું કોઈ કરે છે ? ના. તો પછી આ બાબતમાં કેમ આવું કરો છો ?

એના માટે મુંબઈમાં જન્મેલા ઈંગ્લેન્ડનાં પ્રખ્યાત લેખક રુડયાર્ડ કિપલીંગ જેમણે 'જંગલબુક' નામની પ્રખ્યાત નવલકથા લખી જેના પરથી ટીવી સિરીયલો પણ બની. તેમને સાહિત્યનું નોબેલ પ્રાઈઝ પણ મળ્યું. એમણે એવું વિધાન કર્યું છે કે, ''જે માત્ર ઈંગ્લેન્ડ વિશે જ જાણે છે તેને ઈંગ્લેન્ડની સિદ્ધિઓ વિશે જરા પણ જાણ જ નથી. તેઓ તદ્દન બેખબર છે. વેપરવા છે. ૧૯૮૪ નામની મશહૂર નવલકથા લખનાર જ્યોર્જ ઓલવેલ પણ વિધાન સાથે સહમત હતા અને કહે છે,''અહીંના મોટાભાગના જન સમાજને ભાન જ નથી કે ઈંગ્લેન્ડની જે આર્થિક સ્થિતિ છે અને પોતે જે જાહોજલાલી ભોગવે છે એ બધું ઈંગ્લેન્ડના દરિયાપાર કુલી પણ સામ્રાજ્યને આભારી છે. આ કુલી સામ્રાજ્ય એટલે ઈંગ્લેન્ડે ગુલામ બનાવેલા દરિયાપારના દેશો. ભારત અને એશિયાના, આફ્રિકાના બીજા ઘણા દેશો અને આપણામાં જે લોકો પ્રબુદ્ધ થઈ ગયા છે તેઓ આ કુલીઓને મુક્ત કરવાનું કહે છે. આપણે એમને ફ્રીડમ આપી દેવા જોઈએ. પણ એમને ખબર નથી પડતી કે આપણે એમને સ્વતંત્રતા આપીશું તો આપણી જાહોજલાલી ખતમ થઈ જશે. આ જાહોજલાલી આ દેશીઓને કારણે છે.'' સાચું કહું તો વર્લ્ડ વૉર પછી ઈંગ્લેન્ડની હાલત કથળી જ ગઈ. દેશમાં શું પરદેશમાં પણ આ જ દશા છે. આગળ કહ્યું તેમ આપણને બીજા જોડે લેવા-દેવા નથી. મારે આગળ જવું છે પણ બીજાની લીટી ઓછી કરીને કે ભૂંસીને મારે આગળ નથી જવું. એનાથી હું આગળ જતો નથી. મારે સાચા અર્થમાં ઉન્નતિ સાધવી છે. ઉત્કર્ષ સાધવો છે. આજના વૈશ્વિકરણના જમાનામાં તો બધા સુપેરે જાણી લે, સમજી લે તે બહુ જરૂરી છે. આપણને એમ કે મારે એની સાથે શું લેવાદેવા. પણ સમજી લ્યો કે યુરોપના શેરબજારમાં ઊંચનીચ થાય તો આપણા ભારતના શેરબજારમાં પણ અસર થાય. જાપાનનું શેરબજાર ગબડે તો મુંબઈના શેરબજારમાં પણ કડાકા બોલી જાય. બીજા દેશમાં એક દેશમાં રોગચાળો ફાટે તો બીજા દેશમાં પણ રોગચાળો ફાટી નીકળવાની સંભાવના ખરી. એ આપણે કોરોનાના કેસમાં અનુભવી ચૂક્યા છીએ. આપણે તો કમાવા માટે દરિયો ખેડ્યો છે. આપણને એ દેશના રાજકારણ સાથે શું લેવાદેવા એવી આપણી માન્યતા હતી, સમજ હતી. આફ્રિકામાં એને લીધે આપણે ઘણું બધું ગુમાવી ચૂક્યા છીએ. એના માઠા પરિણામો પણ ભોગવી ચૂક્યા. બીજા દેશોમાં પહેરેલે લુગડે ભાગવું પડ્યું. આથી ફરીથી આવું ન થાય એ વિચારી નવા દેશમાં રાજકારણમાં સક્રિય રસ લેતા થયા, ભળતા થયા અને તેના સારા પરિણામ જોતા આવ્યા છે.

પ્રથમ જનરેશનવાળા છે જે પરદેશમાં રહે છે તે કમાઈને છેલ્લે એમ જ કહેશે કે મારે ઈન્ડિયા પાછા જવું છે. જોકે મનમાં તેઓ પણ જાણતા જ હોય છે કે ઈન્ડિયા તેઓ પાછા જઈ શકવાના નથી. તે સત્ય હકીકતને તેઓ સ્વીકારી શકતા નથી. સેકેન્ડ જનરેશનને ઈન્ડિયા આવવું નથી. એમના મૂળિયા તો ત્યાં જ છે. મૂળિયાની વાત કરું તો ઘણી વ્યક્તિઓ ગુજરાત છોડી મુંબઈ બે પૈસા રળવા આવી. અહીં સ્થિર થયા. એમના સંતાનોનો જન્મ મુંબઈ થયો. હવે જ્યારે મુંબઈ અને ગુજરાતની મેચ ચાલે તેમાં મુંબઈ જીતે તો ત્યારે પેલી વ્યક્તિ કહેશે કહે ઓહ. મુંબઈ જીત્યું. અને સંતાન કહેશે વાહ, આપણે જીતી ગયા. કારણ એના મૂળિયા મુંબઈના છે. એવી જ રીતે તમે જ્યારે અમેરિકામાં હો કે લંડનમાં હો તો તમે ભલે એમ કહો કે બ્રિટન જીત્યું ને તમારા સંતાનો કહેશે કે આપણે જીતી ગયા. એ જ યોગ્ય છે કેમ કે એમણે ત્યાં પોતાના મૂળિયા નાંખી દીધા છે. પોતાની સ્થિતિ વિસ્તારી છે. મારું એવું માનવું છે કે આપણે આપણા મૂળિયા જે છે એને વફાદાર રહેવું જોઈએ. એટલે જ ઉમાશંકર ભાઈએ કહ્યું ને કે

મહારાષ્ટ્ર દ્રવિડ બિહાર બધે અનુકૂલ
જ્યાં પગ મૂકે ત્યાંનો થઈને રોપાયે દ્રઢમૂલ

મને ગુજરાતીઓની એક બાબત સમજાતી નથી. પોતાના શહેરમાં હોય ત્યારે રેસ્ટોરન્ટમાં જઈને બિન ગુજરાતી વાનગી ખાવાનો આગ્રહ રાખે પણ જેવો ગુજરાત બહાર કે પરદેશ જાય ત્યારે ગુજરાતી ખાવાનો આગ્રહ રાખે. ભલેને એ ચાર પાંચ દિવસ માટે પણ કેમ ન ગયો હોય. એટલે તો તેઓ એવી ટૂર શોધે કે જેમાં લખ્યું હોય ગુજરાતી ખાવાનું મળશે કે મહારાજની

સગવડ છે. રોમમાં રસપુરી ને પેરિસમાં પાતરા ને લંડનમાં લાડવા. પણ શું કામ? થઈ ગયું તમને ગુજરાતી ખાવાનું ન મળ્યું તો? પણ રહેવાતું જ નથી. ના, ના મારે ગુજરાતી ખાવાનું જ જોઈએ.

હું એક સંસ્થામાં NGOમાં કામ કરતો હતો. ત્યાં એક જાપાનીઝ કન્યા આવી હતી. કામ માટે તે મહિનો રોકાવાની હતી. પહેલો દિવસ હતો. જમવાનો સમય થયો. રસમ પ્રમાણે મોટા ટેબલ પર બધા પોતપોતાના ડબ્બા ખોલીને સમૂહ ભોજન કરતા. પહેલા મેં એને આપણું ખાવાનું ઓફર કર્યું મેં તેને કહ્યું ''યુ મેં ટેક વોટ એવર યુ લાઈક ફ્રોમ ઇટ.'' એણે શિષ્ટતા મુજબ ના પડી કહ્યું એ જાપાનથી એના ખાવાના રેડીમેડ ડબ્બાઓ લઈ આવી છે કહી એણે એનો જાપાનીઝ ભાતનો રેડીમેડ ડબ્બો ખોલ્યો ને સામો શિષ્ટચાર કરતાં કહ્યું ''વુડ યુ લાઈક ટુ ટેસ્ટ ઇટ?''ને મને જાપાનીઝ ભાત ચાખવાનું મન થઈ ગયું તે મેં બેશરમ થઈને હા પાડી એણે રાજી થઈને આપ્યું. નકરા ભાત હતા. ન મીઠું, ન દાળ ન કોઈ જાતનો રસો કે મસાલો. સાવ ફિક્કો. મારાથી રહેવાયું નહીં તે એને કહ્યું ''પુટ સમ ઈન્ડિયન કરી ઇન ઇટ. યુ લવ ઇટ.'' એણે તત્પરતા દેખાડી. દાળ નાંખેલાં ભાત એને ભાવ્યા કહે ''ઇટ્સ વેરી ટેસ્ટી.'' થોડા દિવસ પછી તે રસ્તા પરના વડાપાવ, ઇડલી બધું ખાતી થઈ ગઈ. ને જ્યારે બીજી વખત પાછી આવી ત્યારે પોતાના ડબ્બા લાવી નહોતું. કારણ કે એને અહીંનું ખાવાનું ભાવવા માંડેલું. નવી કોઈ વસ્તુ હોય તો આપણે પ્રયોગ પણ નહીં કરવાનો? બધું હાનિકારક જ હોય કે અનૈતિક જ હોય કે મને ભાવશે જ નહીં એવી પૂર્વ ધારણા બાંધીને થોડું ચાલે. મન તો ખુલ્લું રાખવું પડે નહીં તો બંધિયારપણું આવી જાય.

બીજું ઉદાહરણ જોઈએ. મારી મા ૭૫ વર્ષે એકલી અમેરિકા ગઈ. ત્રણ મહિના બધે ફરી. એને ન્યુયોર્ક દર્શન કરવું હતું મારો મિત્ર એને ટુર જ્યાંથી શરૂ થવાની હતી તે સ્થળે મૂકી ગયો. આમ તો એ સાથે જ જવાનો હતો પણ ઓફિસમાં અગત્યનું કામ આવી પડવાથી રજા લેવાય એમ ન હતી. ને કહ્યું કાકાઈ હું સાંજે તમને લેવા આવી જઈશ તમે અહીં જ રાહ જોજો. સાથે એક ચેતવણી આપતો ગયો કે તમે અહીંના બ્લેક લોકોથી (જેને આફ્રો અમેરિકન કહેવાય છે) સાવચેત રહેજો. તેઓ ભરોસાપાત્ર નથી. સાંજે આવતા મોડું થઈ ગયું અને આવીને જોય છે કે મારી મા એને ના પડેલી એવા જ એક આફ્રો અમેરિકન કુટુંબ સાથે ઊભી હતી. મિત્ર તો આ જોઈને ડઘાઈ ગયો. છૂટા પડતી વખતે પેલા પરિવારના બે બાળકોએ મારી માને વ્હાલથી બાય બાય કર્યું. મા એમને ભેટી પડી. રસ્તામાં મિત્રે પૂછ્યું ''કાકી કેવી રહી ટૂર?''માં કહે : બહુ સરસ રહી આ પેલા કુટુંબના મોભીએ તો મારી સાડી જોઈને પછી જ પૂછ્યું ''આર યુ કમીન્હ ફ્રોમ ઈન્ડિયા? ફ્રોમ ગાંધીસ પ્લેસ?''ને આખીય ટુર દરમ્યાન એણે અને એની પત્નીએ મારી બહુ કાળજી લીધી.'' મારો મિત્ર તો આ વાત સાંભળીને સ્તબ્ધ થઈ ગયો. એના મનમાં ભરાયેલી આફ્રો અમેરિકન લોકોની છાપ કરતા આ તો જુદી જ નીકળી? પર્વગ્રહથી પીડિત માનસ આપણું બહુ મોટું નુકશાન કરી જાય છે. આપણે એક બાજુ એમ કહીએ કે આપણી પ્રાચીન ભારતીય સંસ્કૃતિ કેટલી મહાન છે. એના હંમેશા ગુણગાન ગાતા હોઈએ છીએ. આપણી પ્રાચીન સંસ્કૃતિમાં કહેવાય છે કે 'વસુદેવ કુટુંબકમ' એટલે સમગ્ર વિશ્વ મારું કુટુંબ છે. પણ એ ભાવના માત્ર કાગળ પર જ રહી છે. એનો અમલ થતો જ નથી.

આપણા કરતા ડિફરન્ટ છે તેવું માનવું. મારો ઉદ્દેશ એ જ રહ્યો છે તે કોઈપણ જાતિનો હોય, ધર્મનો હોય, સમાજનો હોય. એમાં જે સારું છે તે મારું છે. જે સારું નથી એને મૂકો. એની ચિંતા શું કામ કરવાની. એ જીવન જીવવાનો મારો અભિગમ છે.

મારી વાતનું સમાપન હું એક વાતથી કરું કે આપણા ઋગ્વેદમાં એક શ્લોક આવે છે એનો અર્થ થાય છે કે દરેક દિશાઓથી મને સારા વિચારો પ્રાપ્ત થાઓ. તો એ કેવી રીતે થાય? દરવાજા, બારીઓ ખુલ્લી રાખી હોય, મગજ ખુલ્લું રાખ્યું હોય, પાણીને વહેવા દીધું હોય, હવાની પણ અવરજવર થતી હોય તો જ આવે ને સારા વિચારો નહીં તો ખરાબ વિચારો જ આવે આપણને. આપણે આપણી પ્રાચીન સંસ્કૃતિની મહાનતાના ગુણો ગાઈએ છીએ. પણ તેનું આચરણ કેમ નથી કરતા? આખું વિશ્વ મારું કુટુંબ છે એવી ભાવના હોય તો કઈ કેટલાય પ્રશ્નોનું નિરાકરણ આવી જાય. માટે હું કહું છું કે આપણે આપણા કોચલામાંથી બહાર આવી સાચા ગુજરાતી થઈ, ભારતીય થઈએ જો આપણે સાચા ગુજરાતી હોઈશું તો આપણે સાચા ભારતીય બની શકશું. ને આપણે સાચા ભારતીય હશું તો સાચા વિશ્વમાનવી બની શકશું.

*(પ્રસ્તુત લેખ ઉત્કર્ષ મઝુમદારે ગુજરાતી લિટરરી એકેડમી, યુ.કે.માં ૧લી મેના રોજ આપેલ વ્યાખ્યાન પરથી શબ્દસ્થ કરેલ છે.)*

✦ ✦ ✦

# Ashrav Bhavna - Inflow of Karma

**Prachi Dhanvant Shah**

*"Mindfulness & Awareness is the bridge between reaction and conscious choice" - Hal Tipper*

Awareness in every step of your life is essential. You are your own choice and what you nurture your soul with is purely your accord. But in our daily life, with worldly responsibilities and busy schedules, we often forget about our soul and our mind. Hence contemplation of Bhavna's is the only alternative that would keep us grounded to an idealistic lifestyle, seeking a path of bliss & serenity. We often forget that it is our own choice how we want to spend this human life because what we choose is what we become and what we become is absolutely our choice. What we allow ourselves to nurture our soul with, is what will lead to our baggage of Karma. This fact can be understood by Jain philosophy described under Ashrav Bhavna.

Ashrav Bhavna manifests an influx of Karma. It chronicles karma surging into the soul. In our daily life, the emotion we encounter through our senses i.e touch, taste, smell, sight, and hearing, be it pleasure, gratification, or suffering, we land up indulging in karma. Although leading a human life and living in this worldly society, we are bound to yield into karmic activities but if we are conscious about it, we would be precocious and can block the influx of Karmas. This is what Ashrav Bhavna reflects. Before getting involved in any activities through our senses, if we can block the inflow of karma, we would end up indulging in less karma. This thought and Contemplation of Ashrav Bhavna will help diminish the attachment of Karma to our soul. Controlling our senses through contemplation & reflection would certainly enable a composed inflow of Karma and minimal attachment of karma to our soul. Persuasion of Ashrav Bhavna would instruct your mind to control your senses and guard your soul against attachment of Karmin particles leading to minimal bondage of Karma.

Ashrav Bhavna as it depicts guides us to control our senses and to control our senses, we have to first learn to control our mind. But first you need to question yourself if you chose to do so. What are the priorities of your life? What is your choice? Would you choose to lead your life with tranquility and spirituality or would you choose to just head your life like a machine with your busy routine and one fine day you leave this worldly life with nothing but leaving behind all the materialistic assets and baggage of karmic particles attached to your soul? Do you wish and choose to control your mind and life to break the cycle of suffering or do you wish to enjoy the materialistic social life without bothering about your soul? This is purely your choice, no one is entitled to influence your choice. Making this choice right away is very essential because we have a very short period in this life. And in this short period, you have to choose where to spend your energy. I heard a very wise statement by someone that, " By the law of Thermodynamic states, you cannot create or destroy your energy but you can transfer it from one thing to another or transform it from one thing to another." Hence we cannot create more energy in this short span of life we are given but we can transfer this energy to wise application. The energy of our life is a definite resource that needs to be governed wisely and invested wisely.

An episode from ancient history reflecting the facts of Ashrav Bhavna is worth commemorating. King Shrenik once was on his way to express devotion to Lord Mahavira and he glanced at a sage enthralled in meditation and his aura was enlightened with a bright glow around him. Looking at this, King Shrenik stopped by and bowed down to the sage to express his gratitude. He then continued on his way to Lord Mahavira. After reaching and expressing homage, King Shrenik asked Lord Mahavira one question that he was inquisitive about. He asked about the sage he saw on the way, engrossed in meditation, that if he died at that moment, what would be his destiny? To this Lord Mahavira replied that he would have been hurled down to the seventh hell region. Hearing this, King Shrenik was surprised and confused. A sage captivated in meditation with serenity, how can he go to hell? He assumed Lord Mahavira must have misunderstood his words or he might have not been clear with his questioning. Hence he asked the same question again moments later. This time Lord Mahavira replied that the sage would be an angel in the Sarvarthasiddhi, a heavenly region. Hearing this, King Shrenik was again confused and in a dilemma. He wondered that when he asked the same question, the first time Lord Mahavira acknowledged that the sage would go to hell, and the second time Lord responded saying he would be an angel and go to heaven. The king was bewildered. Right then there were drum sounds all around and the voice of 'victory' proclaimed. King Shrenik to add to his surprise hearing these sounds asked Lord Mahavir what was happening. Lord Mahavir replied that the Sage he was asking about had acquired omniscience and the celebration was culminating in his accomplishment. Angels were beating the drums and proclaiming victory. Perplexed with what was happening and not getting any clarification King Shrenik became more restive. He requested Lord Mahavira to please resolve his mental turbulence and advise. Lord

Mahavira explained that the sage was King Prasanjit before he renounced worldly life. Right before King Shrenik approached the sage, while in meditation, his mind was distracted by two soldiers who were talking amongst themselves. They mentioned that King Prasanjit's son was being betrayed by his own trusted ministers who were planning to dethrone him and also kill him.

Hearing this, despite being in meditation and renouncing the worldly life, his mind was brimming with rage and aggression. His meditation & focus was disturbed by his attachment towards his worldly son. His emotional inflow despite giving up worldly life towards his son overcame his contemplation. His senses were agitated attracting karmic particles and he started an imaginative fight filled with violence in his mind. In his mind, he violently assaulted weapons one after the other over his ministers who betrayed. Eventually, his weapons gave up but his enemies were still in action. He decided to attack with his steel helmet. At this point, if he would have died, he would have gone to the seventh hell. As he actually raised his hands over his head to pull his helmet, he realized he was not king Prashantjit anymore but had given up worldly life and was a sage. His conscience immediately called out and his anger mitigated. He evoked that he has taken up the vow of equanimity and non-violence towards all living beings by all means: physically, mentally, and verbally. How could he even think of violence be it in his mind? He genuinely regretted and repented for the breach of his vow and indulgence in the acute anger. He realized that being a sage, he pre conditionally had to constraint love for all living beings of the world and should not be influenced with hatred towards the ministers nor endure attachment for his worldly son. He severely convicted his mental act and abhorred his act of mental rage and attachment. Lord Mahavira then explained that the second time when King Shrenik asked about Sage's destiny, upon representation and feeling remorse, his destiny immediately switched to being born in the Sarvarthasiddhi (heaven) as an angel. The sage continued with the process of mental purification with right reflection and eventually reached the stage of 'Kshapaka', where he annihilated all of his ghati karmas, and attained omniscience.`` This clarification cleared King Shrenik's dilemma and confusion. He realized the fact how mental reflections can fluctuate and decide your destiny. Not just physical but any means of action through your senses can be devastating and lead to an influx of Karmin particles towards your soul.

It is a widely known fact that "Practice makes a man/ woman Perfect". That is the law of Practice. The more you practice something, the better you become at it. The profession we pursue in life, why do we get better over a while? That is because we practice it in our day-to-day life. Contemplation of Ashrav Bhavna and practicing it in our day-to-day life would essentially lead to a minimal influx of karma. But if we are distracted in life with materialistic pleasures and use our senses distractedly, we will become perfect at this practice of distraction as well. We are distracted by our senses in our day-to-day life, which we, with our own choice, keep on practicing over and over again, such that it becomes our routine. Practice, be it positive or negative, will make you good at it. And that is why we might be so good at using our senses foolishly. But if we are in charge of our senses to use it wisely, practicing it over and over again, we would be perfect at it. It's all in our minds. Our mind is the most powerful tool that we have and hence we need to program it to concentrate and contemplate. We need to understand our mind first, how our mind works, and take commands. Because once we understand our mind, we can control it and once we can control our mind, we can focus on it. This mind needs to be enlightened all the time with a bright bulb of awareness. Our mind is governed by senses of emotions, urges, desires, greed, pride, and many more vices. It gets charged up with these senses during our daily worldly life but if the bulb of awareness is ignited, these urges and senses would deluge. Hence we need to work on concentrating on our mind and to be concentrated is to be able to keep our awareness on one thing for a long period. This can happen only if you bring this practice of concentration through awareness into our everyday life. Practice to concentrate on awareness in your day-to-day life, if it drifts away, bring it back and do it repeatedly. The more you practice this, the more you become better at concentration, and eventually stronger will be your awareness in every step of your life. You will be able to focus all your energy on positivity in life. Life is a manifestation of where your energy is flowing and once you excel in using your energy wisely through awareness, you would achieve the things that you want to manifest in your life. Bring this practice into everything that you do throughout the day and make it a part of your life, to minimize the inflow of karma.

Hence contemplation of Ashrav Bhavna is like a lifeguard to your soul but needs to be practiced to make you perfect at it!

*"Awareness is the key ingredient in success. If you have it, teach it if you don't have, seek it"*

*- Micheal Kitson*

✦ ✦ ✦

Prachi Dhanvant Shah
49, wood ave, Edison, N.J. 08820
U.S.A.
prachishah0809@gmail.com
+1-9175825643

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

## જે. એચ. મહેતા અનાજ રાહત ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૫,૦૦૦/- | સી. યુ. ખંડેરિયા |
| ૧૫,૦૦૦/- | રમાબેન વિનોદભાઈ મહેતા |
| ૧,૦૦૦/- | અનસુયાબેન પટેલ |
| ૧૧,૦૦૦/- | યોગિનીબેન શેઠ |
| ૨૫,૦૦૦/- | ઈન્સ્ટ્રીયલ મેટલ |
| **૭૭,૦૦૦/-** | |

## જે. એચ. મહેતા અનાજ ભાનુ ચેરિટી

| રૂપિયા | નામ |
|---|---|
| ૧,૦૦૦/- | અનસુયાબેન પટેલ |
| **૧,૦૦૦/-** | |

## જનરલ ડોનેશન

| રૂપિયા | નામ |
|---|---|
| ૧,૦૦,૦૦૦/- | પ્રવિણભાઈ એસ. કોઠારી |
| ૧,૦૦,૦૦૦/- | પ્રીમિયમ ફુડ, દિલીપભાઈ શાહ |
| ૨૫,૦૦૦/- | ઈંદિરા સુરેશ સોનાવાલા |
| ૨૧,૦૦૦/- | પ્રેમકુમારી દેવચંદ ગાલા |
| ૨૫,૦૦૦/- | અમોલ કેપીટેલ માર્કેટીંગ |
| ૨૦,૦૦૧/- | દીપાલી એસ. મહેતા |
| ૨૦,૦૦૦/- | ભારતીબેન બી. પારેખ |
| ૧૧,૦૦૦/- | વિનોદભાઈ શાહ |
| ૧૧,૦૦૦/- | સંજય સુરેશ મહેતા |
| ૧૧,૦૦૦/- | હસમુખભાઈ શાહ |
| ૧૧,૦૦૦/- | ગિરનાર ફુડ એન્ડ બેવરી |
| ૧૦,૦૦૦– | દિપાલી ધીરજલાલ કોઠારી |
| ૧૦,૦૦૦/- | દેવકુંવરબેન જયસીંગભાઈ |
| ૧૦,૦૦૦/- | કાંતિભાઈ જી. શાહ |
| ૧૦,૦૦૦– | શુભેચ્છક |
| ૫,૦૦૦/- | વસંતિકાબેન કિર્તીભાઈ શાહ |
| ૫,૦૦૦/- | તારાબેન એમ. શાહ |
| ૫,૦૦૦/- | નીમુબેન શેઠ |
| ૫,૦૦૦/- | જશવંતી પી. વોરા ચેરિટી ટ્રસ્ટ |
| ૫,૦૦૦/- | ડૉ. દક્ષા પંડિત |
| ૫,૦૦૦/- | તન્વી વસા |
| ૫,૦૦૦/- | હર્ષદભાઈ કાકાબલીયા |
| ૫,૦૦૦/- | સિદ્ધાર્થ હસમુખરાય |
| ૫,૦૦૦/- | જે. યુ. ઉપાધ્યાય |
| ૨,૦૦૦/- | કીર્તિકુમાર એન. સંઘવી |
| ૧૦,૦૦૦/ | યોગિનીબેન શેઠ |
| **૪,૫૨,૦૦૦** | |

## પુસ્તક વેચાણ

| રૂપિયા | નામ |
|---|---|
| ૫૦૦/- | રેવતી ભુરજી નાગદા |
| ૩૦૦/- | રમાબેન મહેતા |
| **૮૦૦/-** | |

## ગાંધીજીના ૧૧ વ્રત

૧) સત્ય : હંમેશા સત્ય વાણી-વર્તન રાખવું.
૨) અહિંસા : કોઈને જરા પણ દુઃખ ન આપવું.
૩) ચોરી ન કરવી : કોઈ કામ જૂઠુ ન કરવું.
૪) અપરિગ્રહ : વગર જોઈતું સંઘરવું નહીં.
૫) બ્રહ્મચર્ય : મર્યાદાઓ-સિદ્ધાંતો પાળી માનસિક બ્રહ્મચર્ય પાળવું.
૬) સ્વાવલંબન : પોતાનાં બધાં કામ જાતે કરવા, શ્રમનિષ્ઠ બનવું.
૭) અસ્પૃશ્યતા : જ્ઞાતિ-જાતિના, માણસ માણસ વચ્ચેના ભેદભાવમાં માનવું નહીં.
૮) અભય : નીડર રહેવું, નીડર બનવું.
૯) સ્વેદશી : દેશમાં બનતી વસ્તુઓ વાપરવી.
૧૦) સ્વાર્થ ત્યાગ : કોઈ કામ કે સેવા પોતાના અંગત સ્વાર્થ માટે ન કરવી. સ્વાર્થ છોડીને જ જીવવું.
૧૧) સર્વધર્મ સમાનતા : જગતના બધા જ ધર્મો સમાન ગણવા અને બધા જ ધર્મને સન્માન આપવું.

# અપીલ

સુજ્ઞશ્રી,

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની સ્થાપના ઈ.સ. ૧૯૨૯માં થઈ છે. હાલમાં ૯૨ વર્ષ પૂરા કરી સંસ્થાએ ૯૩માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ સંસ્થાની યશસ્વી પ્રવૃત્તિઓમાં સંઘનું વિવિધ નામે પ્રકાશિત થતું મુખપત્ર એટલે વર્તમાનનું ''પ્રબુદ્ધ જીવન''નું નિયમીત પ્રકાશન, આ મુખપત્રની સમગ્ર ૯૨ વર્ષના પ્રકાશનની ઓનલાઈન ડિજીટલ લાયબ્રેરી ૯૦ વર્ષથી આયોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા અને ૩૬ વર્ષથી ગરીબ, પછાત આદીવાસી પ્રજાના ઉત્થાન અને વિકાસ માટે કાર્યરત સંસ્થાઓ માટે માતબર ફંડફાળો ઉપલબ્ધ કરાવવો.

''પ્રબુદ્ધજીવન'' ગંભીર કોટિનું મુખપત્ર છે. તે કોઈ રાજકીય કે સાંપ્રદાયિક પક્ષનું મુખપત્ર નથી. દેશમાં-સમાજમાં બનતી ઘટનાઓ વિષે, વહેતાં વિચાર પ્રવાહો વિષે, માનવજીવની અનેક સમસ્યાઓ અંગે તટસ્થ માર્ગદર્શન આપવું, એ લક્ષ્યથી આ સામયિકનું સંપાદન કરવામાં આવે છે. આ સામાયિકમાં જાહેરખબરને કોઈ સ્થાન ન આપવું, એ નીતિનો પ્રારંભથી જ સ્વીકાર કરવામાં આવ્યો છે અને તેને આજ સુધી આ સંસ્થાએ જાળવ્યો છે. જાણીતા વિદ્વાનો અને સાધુ-સંતો પ્રબુદ્ધ જીવનમાં આધ્યાત્મિક, સાહિત્ય અને સામાજીક વિષયો ઉપર લેખ લખીને નિયમિત યોગદાન આપતા રહ્યા છે. સામાયિક વિશિષ્ટ વિષયો પર નિયમિત રીતે વિશેષાંકો પ્રકાશિત કરતું રહ્યું છે. ભારત, અમેરિકા, બ્રિટેન અને અન્ય પરદેશોમાં ૩૫૦૦ કોપીઓ સાધુ સંતો, સંશોધકો, અભ્યાસુઓ, સુશ્રાવકો નિયમિત વાચકોને ઉપલબ્ધ થઈ રહી છે. ''પ્રબુદ્ધ જીવને'' સંઘના સભ્યો અને વાચકોની સતત ત્રણ પેઢીનું સંસ્કાર ઘડતર કર્યું છે. આ સત્ય વિશે અમને નિયમિત વાચકોના યશ પત્રો મળતા રહે છે. ''પ્રબુદ્ધ જીવન'' સામાયિકને શ્રી સી. કે. મહેતાનો આર્થિક સહકાર પ્રાપ્ત થતો રહ્યો છે.

પર્યુષણના દિવસોમાં મોટા શહેરોમાં પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ યોજવાનો અને એ રીતે આઠ દિવસને સાચા અર્થમાં એક સંસ્કાર પર્વ બનાવવાની પરંપરા લગભગ ૯૦ વર્ષ પૂર્વે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે શરૂ કરેલ. પર્વના આઠેય દિવસે સંબંધિત સમયના પ્રખર, વિદ્વાન વ્યક્તિત્વ ધરાવનાર સાધુ-સંત-મહાપુરૂષોએ આધ્યાત્મિક અને સામાજિક વિષયો પર પ્રવચનો આપતા આવ્યા છે. પંડિત સુખલાલજી, કનૈયાલાલ મુનશી, ઝવેરચંદ મેઘાણી, માર્ટીન લ્યુથર કીંગ, અટલ બિહારી વાજપેયી, સ્વામી આનંદ, પાંડુરંગ શાસ્ત્રી, કાકાસાહેબ કાલેલકર, શ્રી ઉમાશંકર જોષી, શ્રી વાડીલાલ ડગલી, જ્યોતીન્દ્ર દવે, ડૉ. કુમારપાળ દેસાઈ, મોરારીબાપુ, ફાધર વાલેસ, હરિભાઈ કોઠારી, નરેન્દ્ર મોદી, વિમલાતાઈ, પંડિત બેચરદાસ... આ વ્યાખ્યાનો જૈન તત્ત્વવિચારના પાયાને સુદ્રઢ કરવા અને માનવતાની મહેક ફેલાવવા માટે આયોજાતા. વર્ષ ૨૦૦૮થી તમામ સંપૂર્ણ વ્યાખ્યાનોનું ઓડિયો રેકોર્ડિંગ સંસ્થાની સાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. છેલ્લા ઘણા વર્ષોથી સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી આ વ્યાખ્યાનમાળા સંપન્ન થઈ રહી છે.

આપણી સંસ્થા દ્વારા શ્રુતજ્ઞાનની આ બે ઉત્કૃષ્ટ આરાધના સમજીએ તો તે સુશ્રાવકો અને આરાધકો માટે ''ઉત્તરાધ્યયન સૂત્રમાં જણાવેલ છે કે જેમ દોરો પરોવાયેલી સોય પડી જવા છતાં ખોવાઈ જતી નથી. તેમ શાસ્ત્રજ્ઞાન સહિત જીવ સંસારમાં વિનિષ્ટ થતો નથી. તે જીવ જ્ઞાન, વિનય, તપ અને ચારિત્રના યોગોની અધિક, અધિકતમ ઉપલબ્ધિ કરે છે. તે સ્વ સિદ્ધાંત અને પરસિદ્ધાંતમાં વિશારદ થઈને સર્વને માટે સન્માનીય થઈ જાય છે. જ્ઞાન સંપન્ન આત્મા સંસારમાં રખડતો નથી. જ્ઞાન પ્રકાશરૂપ છે. સાધક ગમે ત્યાં હોય પરંતુ જ્ઞાન પ્રકાશમાં પોતાનો માર્ગ શોધી લે છે.''

સંસ્થાની આ પ્રવૃત્તિઓ અવિરત ચાલુ રહે એ માટે શ્રાવક ધર્મના ચાર સ્તંભ છે - દાન, શીલ, તપ અને ભાવ, તેમાંનો શ્રાવકનો સર્વપ્રથમ ધર્મ અને સર્વ પ્રથમ કર્તવ્ય દાન છે તેને કર્મ નિર્જરા અર્થે અમલમાં મૂકવા. આવો સંગમથી શાલિભદ્ર, ભામાશા અને જગડુશાની દાન ભાવનામાંથી પ્રેરણા લઈ આપણા જીવનમાં ઉતારીએ. જૈન ધર્મના પાયામાં અપરિગ્રહનો સિદ્ધાંત છે. પરિગ્રહની વિષમતા ઓછી કરવા પરિગ્રહ પરિમાણ વ્રત આદરવું મુશ્કેલ લાગતું હોય ત્યારે દાન માર્ગ સરળ રહે છે.

પ્રત્યેક માનવના હૃદયમાં જગડુશા અને ભામાશા બિરાજમાન છે, આપના હૃદયમાં પણ બિરાજમાન છે, એ પ્રગટ થાવ અને સંસ્થાની આ પ્રવૃત્તિઓ અવિરત ચાલુ રહે **એ માટે આ દાનની યાત્રામાં સહભાગી થાવ અને આ જ્ઞાન યજ્ઞમાં આપને પણ સમધિ અર્પણ કરવાની ભાવના પ્રગટો, પ્રગટશે જ,**

**પ્રમુખશ્રી**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

**તમારો આર્થિક સહકાર નોંધાવા માટે બેંકની વિગત નીચે મુજબ છે:**

**Shri Mumbai Jain Yuvak Sangh,**
Bank of India,
Prathana Samaj Branch,
Current Acount No. 003920100020260
IFSC-BKID 0000039
PAN AAATM2526P

આપનું દાન 80-G ના નિયમ મુજબ કર માફીને પાત્ર રહેશે.

**પેમેન્ટ બાદ સંઘના મેલ પર વિગત મોકલવાનું ચૂકશો નહી**


To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 – Postal Registration No. MCS/147/2019-21. WPP Licence No. MR / TECH / WPP - 36 / SOUTH / 2019 - 21 & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai – 400 001.



# જો હોય મારો અંતિમ પત્ર તો...

રાધેશ્યામ શર્મા



રાધેશ્યામ શર્મા

25,
Bhulabhai Park,
AMDAVAD,
380 022.

૨૩/૧૦/૧૭

જય જિનેન્દ્ર... જય સચ્ચિદાનંદ...

મારાં મન-વચન-કાયાથી

મનુષ્ય
પ્રાણી
પંખીને
પદાર્થને

કિંચિત માત્ર
દુઃખ –
↓

આજીવન
આમરણ
– ના પહોંચો.....

રાધેશ્યામ શર્મા...

ફેબ્રુઆરી ૨૦૧૮ના અંકના અંતિમ પાનાં પર કવિ-વિવેચક રાધેશ્યામ શર્મા પાસે માંગણી કરીને લીધેલો કાલ્પનિક અંતિમ પત્ર આજે ફરી મૂકતા ખૂબ વેદના અનુભવાય છે. કવિ, વિવેચક રાધેશ્યામ શર્માનું સદેહ આ પૃથ્વી પરથી પ્રયાણ નવમી સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ થયું. ઉત્તમ સર્જક-વિવેચક, વિચારક હવે સ્મૃતિમાં શેષ રહ્યા ત્યારે આપણી પાસે એમના શબ્દો મૂકતા ગયા છે, તે દ્વારા જ એમને પામીએ, આપણી ચેતનામાં જીવંત રાખીએ.

Postal Authority : If Undelivered Return To Sender At : 105, Roopraj Building, 1st Floor, 497, SVP Road, Mumbai - 400 004.

**Printed & Published by :** Dr. Sejal M. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh,
**Printed at** Arihnat Printing Press, Sai Baba Nagar, Behind Trikal Bldg., 310, Back to Bank of Maharashtra, Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075. M. 92234 30415

**Editor : Dr. Sejal M. Shah**

Temporary Add.: 105, Roopraj Building, 1st Floor, 497, SVP Road, Mumbai - 400 004.